غوجاراتي

# અલ્ ઈસ્લામ

## કુરઆન હદીષ પ્રમાણે ઈસ્લામ વિશે ટુંકમાં માહિતી

પ્રોફેસર ડોકટર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અસ્ સહીમ

شركاء التنفيذ:

دار الإسلام　جمعية الربوة　رواد الترجمة　المحتوى الإسلامي

يتاح طباعة هذا الإصدار ونشره بأي وسيلة مع
الالتزام بالإشارة إلى المصدر وعدم التغيير في النص.

Telephone: +966114454900
ceo@rabwah.sa
P.O.BOX: 29465
RIYADH: 11557
www.islamhouse.com

## પ્રસ્તાવના

એક અગત્યની કિતાબ જેમાં ઇસ્લામની ટુકમાં વ્યાખ્યા વર્ણન કરવામાં આવી છે, જેમાં તેના નિયમો અને તેની તાલીમ અને તેની ગુણવત્તાનું વર્ણન કરવામાં આવ્યું છે તે જેમાંની દરેક વાતો તેના મૂળ સ્ત્રોતોમાંથી લેવામાં આવી છે જે કુરઆન કરીમ અને નબી ﷺની હદીષો છે, આ પુસ્તક બધા જવાબદાર લોકોને, મુસ્લિમો અને બિન-મુસ્લિમોને, તેમની પોતાની ભાષાઓમાં, દરેક સમયે અને સ્થળોએ, વિવિધ સંજોગો અને પરિસ્થિતિઓ અનુસાર સંબોધવામાં આવે છે.

(એક એવો સચોટ લેખ જે કુરઆન અને હદીષ દ્વારા લખવામાં આવ્યો છે)

## ૧- ઇસ્લામ દરેક લોકો માટે અલ્લાહનો સંદેશ છે, ઇસ્લામ એ હંમેશા રહેવાવાળો અને અલ્લાહ તરફથી અંતિમ સંદેશ છે.

ઇસ્લામ એ દરેક લોકો માટે અલ્લાહનો સંદેશ છે,અલ્લાહ તઆલા એ કહ્યું : {અને હે પયગંબર ! અમે તમને સમગ્ર લોકો માટે એવા પયગંબર બનાવી મોકલ્યા છે, જે ખુશખબરી પણ સંભળાવે અને સચેત પણ કરે, પરંતુ ઘણા લોકો સમજતા નથી} [સબા : ૨૮]. અને અલ્લાહ તઆલા એ કહ્યું : {હે પયગંબર તમે કહી દો હે લોકો! હું તમારા બધા માટે અલ્લાહ તરફથી મોકલવામાં આવેલ રસૂલ છું} [અલ્ અઅરાફ : ૧૫૮]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {હે લોકો! આ રસૂલ તમારા માટે અલ્લાહ તરફથી સત્ય વાત લઈને આવ્યા છે, હવે તેમના પર ઈમાન લઈ આવો, તમારા માટે શ્રેષ્ઠ તે જ છે, અને જો હજુ પણ તમે ઇન્કારનો માર્ગ અપનાવ્યો તો સારી રીતે સમજી લો કે આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે તે ફક્ત અલ્લાહનું જ છે, અને અલ્લાહ જાણવાવાળો અને હિકમતવાળો છે} [અન્ નિસા :૧૭૦]. ઇસ્લામ હંમેશા રહેવાવાળો અલ્લાહ તરફથી મળેલ દીન છે, તેના પર પયગંબરીનો ખાત્મો થાય છે. અલ્લાહ તઆલા એ કહ્યું : {લોકો તમારા માંથી મુહમ્મદ કોઇના પિતા નથી, પરંતુ તે તો અલ્લાહના રસૂલ અને છેલ્લા પયગંબર છે, અને અલ્લાહ તઆલા દરેક વસ્તુને ખૂબ સારી રીતે જાણે છે} [અલ્ અહઝાબ: ૪૦].

## ૨- ઇસ્લામ કોઈ ખાસ જ્ઞાતિ અથવા કોઈ કોમ માટેનો દીન નથી, પરંતુ સમગ્ર માનવજાતી માટે અલ્લાહનો દીન છે:

ઇસ્લામ કોઈના માટે અથવા કોઈ કોમ માટે ખાસ દીન નથી પરંતુ સમગ્ર માનવજાતિ માટે અલ્લાહનો દીન છે, અને કુરઆનનો પ્રથમ આદેશ પણ આ જ છે, અલ્લાહ તઆલા કહે છે: {હે લોકો! તે પાલનહાર ની ઇબાદત કરો જેણે તમને પેદા કર્યા અને તે લોકો ને પણ પેદા કર્યા જે તમારા થી પેહલા હતા જેથી તમે અલ્લાહ નો તકવો અપનાવો} [અલ્ બકરહ : ૨૧]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {હે લોકો ! તમે તમારા તે પાલનહારથી ડરો, જેણે તમને એક પ્રાણથી પેદા કર્યા, પછી તેના વડે જ તેની જોડ બનાવી, પછી બન્ને દ્વારા (દુનિયામાં) ઘણા પુરુષો અને સ્ત્રીઓ ફેલાવી દીધા} [અન્ નિસા :૧]. ઈબ્ને ઉમર રઝિયલ્લાહુ અન્હુમા રિવાયત કરે છે કે આપ ﷺએ ફત્હે મક્કાના દિવસે ખુત્બો આપ્યો, અને કહ્યું : (હે લોકો ! અલ્લાહ તઆલાએ તમારા પરથી અજ્ઞાનતાના સમયનું અહમ અને ઘમંડ અને ખાનદાની તકબ્બુર દૂર કરી દીધું, હવે બે પ્રકારના લોકો જ રહ્યા, એક અલ્લાહની નજરમાં સદાચારી, પરહેજગાર, પ્રતિષ્ઠિત. બીજો અલ્લાહની નજરમાં વિદ્રોહી, દુરાચારી અને કમજોર. દરેકે દરેક આદમના સંતાન છે અને આદમને અલ્લાહ તઆલાએ માટી વડે પેદા કર્યા, અલ્લાહ તઆલાએ કહ્યું, {હે લોકો ! અમે તમને એક પુરુષ અને એક સ્ત્રી વડે પેદા કર્યા, પછી અમે તમારા જુથ અને ખાનદાન બનાવ્ય, જેથી તમે એક બીજાને ઓળખી શકો, ખરેખર તમારા માંથી અલ્લાહની નઝરમાં સૌથી પ્રતિષ્ઠિત તે છે , જે સૌથી વધારે અલ્લાહથી ડરવાવાળો હોય, નિઃશંક અલ્લાહ તઆલા ખૂબ જ જાણવવાળો અને ખબર રાખનાર છે} [અલ્ હુજુરાત : ૧૩]) આ હદીષને ઈમામ તિર્મિઝીએ રિવાયત કરી છે. (૩૩૭૦). અને તમને કુરઆન મજીદમાં અથવા રસૂલના આદેશોમાં કોઈ એક પણ એવો ખાસ નિયમ જોવા નહીં મળે જે ફક્ત કોઈ

એક કોમ અથવા જૂથ માટે તેમની રાષ્ટ્રિયતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો હોય.

## 3- ઇસ્લામ, પાલનહાર તરફથી આવેલ એક એવો દીન છે, જે આગળના પયગંબરોના આદેશોને પુરા કરવા માટે આવ્યો છે,

ઇસ્લામ, પાલનહાર તરફથી આવેલ એક એવો દીન છે, જે આગળના પયગંબરોના આદેશોને પુરા કરવા માટે આવ્યો છે, અલ્લાહ તઆલા એ કહ્યું : {હે મુહમ્મદ ! અમે તમારી તરફ એવી જ રીતે વહી કરી, જેવી કે નૂહ અને ત્યારપછી આવેલા પયગંબરો તરફ કરી, એવી જ રીતે અમે ઈબ્રાહીમ, ઇસ્માઇલ, ઇસ્હાક, યાકૂબ તેમજ તેમના સંતાનો તરફ તેમજ ઈસા, અય્યૂબ અને યૂનુસ, હારુન અને સુલૈમાન તરફ વહી કરી, અને દાવૂદને અમે ઝબૂર આપ્યું} [અન્ નિસા : ૧૬૩]. અને ઇસ્લામ, જેને અલ્લાહ તઆલા એ આપ ﷺ તરફ વહી કરી એ તેજ દીન છે, જેને અલ્લાહ તઆલાએ પાછળના પયગંબરો માટે શરીઅત (કાનૂન) રૂપે બનાવ્યો, અને તેની વસિયત કરી. અલ્લાહ તઆલા કહ્યું : {તેણે તમારા માટે દીનનો તે જ તરીકો અપનાવ્યો છે, જે તેણે નૂહને આદેશ આપ્યો હતો, અને જે અમે તમારી તરફ વહી કરી છે, તેનો ભારપૂર્વક આદેશ ઈબ્રાહીમ, મૂસા અને ઈસાને આપ્યો હતો, કે દીનને કાયમ રાખજો અને તેમાં વિવાદ ન કરશો, કે જે વસ્તુ તરફ તમે મુશરિકોને બોલાવી રહ્યા છો, તે વાત તેમના માટે ખૂબ જ અઘરી સાબિત થઈ રહી છે, અલ્લાહ જેને ઈચ્છે, પોતાના માટે પસંદ કરી લે છે, અને જે લોકો તેની તરફ પાછા ફરે છે તો અલ્લાહ તેને સત્ય માર્ગ બતાવે છે} [અશ્ શૂરા : ૧૩]. અને ઇસ્લામ દીન એ દીન છે, જેના વિશે અલ્લાહ તઆલાએ આપ ﷺ તરફ વહી કરી, જે પાલનહારની પહેલા ઉતારેલી કિતાબોમાં ફેરફાર થયા પહેલા પુષ્ટિ કરે છે, જેવું કે તૌરાત અને ઇન્જીલ, અલ્લાહ તઆલા એ કહ્યું : {અને હે પયગંબર ! જે કિતાબ અમે તમારી તરફ વહી કરી છે, તે જ સાચી છે અને તે પહેલી કિતાબોની પુષ્ટિ કરે છે, ખરેખર અલ્લાહ તઆલા પોતાના બંદાઓની ખબર રાખનાર અને જોવાવાળો છે} [ફાતિર : ૩૧].

## 4- પયગંબરો તેમના પર સલામતી થાય, તેમની દીન એક જ હતો, અને શરીઅત (કાનૂન) અલગ અલગ હતો:

પયગંબરો તેમના પર સલામતી થાય, તેમની દીન એક જ હતો, અને શરીઅત (કાનૂન) અલગ અલગ હતો, અલ્લાહ તઆલા એ કહ્યું : {અને અમે સત્ય સાથે આ કિતાબ આપ સુધી ઉતારી, જે પહેલાની અવતરિત થયેલ કિતાબોની પુષ્ટિ કરવાવાળી છે, અને તેમની સુરક્ષા કરવાવાળી છે, એટલા માટે તમે તેમની વચ્ચે અલ્લાહએ ઉતારેલી કિતાબ દ્વારા જ નિર્ણય કરો, અને સત્ય છોડી તેમની મનેચ્છાઓ પાછળ ન જશો, તમારા દરેક માટે અમે એક નિયમ અને તરીકો નક્કી કરી દીધો છે, જો અલ્લાહ ઇચ્છતો તો તમને સૌને એક જ ઉમ્મત બનાવી દેત, પરંતુ તેની ઈચ્છા છે કે તમને જે કંઈ આપ્યું છે, તેમાં તમારી અજમાયશ કરે, તમે નેકિયો તરફ ઉતાવળ કરો, તમે સૌ અલ્લાહ તરફ જ પાછા ફરવાનો છો, પછી તે તમને દરેક વસ્તુ જણાવી દેશે, જેમાં તમે વિવાદ કરી રહ્યા છો.} [અલ્ માઈદહ: ૪૮]. અને આપ ﷺએ કહ્યું: (( હું ઈસા બિન મરયમ બાબતે લોકો કરતા દુનિયા અને આખિરતમાં વધારે હક ધરાવું છું, પયગંબરો અલ્લાતિ ભાઈ છે, જેમની માતાઓ (શરીઅતો) જુદી જુદી છે , પરંતુ તેમનો દીન એક જ છે. )) આ હદીષને બુખારીએ રિવાયત કરી (૩૪૪૩).

## ૫- ઇસ્લામ ઈમાન તરફ પોકારે છે, જેના તરફ દરેક પયગંબરોએ લોકોને પોકાર્યા, જેમાં નૂહ, ઈબ્રાહીમ, મૂસા, સુલૈમાન અને દાવુદ .એ. એ કે તમારો પાલનહાર તે જ અલ્લાહ છે, જે પેદા કરનાર, રોજી આપનાર, જીવિત કરનાર, મૃત્યુ આપનાર સમગ્ર સૃષ્ટિનો માલિક, તે જ છે જે કાર્યોની વ્યવસ્થા કરે છે, અને તે ખૂબ જ માયાળુ અને દયાળુ છે.

ઇસ્લામ ઈમાન તરફ પોકારે છે, જેના તરફ દરેક પયગંબરોએ લોકોને પોકાર્યા, જેમાં નૂહ, ઈબ્રાહીમ, મૂસા, સુલૈમાન અને દાવુદ અ.સ.એ. એ કે તમારો રબ તે જ અલ્લાહ છે, જે પેદા કરનાર, રોજી આપનાર, જીવિત કરનાર, મૃત્યુ આપનાર સમગ્ર સૃષ્ટિનો માલિક, તે જ છે જે કાર્યોની વ્યવસ્થા કરે છે, અને તે ખૂબ જ માયાળુ અને દયાળુ છે. અલ્લાહ તઆલા એ કહ્યું : {હે લોકો ! તમારા ઉપર અલ્લાહએ કરેલ નેઅમતોને યાદ કરો, શું અલ્લાહ સિવાય બીજો કોઈ  પેદા કરવાવાળો છે, જે તમને આકાશ અને ધરતી માંથી રોજી આપી શકે? તેના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, પછી તમે  ક્યાં  ધોખો ખાઈ રહ્યા છો} [ ફાતિર:3]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {(હે પયગંબર) તમે તેમને પૂછો ! કે તે કોણ છે, જે તમને આકાશ અને ધરતી માંથી રોજી પહોંચાડે છે? અથવા તે કોણ છે, જે કાન અને આંખો પર સંપૂર્ણ અધિકાર ધરાવે છે? તે કોણ છે, જે મૃતક માંથી જીવતા કરે છે અને જીવતા માંથી મૃતકને કાઢે છે? અને તે કોણ છે, જે દરેક કાર્યની વ્યવસ્થા કરે છે? જરૂર તેઓ કહેશે કે અલ્લાહ ! પછી તેમને કહો કે ડરતા કેમ નથી?} [યૂનુસ: ૩૧]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {તે કોણ છે? જે પેદા કરવાની શરૂઆત કરે છે, પછી ફરી તે કરશે, કોણ છે, જે તમને આકાશ અને ધરતી માંથી રોજી આપે છે? શું અલ્લાહ સાથે બીજો કોઈ ઈલાહ છે? તમે તેમને કહી દો, જો તમે સાચા હોય તો દલીલ આપો} [અન્ નમલ : ૬૪]. દરેક પયગંબરો ને ફક્ત એટલા માટે અવતરિત કરવામાં આવ્યા કે તેઓ લોકોને એક અલ્લાહની ઈબાદત તરફ બોલાવે, અલ્લાહ તઆલા એ કહ્યું : {અમે દરેક કોમમાં

રસૂલ મોકલ્યા, (જે તેમને આદેશ આપતો) કે ફક્ત એક અલ્લાહની ઈબાદત કરો, અને તાગૂતની ઈબાદત કરવાથી બચો, કેટલાક એવા લોકો હતા, જેમને અલ્લાહએ સત્ય માર્ગ બતાવ્યો, અને કેટલાક એવા લોકો હતા, જેમના માટે પથભ્રષ્ટતા સાબિત થઈ ગઈ, તમે જમીનમાં ચાલો અને જુઓ ! જુઠલાવવા વાળાઓનું પરિણામ શુ થયું?} [અન્ નહલ: ૩૬] અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અને તમારા કરતા પહેલા જેટલા રસૂલ પણ અમે મોકલ્યા, તેમની તરફ આ જ વહી કરતા રહ્યા કે મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, એટલા માટે તમે ફક્ત મારી જ બંદગી કરો} [અલ્ અંબિયા : ૨૫]. અલ્લાહ તઆલાએ નૂહ વિશે જણાવતાં કહ્યું કે તેમણે પોતાની કોમને કહ્યું : {હે મારી કોમ ! અલ્લાહની ઈબાદત કરો તેના સિવાય બીજો કોઈ ઈબાદતને લાયક નથી, હું ડરું છું કે તમારા ઉપર એક ભવ્ય દિવસનો અઝાબ આવી જાય.} [અલ્ અઅરાફ: ૫૯]. જેવું કે અલ્લાહ તઆલાએ વર્ણન કર્યું કે અલ્લાહના દોસ્ત ઈબ્રાહીમ એ પોતાની કોમને કહ્યું : {અને ઈબ્રાહીમ જ્યારે  પોતાની કોમને કહ્યું, અલ્લાહની જ ઈબાદત કરો અને તેનાથી જ ડરો, તે તમારા માટે બહેતર છે, જો તમે જાણતા હોવ} [અલ્ અન્કબૂત :૧૬]. અને સાલિહ એ કહ્યું, જેવું કે અલ્લાહ તઆલાએ તેમના વિશે જણાવ્યું : {(સાલિહ) એ પોતાની કોમને કહ્યું, અલ્લાહની ઈબાદત કરો, તેના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તમારી પાસે તમારા પાલનહાર તરફથી મુઅજિઝહ (નિશાની) આવી ગઈ, આ અલ્લાહની ઊંટણી તમારા માટે નિશાની છે, તેને અલ્લાહની જમીનમાં ચરવા દો, અને તેને ખરાબ ઈરાદા સાથે હાથ ન લગાવશો, નહિ તો દુઃખદાયી અઝાબ તમારા પર આવી જશે} [અલ્ અઅરાફ : ૭૩]. અને શુઐબ એ કહ્યું, જેવું કે અલ્લાહ તઆલાએ તેમના વિશે જણાવ્યું -: {હે મારી કોમ ! અલ્લાહની ઈબાદત કરો, તેના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, ખરેખર તમારી પાસે તમારા પાલનહાર તરફથી સ્પષ્ટ નિશાની આવી ગઈ,  એટલા માટે માપ અને તોલ પૂરેપૂરું તોલીને આપો, લોકોને તેમની વસ્તુ ઓછી (તોલીને) ન આપો, અને ઝમીનમાં સુધારો થઈ ગયા પછી તેમાં વિદ્રોહ ન ફેલાવો,

આ વાત જ તમારા માટે ઉત્તમ છે, જો તમે મોમિન હોય} [અલ્ અઅરાફ : ૮૫]. અને સૌ પ્રથમ વાત, જે અલ્લાહ તઆલાએ મૂસા સાથે કરી : પવિત્ર અલ્લાહ એ કહ્યું : {મેં તમને (પયગંબરી) માટે પસંદ કરી લીધા, હવે જે વહી તમારા તરફ કરવામાં આવી રહી છે, તેને ધ્યાનથી સાંભળો} (૧૩) નિઃશંક હું જ અલ્લાહ છું, મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, એટલા માટે તમે ફક્ત મારી જ ઈબાદત કરો અને મારી યાદ માટે નમાઝ કાયમ કર (૧૪)} [તોહા:૧૩-૧૪]. અને અલ્લાહ તઆલાએ મૂસા વિશે ખબર આપતા કહ્યું , જ્યારે  તેઓએ અલ્લાહની પનાહ માંગતા કહ્યું: {હું મારા અને તમારા પાલનહારની પનાહમાં આવું છું , તે દરેક ઘમંડી વ્યક્તિથી, જે હિસાબના દિવસ પર ઈમાન નથી રાખતો} [ગાફિર :૨૭]. અલ્લાહ તઆલાએ મસીહ (ઈસા) વિશે ખબર આપતા કહ્યું કે તેમણે પોતાની કોમને કહ્યું : {નિઃશંક અલ્લાહ તઆલા જ મારો અને તમારો પાલનહાર છે, તો તમે તેની જ ઈબાદત કરો, આજ સત્ય માર્ગ છે} [આલિ ઇમરાન : ૫૧]. અલ્લાહ તઆલાએ મસીહ (ઈસા) અ.સ.ની આ વાત પણ નકલ કરતા કહ્યું કે તેમણે પોતાની કોમને કહ્યું: {હે બની ઇસ્રાઈલ ! તમે ફક્ત અલ્લાહની જ ઇબાદત કરો, જે મારો અને તમારો પાલનહાર છે અને જે કોઈ અલ્લાહની સાથે અન્યને ભાગીદાર ઠહેરાવશે, તેના પર જન્નત હરામ થઈ જશે, તેનું ઠેકાણું જહન્નમ હશે, જાલિમો માટે કોઈ મદદ કરનાર નહિ હોય} [અલ્ માઈદહ: ૭૨]. એવી જ રીતે તૌરાત અને ઇન્જીલમાં પણ એક અલ્લાહની ઈબાદત કરવા પર તાકીદ કરવામાં આવી છે, જેવું કે સફરુત્ તષનિયહ નામની કિતાબમાં મૂસા.એ કહ્યું : (હે ઇસ્રાઈલના લોકો ! સાંભળો ! અલ્લાહ જ આપણો પાલનહાર છે, તે  એક જ પાલનહાર છે.) એવી જ રીતે ઇન્જીલેમુરક્કસ માં તૌહીદ બાબતે તાકીદ કરવામાં આવી જેવું કે મસીહ (ઈસા) એ કહ્યું: (મારી તરફ પ્રથમ વસિયત કરવામાં આવી : સાંભળો ઇસ્રાઈલના લોકો ! અલ્લાહ જ આપણો પાલનહાર છે, તે ફક્ત એક જ પાલનહાર છે . અને અલ્લાહ તઆલાએ સ્પષ્ટ કહી દીધું કે દરેક પયગંબરોને લોકો તરફ ફક્ત તૌહીદના મહત્વ મિશનના માર્ગદર્શન માટે જ મોકલવામાં આવ્યા, જેવું કે

અલ્લાહ તઆલાએ કહ્યું: {અને દરેક કોમમાં એક પયગંબર મોકલ્યા, (જે તેઓને કહેતા હતા કે) અલ્લાહની ઈબાદત કરો અને તાગૂતથી બચો, તે લોકો માંથી કેટલાકને અલ્લાહ તઆલાએ હિદાયત આપી અને કેટલાક લોકો માટે પથભ્રષ્ટતા સાબિત થઈ ગઈ} [અન્ નહલ :૩૬]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {તમે કહી દો! તમે જોયું કે જેને તમે અલ્લાહ ને છોડી ને પોકારો છો, મને પણ દેખાડો કે તેઓએ જમીનના કંઈ વસ્તુ પેદા કરી છે? અથવા શું આકાશોમા તેઓનો કોઈ ભાગ છે? ખરેખર તમે સાચા છો તો આનાથી પહેલાની કોઈ કિતાબ અથવા કોઈ જ્ઞાન જે અવતરણ કરવામાં આવ્યું હોય. મારી પાસે લાવી બતાવો} [અલ્ અહકાફ :૪] શેખ સઅદી રહ.એ કહ્યું : (તબસ જાણીલો, મુશરિકો સાથે તેમના શિર્કના કારણે લડાઈ એટલા માટે છે કે તેઓ પાસે કોઈ દલીલ અથવા પુરાવા અને સાક્ષીઓ ઠોસ નથી, ખરેખર તેઓએ તો ફક્ત પોતાના ખોટા અનુમાનો પર, ખરાબ મશવરા પર, અને મંદબુદ્ધિ પર જ ભરોસો કર્યો, જે તેમની પથભ્રષ્ટતા તરફ માર્ગદર્શન આપે છે અને તેમની પરિસ્થિતિની ઓળખ આપે છે, જે લોકો તેની પોતાના જીવન માં (તેની ઈબાદતને છોડીને) અન્યની બંદગી કરે છે તેઓને તે લોકો દુનિયા અને આખિરતમાં શું ફાયદો પહોંચાડશે? ) તફ્સીરુલ્ કરીમિલ્ મન્નાન : ૭૭૯.

## ૬- અલ્લાહ તઆલા, તે જ સર્જનહાર છે, તે જ ઈબાદતને લાયક છે, અને એ કે તેની સાથે અન્યની બંદગી કરવામાં ન આવે.

તે અલ્લાહ છે જે એકલો ઈબાદત ને લાયક છે, અને તેના સિવાય તેની સાથે કોઈની ઈબાદત ન થાય.અલ્લાહ એ કહ્યું : {હે લોકો ! પોતાના તે પાલનહારની બંદગી કરો, જેણે તમને પણ પેદા કર્યા  અને તમારા પહેલાના લોકોને પણ, (અને તેની ઈબાદત એટલા માટે કરો) કે તમે પરહેજગાર બની શકો.(૨૧) તે અલ્લાહની (ઈબાદત કરો) જેણે તમારા માટે ધરતીને પાથરણું અને આકાશને છત બનાવ્યું અને આકાશમાંથી પાણી વરસાવી તેનાથી ફળ પૈદા કરી તમને રોજી આપી, ખબરદાર ! (આ બધી વાતો) જાણતા હોવા છતાંય અલ્લાહની સાથે બીજાને ભાગીદાર ન બનાવશો. (૨૨)} [અલ્ બકરહ: ૨૧-૨૨]. તે જ છે જેણે આપણને બનાવ્યા, અને આપણી પેઢીઓ પેદા કરી, અને જમીનને આપણા માટે પથારી બનાવી, અને આકાશમાંથી આપણા પર પાણી ઉતાર્યું, અને તેમાંથી આપણા માટે અનાજ તરીકે ફળ આપ્યા;  તે એકલો જ ઈબાદત ને લાયક છે, અને અલ્લાહ એ કહ્યું : {લોકો ! તમારા પર કરવામાં આવેલ ઉપકારને યાદ રાખો, શું અલ્લાહ સિવાય કોઈ સર્જક છે,જે તમને આકાશ અને ધરતી માંથી રોજી આપે ? (યાદ રાખો) તેના સિવાય કોઈ ઇલાહ નથી, તમે ક્યાં ઊંધા જઇ રહ્યા છો.} [ફાતિર: ૩]. બસ તે જ છે જે પેદા કરે છે અને રોઝી આપે છે તો તે એકલો જ ઈબાદત ને લાયક છે, અને અલ્લાહ એ કહ્યું: {આ જ અલ્લાહ તઆલા તમારો પાલનહાર છે, તેના સિવાય કોઇ બંદગીને લાયક નથી, દરેક વસ્તુનું સર્જન કરનાર, તો તમે તેની બંદગી કરો, અને તે દરેક વસ્તુનો કાર્યકર્તા છે.} [અલ્ અન્આમ: ૧૦૨]. અને અલ્લાહ સિવાય દરેક તે વસ્તુ જેની ઇબાદત કરવામાં આવે છે તે ઇબાદત ને લાયક નથી, કારણ કે તે આકાશો અને જમીન પર કણ બરાબર વજન ધરાવતા નથી, ન તો તેઓ અલ્લાહ સાથે  કોઈ પણ વસ્તુમાં ભાગીદાર છે, ન મદદગાર છે, ન ટેકો આપનાર, ફરી આ કેવી રીતે શક્ય છે

કે તેને પણ અલ્લાહ સાથે પોકારવામાં આવે અથવા તો તેને અલ્લાહનો ભાગીદાર બનાવવામાં આવે? અલ્લાહ એ કહ્યું: {(હે નબી! ) કહી દો કે જે લોકોને અલ્લાહ સિવાય તમે ઇલાહ સમજી રહ્યા છો, તેમને પોકારી જોઈ લો, તેમના માંથી કોઇ આકાશો અને ધરતી માંથી એક કણ બરાબર પણ અધિકાર નથી ધરાવતા, ન તો તેમાં તે લોકોનો કોઇ ભાગ છે, ન તો તેમના માંથી કોઇ અલ્લાહની મદદ કરે છે.} [સબા: ૨૨]. તે અલ્લાહ જ છે જે દરેક સર્જન નો સર્જક છે, તે છે જે તેમને અસ્તિત્વમાં લાવ્યો, તેનું સર્જન જ તેના અસ્તિત્વ અને તે જ ઈબાદતને લાયક છે તે વાતનો પુરાવો છે, અલ્લાહ એ કહ્યું: {અલ્લાહની નિશાનીઓ માંથી છે કે તેણે તમારું સર્જન માટી વડે કર્યું, પછી તમે માનવી બનીને ફેલાઇ ગયા છો.(૨૦) અને તેની નિશાનીઓ માંથી છે કે તમારા માંથી જ તમારી પત્નીઓનું સર્જન કર્યું, જેથી તમે તેમના દ્વારા શાંતિ મેળવો, તેણે તમારી વચ્ચે પ્યાર અને સહાનુભૂતિ મૂકી દીધી, ખરેખર ચિંતન કરનારાઓ માટે આમાં ઘણી નિશાનીઓ છે.(૨૧) અને તેની નિશાનીઓ માંથી આકાશો અને ધરતીનું સર્જન અને તમારી ભાષાઓ અને રંગોનો તફાવત (પણ) છે, બુદ્ધિશાળી લોકો માટે આમાં ખરેખર ઘણી નિશાનીઓ છે.(૨૨) અને તેની નિશાનીઓ માંથી તમારી રાત અને દિવસની નિંદ્રા છે અને તેની કૃપા (એટલે કે રોજી)ને શોધવી પણ છે, જે લોકો સાંભળે છે તેમના માટે આમાં ઘણી નિશાનીઓ છે.(૨૩) અને તેની નિશાનીઓ માંથી એક એ (પણ) છે કે તે તમને ડરાવવા અને આશા જગાવવા વીજળીઓ બતાવે છે અને આકાશ માંથી વરસાદ વરસાવે છે અને તેના વડે મૃત ધરતીને જીવિત કરી દે છે, આમાં (પણ) બુદ્ધિશાળી લોકો માટે ઘણી નિશાનીઓ છે.(૨૪) તેની એક નિશાની એ પણ છે કે આકાશ અને ધરતી તેના જ આદેશથી કાયમ છે, પછી એક પોકાર આપી જમીન માંથી બોલાવશે તો તમે સૌ ધરતી માંથી તરત જ નીકળી આવશો.(૨૫) અને ધરતી તથા આકાશની દરેક વસ્તુનો માલિક તે જ છે અને દરેક તેના આદેશનું અનુસરણ કરે છે.(26) ૨૭) તે જ છે, જે પ્રથમ વાર સર્જન કરે છે અને ફરીવાર જીવિત કરશે અને આવું (બીજી

વારનું સર્જન કરવું) તો તેના માટે ખૂબ જ સરળ છે.} [અર્ રૂમ: ૨૦-૨૭]. અને નમરૂદ એ પોતાના પાલનાહરના અસ્તિત્વનો ઇનકાર કર્યો,બસ તેણે ઇબ્રાહિમ અલયહિ સલામ ને કહ્યું,જેની ખબર અલ્લાહ એ આપી : {ઇબ્રાહીમે કહ્યું અલ્લાહ તઆલા સૂર્યને પૂર્વ દિશા માંથી કાઢે છે તું તેને પશ્ચિમ દિશા માંથી કાઢી બતાવ, હવે તો તે ઇન્કારી અચંબામાં પડી ગયો અને અલ્લાહ તઆલા અત્યાચારીઓને માર્ગદર્શન નથી આપતો.} [અલ્ બકરહ: ૨૫૮]. એવી જ રીતે ઇબ્રાહિમે એ પોતાની કોમને જણાવ્યું કે નિઃશંક અલ્લાહ તે છે જે મને માર્ગદર્શન આપે છે, મને ખવડાવે છે, મને પીવડાવે છે, અને જ્યારે હું બીમાર પડુ છું તો તે જ મને સાજો કરે છે,અને તે જ છે જે મને મારે છે અને જીવાડે છે બસ કહ્યું જેવી રીતે અલ્લાહ એ તેના વિષે ખબર આપી: {જેણે મારું સર્જન કર્યું અને તે જ મને માર્ગદર્શન આપે છે.(૭૮) તે જ છે, જે મને ખવડાવે અને પીવડાવે છે.(૭૯) અને જ્યારે હું બિમાર પડું તો તે જ મને તંદુરસ્તી આપે છે.(૮૦) અને તે જ મને મૃત્યુ આપશે અને ફરી જીવિત કરશે.(૮૧)} [અશ્ શુઅરાઅ : ૭૮-૮૧]. અને અલ્લાહ એ મૂસા વિશે ખબર આપી કે મૂસા એ ફિરઓન ને સમજાવતા કહ્યું: બેશક અલ્લાહ તે છે : {જેણે દરેક વસ્તુને તેનું વિશેષ સ્વરૂપ આપ્યું ફરી તેને માર્ગદર્શન આપ્યું} [તોહા: ૫૦]. અને જે કઇ પણ આકાશો અને જમીનમાં છે તે અલ્લાહ એ માનવીના કાબુમાં કરી દીધું અને તેની નેઅમતો એ દરેક વસ્તુઓ ને ઘેરી લીધી ; જેથી અલ્લાહની ઇબાદત કરવામાં આવે અને તેની સાથે કુફ્ર કરવામાં ન આવે, અને અલ્લાહ એ કહ્યું : {શું તમે નથી જોતા કે અલ્લાહ તઆલાએ ધરતી અને આકાશની દરેક વસ્તુને તમારા કામમાં લગાડી છે અને તમને પોતાની જાહેર અને છુપી નેઅમતો પુષ્કળ આપી રાખી છે, કેટલાક લોકો અલ્લાહ વિશે જ્ઞાન વગર અને સત્ય માર્ગદર્શન વગર અને કોઇ સ્પષ્ટ કિતાબ વગર ઝઘડો કરે છે.} [લુકમાન: ૨૦]. અને જે કઇ પણ વસ્તુઓ આકાશો અને જમીનમાં છે તે અલ્લાહ એ માનવીના ઉપયોગ માટે બનાવી છે, નિઃશંક તેણે તેનું સર્જન કર્યું છે અને દરેક વસ્તુને તેની જરૂરત પ્રમાણે તૈયાર કરી છે જેમકે સાંભળવાની શક્તિ, એવી જ

રીતે જોવાની શક્તિ, અને હ્રદય આપ્યું જેથી તે એવું જ્ઞાન મેળવે જે તેને લાભ આપે અને તેને માર્ગદર્શન આપે, અને અલ્લાહ એ કહ્યું : {અલ્લાહ તઆલાએ તમને તમારી માતાના પેટ માંથી (એવી સ્થિતિમાં) કાઢ્યા છે કે તમે કંઈ પણ નહતા જાણતા, તેણે જ તમારા કાન, આંખ અને દિલ બનાવ્યા, જેથી તમે આભાર વ્યક્ત કરો.} [અન્ નહ્લ: ૭૮].

ખરેખર અલ્લાહ તે જ છે જેણે બ્રહ્માંડ નું સર્જન કર્યું છે, અને માનવીઓ નું પણ સર્જન કર્યું અને માનવીઓ માટે તે દરેક વસ્તુ તૈયાર કરી જેનો તે જરૂરિયાતમંદ છે તેના અંગો માથી અને તેની તાકાત માથી, ફરી તેણે તેની ઇબાદત માટે મદદરૂપ થનારી દરેક વસ્તુ તૈયાર કરી આપી, ફરી તેના માટે આકાશો અને જમીનને તેની હેઠળ કરી દીધા.

અને ફરી અલ્લાહ પોતાના સર્જન પર દલીલ આપે છે કે તે એકલો જ સર્વનો પાલનહાર છે અને તે એકલો જ ઈબાદતને લાયક છે, અને અલ્લાહ એ કહ્યું : {તમે તેમને કહી દો કે તે કોણ છે જે તમને આકાશ અને ધરતી માંથી રોજી પહોંચાડે છે? અથવા તે કોણ છે જે કાન અને આંખો બન્ને પર સંપૂર્ણ અધિકાર ધરાવે છે ? અને તે કોણ છે જે નિર્જીવ માંથી સજીવ કાઢે છે અને સજીવ માંથી નિર્જીવ કાઢે છે? અને તે કોણ છે જે દરેક કાર્યની વ્યવસ્થા કરે છે, જરૂર તેઓ એ જ કહેશે કે “અલ્લાહ”. તો તેમને કહો કે તમે તેનાથી ડરતા કેમાં નથી?} [યૂનુસ: ૩૧]. અને અલ્લાહ એ કહ્યું: {તમે તેમને કહી દો ! જૂઓ તો ખરા જેને તમે અલ્લાહના સિવાય પોકારો છો, મને પણ બતાવો કે તેઓએ ધરતીનો કેવો ટુકડો બનાવ્યો છે, અથવા આકાશોમાં તેઓનો કેવો ભાગ છે ? જો તમે સાચા હોય તો આ પહેલાનો કોઇ ગ્રંથ અથવા તે જ્ઞાન જે નકલ કરવામાં આવતુ હોય, મારી પાસે લઇ આવો.} [અલ્ અહ્કોફ: ૪]. અલ્લાહ તઆલા કહે છે: {તેણે જ આકાશોનું સર્જન વગર સ્તંભે કર્યું, (જેવું કે) તમે તેને જોઇ રહ્યા છો અને તેણે ધરતીમાં પર્વતોને જકડી દીધા, જેથી તે તમને હલાવી ન શકે

અને દરેક પ્રકારના સજીવોને ધરતીમાં ફેલાવી દીધા અને અમે આકાશ માંથી પાણી વરસાવી ધરતીમાં દરેક પ્રકારની સુંદર જોડીઓ ઊપજાવી.આ છે અલ્લાહનું સર્જન, હવે તમે મને બતાવો કે અલ્લાહ સિવાય અન્ય મઅબૂદોએ શું સર્જન કર્યું છે? (કઈ જ નહી) પરંતુ આ જાલિમ લોકો સ્પષ્ટ ગુમરાહીમાં પડેલા છે.} [લુકમાન: ૧૦-૧૧]. અને અલ્લાહ એ કહ્યું : {શું આ લોકો કોઇ સર્જન કરનાર વગર જાતે જ પેદા થઇ ગયા છે ? અથવા તો આ પોતે સર્જન કરનારા છે ? (૩૫) {શું આકાશો અને ધરતીને તે લોકોએ પેદા કર્યા છે? સાચી વાત એ છે કે તેઓ (અલ્લાહની કુદરત પર) યકીન જ નથી રાખતા. (૩૬) અથવા શું તેમની પાસે તારા પાલનહારના ખજાના છે? અથવા (તે ખજાનાના) દેખરેખ રાખનાર છે.(૩૭)} [અત્ તૂર: ૩૫-૩૭]. શેખ સઅદી એ કહ્યું : {આ તે લોકોને એક એવી બાબત સાથે પુરાવો આપવામાં આવ્યો છે, જેમાં સાચી વાતનો સ્વીકાર કર્યા વગર તેમના માટે બીજો કોઈ માર્ગ નથી, જો તેઓ સ્વીકાર નહીં કરે તો તેમનું મંદબુદ્ધિ હોવું અથવા દીનના માર્ગ પર ન હોવાનું સાબિત થઈ જશે} તફસીર ઈબ્ને સઅદી :૮૧૬.

## ૭- અલ્લાહ તે દરેક વસ્તુનો સર્જનહાર જે કઇ બ્રહ્માંડમાં છે જેને આપણે જોઈ શકીએ છીએ અથવા જેને નથી જોઇ શકતા અને તેના સિવાય જે કઈ પણ છે તે અલ્લાહનું જ સર્જન છે, અને અલ્લાહ એ આકાશો અને જમીનને છો દિવસમાં પેદા કર્યા.

અલ્લાહ તે દરેક વસ્તુનો સર્જનહાર જે કઇ બ્રહ્માંડમાં છે જેને આપણે જોઈ શકીએ છીએ અથવા જેને નથી જોઇ શકતા અને સર્જક ફક્ત અલ્લાહ જ છે તેના સિવાય જે કઈ પણ છે તે તેનું સર્જન છે, અને અલ્લાહ કહ્યું : {તમે તેમને પૂછો કે આકાશો અને ધરતીનો પાલનહાર કોણ છે ? કહી દો કે “અલ્લાહ”. પછી તેમને કહી દો કે, શું તમે એવા લોકોને પોતાના વ્યવસ્થાપક બનાવી લીધા છે, જે પોતે પોતાના ફાયદા અને નુકસાન પર અધિકાર નથી ધરાવતા? ફરી પૂછો શું આંધળો અને જે જોઇ શકે છે, તે બન્ને સરખા હોઇ શકે છે ? અથવા શું અંધારું અને પ્રકાશ બન્ને સરખા હોઇ શકે છે ? અથવા જેમને અલ્લાહના ભાગીદાર ઠેરવી રહ્યા છે, તેમણે પણ અલ્લાહ જેવું જ બીજું કોઈ સર્જન કર્યું છે ? જે તેમના માટે શંકાસ્પદ થઇ ગઇ હોય? કહી દો કે ફકત અલ્લાહ જ દરેક વસ્તુનો સર્જનહાર છે, તે એકલો છે અને જબરદસ્ત પ્રભાવશાળી છે.} [અર્ રઅદ: ૧૬]. અલ્લાહ તઆલા કહે છે: {અને (અલ્લાહ એ) બીજી ઘણી બધી વસ્તુઓ નું સર્જન કર્યું છે જેની તમને જાણ નથી} [અન્ નહલ: ૮]. અલ્લાહએ આકાશો અને જમીનનું સર્જન છો દિવસમાં કર્યું છે અલ્લાહ એ કહ્યુ: {તે જ છે, જેણે આકાશો અને ધરતીનું સર્જન છ દિવસમાં કર્યું, પછી અર્શ પર બિરાજમાન થઇ ગયો, જે વસ્તુ જમીનમાં દાખલ થાય છે, તેને પણ જાણે છે અને જે નીકળે છે તેને પણ, (એવી જ રીતે) જે વસ્તુ આકાશ માંથી ઉતરે છે, તેને પણ જાણે છે અને જે કઈ પણ તેની તરફ ચઢતું હોય તેને પણ, અને જ્યાં પણ તમે હોય તે તમારી સાથે છે અને જે કંઇ પણ તમે કરી રહ્યા છો (તેને) અલ્લાહ જોઇ રહ્યો છે.} [અલ્ હદીદ: ૪]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {નિ: શંક આકાશો અને ધરતી અને જે કઇ પણ તે બંનેની વચ્ચે છે તેનું સર્જન છો દિવસમાં કર્યું અને અમે સહેજ પણ થાકયા નથી.} [કોફ: ૩૮].

## ૮- અને અલ્લાહ જેનો કોઈ ભાગીદાર નથી, ન તો તેની મિલ્કતમાં ન તો તેના સર્જનમાં ન તો તેની વ્યવસ્થામાં ન તો તેની ઇબાદતમાં.

અને તે અલ્લાહ જે બાદશાહોનો પણ બાદશાહ છે તેનો કોઈ ભાગીદાર નથી, ન તો તેના સર્જનમાં ન તો તેની મિલ્કતમાં ન તો વ્યવસ્થામાં અને અલ્લાહ એ કહ્યું: {તમે તેમને કહી દો ! જૂઓ તો ખરા જેને તમે અલ્લાહના સિવાય પોકારો છો, મને પણ બતાવો કે તેઓએ ધરતીનો કેવો ટુકડો બનાવ્યો છે, અથવા આકાશોમાં તેઓનો કેવો ભાગ છે ? જો તમે સાચા હોય તો આ પહેલાનો કોઇ ગ્રંથ અથવા તે જ્ઞાન જે નકલ કરવામાં આવતુ હોય, મારી પાસે લઇ આવો.} [અલ્ અહકોફ: ૪]. શેખ સઅદી રહ.એ કહ્યું: અર્થાત્  તે લોકોને {કહી દો} જે મૂર્તિ અને પોતાના હાથ વડે બનાવેલ દેવતાઓ ને અલ્લાહના ભાગીદાર ઠેરવે છે, જેઓ ન તો ફાયદો પહોચાડી શકે છે ન તો નુકસાન, જેમના અધિકારમાં ન તો જીવન છે ન તો મૃત્યુ, ન તો તેઓ મૃત્યુ પામ્યા પછી ફરી જીવિત કરી ઉભા કરવાની શક્તિ ધરાવે છે, તેઓના દેવતાઓની લાચારી અને કે તેઓ પૂજ્ય ને લાયક નથી કહ્યું : {મને દેખાડો કે તેઓએ જમીનમાં કઈ સર્જન કર્યું છે અથવા તેઓની આકાશમાં કઈ ભાગીદારી છે?} શું તેઓએ ધરતીમાં કઈ સર્જન કર્યું છે, શું તેઓએ પર્વતોને પેદા કર્યા અથવા નદીઓ છલકાવી દીધી? શું તેઓએ જમીનમાં પ્રાણીઓ ફેલાવી દીધા? અથવા વૃક્ષો ઉગાડયા? અને શું તેઓએ દરેક સર્જનનું સર્જન કરવામાં મદદ કરી છે? બીજાનું સર્જન કરવું તો દૂર તેઓ પોતાના કહેવા પ્રમાણે પોતાની પણ કોઈ વસ્તુમાં તાકાત ધરાવતા નથી. બસ આ એ વાતનો પુરાવો છે કે અલ્લાહ સિવાય જેની પણ ઇબાદત કરવામાં આવે છે તે બાતેલ (અયોગ્ય) છે. ફરી અલ્લાહ એ તેઓની પાસે કથાત્મક કારણ ન હોવાનું વર્ણન કરતાં કહ્યું :{મારી પાસે આનાથી પહેલાની કોઈ કિતાબ હોય તો લઈ આવો} અર્થાત્ તે કિતાબ જે શિર્ક તરફ બોલાવતી હોય, (અથવા રસૂલો તરફથી આવેલું કોઈ જ્ઞાન) જે (શિર્ક) કરવાનો આદેશ આપતો હોય, હા એ બીજી

વાત છે કે તેઓ નબીઓ અને રસૂલો તરફ કોઈ પુરાવો લાવવા માટેની શક્તિ ધરાવતા નથી, પરંતુ અમે યકીન સાથે કહીએ છીએ કે દરેક નબી અને રસૂલે ફક્ત અલ્લાહનુ તૌહીદ(એકેશ્વરવાદ) ની દાવત આપી છે અને તેની સાથે શિર્ક કરવાથી રોક્યા હતા અને આ જ તે સૌથી મોટી વસ્તુ છે જે તેઓના જ્ઞાન માથી નકલ કરવામાં આવી છે તફસીર ઈબ્ને સઅદી :૭૭૯. અને તે અલ્લાહ જે બાદશાહોનો પણ બાદશાહ છે, તેની મિલ્કતમાં તેનો કોઈ ભાગીદાર નથી. અને અલ્લાહ એ કહ્યું: {તમે કહી દો કે હે અલ્લાહ ! હે સમ્રગ સૃષ્ટિના સર્જનહાર ! તું જેને ઇચ્છે સરદારી આપે અને જેની પાસેથી ઇચ્છે તેની પાસેથી સરદારી છીનવી લેં અને તું જેને ઇચ્છે ઇઝઝત આપે અને જેને ઇચ્છે અપમાનિત કરી દેં, તારા જ હાથમાં દરેક ભલાઇ છે, નિંશંક તું દરેક વસ્તુ પર શક્તિ ધરાવે છે.} [આલિ ઇમરાન: ૨૬]. અને અલ્લાહ સ્પષ્ટપણે કહે છે કે કયામતના દિવસે સંપૂર્ણ સામ્રાજ્ય તેનું જ હશે: {જે દિવસે સૌ સપાટ મેદાનમાં હશે, તેમની કોઇ વાત અલ્લાહથી છૂપી નહીં રહે, (પૂછવામાં આવશે) આજે કોની બાદશાહત છે ? (અને પોતે જ કહેશે) એક અલ્લાહની, જે દરેક પર પ્રભુત્વ ધરાવે છે.} [ગાફિર: ૧૬]. અને અલ્લાહ જેનો કોઈ ભાગીદાર નથી, ન તો તેની મિલ્કતમાં ન તો તેના સર્જનમાં ન તો તેની વ્યવસ્થામાં ન તો તેની ઇબાદતમાં અને અલ્લાહ એ કહ્યું: {અને એવું કહી દો કે દરેક પ્રશંસા અલ્લાહ માટે જ છે, જેણે ન તો કોઈને દીકરો બનાવ્યો છે અને ન પોતાના સામ્રાજ્યમાં કોઈને ભાગીદાર ઠેરવે છે અને ન તે અશક્ત છે કે જેથી તેને કોઈની મદદની જરૂર પડે અને તમે તેની ઉચ્ચતાનું વર્ણન ખૂબ જ કરતા રહો.} (અલ્ ઇસ્રા: ૧૧૧). અલ્લાહ તઆલા કહે છે: {તે હસ્તી, જે આકાશો અને ધરતીની બાદશાહતનો માલિક છે, જેણે ન તો કોઈને દિકરો બનાવ્યો, અને ન તો તેની બાદશાહતમાં કોઈ ભાગીદાર છે, તેણે દરેક વસ્તુનું સર્જન કરી એક યોગ્ય સમય નક્કી કરી દીધો છે.} [અલ્ ફુરકાન: ૨]. બસ તે જ માલિક છે અને બધુ તેની જ માલિકી હેઠળ છે, તે સર્જનહાર છે દરેક સર્જન તેનું જ છે અને તેજ કાર્યોની વ્યવસ્થા કરે છે, બસ આ તેની શાન છે કે તેની ઇબાદત કરવામાં આવે અને તેને

છોડી અન્યની ઇબાદત કરવી એ અકલમાં એક ખામીનું કારણ છે, અને શિર્ક એ દુનિયા અને આખિરતની બરબાદીનું કારણ છે. અને અલ્લાહ એ કહ્યું: {યહૂદી લોકો કહે છે કે યહુદી બની જાઓ તો હિદાયત પામશો અને અને ઇસાઇ લોકો કહે છે કે ઈસાઈ બની જાઓ તો હિદાયત પામશો, તમે તેમને કહો, પરંતુ જે વ્યક્તિ ઈબ્રાહીમના દીન પર હશે, તે હિદાયત પામશે, અને ઇબ્રાહીમ ફકત અલ્લાહની જ બંદગી કરવાવાળા હતા અને તેઓ મુશરિક ન હતા.} [અલ બકરહ: ૧૩૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : { દીન બાબતે તેનાથી સારો કોણ હોઈ શકે છે ? જે પોતાને અલ્લાહને સોંપી દે અને સદાચારી હોય, સાથે સાથે એકેશ્વરવાદી ઇબ્રાહીમનું અનુસરણ કરતો હોય અને ઇબ્રાહીમને અલ્લાહ તઆલાએ પોતાના મિત્ર બનાવી લીધા છે.} [અન્ નિસા: ૧૨૫]. અલ્લાહ એ કહ્યું કે જેણે ઈબ્રાહીમ સિવાયના માર્ગનું પાલન કર્યું તેણે પોતાના નફસને વેડફી નાખ્યું, અલ્લાહ એ કહ્યું: {ઇબ્રાહીમના દીનથી તે જ અનિચ્છા દર્શાવશે જે મૂર્ખ હશે, અમે તો (ઈબ્રાહીમ)ને દૂનિયામાં (અમારા કામ માટે) પસંદ કરી લીધા અને આખિરતમાં પણ તેઓ સદાચારી લોકો માંથી છે.} [અલ બકરહ: ૧૩૦].

## ૯- અને અલ્લાહ તઆલા પવિત્ર છે, ન તો તેનો જન્મ થયો અને ન તો તેણે કોઈને  જન્મ આપ્યો છે . અને તેના જેવું કોઈ જ નથી.

અને અલ્લાહ તઆલા પવિત્ર છે, ન તો તેનો જન્મ થયો અને ન તો તેણે કોઈને  જન્મ આપ્યો છે . અને તેના જેવું કોઈ જ નથી. અલ્લાહ તઆલાએ સાચું જ કહ્યું, : હે પયગંબર ! કહી દો, અલ્લાહ એક જ છે. (૧) અલ્લાહ બેનિયાજ છે. (૨) ન તો તેનો જન્મ થયો અને ન તો તેણે કોઈને જન્મ આપ્યો. (૩) તેમાં જેવો બીજો કોઈ નથી. (૪) (અલ્ ઇખ્લાસ: ૧ -૪) અને અલ્લાહ તઆલાએ કહ્યું: (આકાશો અને ઝમીનનો અને તે બન્ને વચ્ચેની દરેક વસ્તુઓનો પાલનહાર, તમે તેની જ બંદગી કરો, અને તેની ઈબાદત કરવામાં ધીરજ રાખો, શું તમે તેના જેવું નામ જાણો છો?) [મરયમ: ૬૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું, {જે આકાશો અને ઝમીનને પેદા કરવાવાળો, જેણે તમારા માટે તમારા માંથી જ જોડ બનાવ્યા, અને જાનવરો માંથી પણ જોડ બનાવ્યા, તે તમને (દુનિયામાં) ફેલાવે છે, તેના જેવી બીજી કોઈ વસ્તુ નથી, અને તે સાંભળવાવાળો અને જોવાવાળો છે.} [અશ્ શૂરા: ૧૧].

## ૧૦- અને અલ્લાહ તઆલા તેની મખ્લુક માંથી કોઈ વસ્તુ અથવા કોઈના શરીરમાં હુલૂલ (અવતાર) નથી લેતો:

અને અલ્લાહ તઆલા તેની મખ્લુક માંથી કોઈ વસ્તુ અથવા કોઈના શરીરમાં હુલૂલ (અવતાર) નથી કરતો અને ન તો તે કોઈ વસ્તુ સાથે ભાગીદાર છે, કારણકે અલ્લાહ તે જ સર્જક છે, તેના સિવાય બધું જ સર્જન છે, અને તે જ બાકી રહેવાવાળો છે, તેના સિવાય દરેક નષ્ટતા તરફ જશે અને નષ્ટ થઈ જશે, તેની જ બાદશાહત છે, અને તે જ માલિક છે, એટલા માટે તેના સર્જન માંથી કોઈ પણ વસ્તુમાં હુલૂલ નથી કરતો, અને ન તો તેના સર્જન માંથી કોઈના શરીરમાં અવતાર લે છે, તેની હસ્તી પવિત્ર છે, અને અલ્લાહ તઆલા પાક, ઉચ્ચ અને દરેક વસ્તુ કરતા સૌથી મોટો છે, જેઓ કહે છે કે અલ્લાહ તઆલા મસીહમાં હુલૂલ કરી ગયો છે, અલ્લાહ તેમની વાતનો ઇન્કાર કરતા કહે છે: {ખરેખર તે લોકો કાફિર બની ગયા, જેમણે કહ્યું કે મસીહ ઈબ્ને મરયમ તે જ અલ્લાહ છે, તમેં તેમને કહી દો, કે જો અલ્લાહ તઆલા મસીહ ઈબ્ને મરયમ, તેમની માતા અને ધરતીના દરેક લોકોને નષ્ટ કરી દે, તો કોણ છે? જે અલ્લાહ પર અધિકાર ધરાવતો હોય? આકાશો અને ધરતી અને તે બન્નેની વચ્ચેની વસ્તુઓ અલ્લાહની જ છે, તે જે ઈચ્છે તે પેદા કરી શકે છે, અલ્લાહ દરેક વસ્તુ પર શક્તિ ધરાવે છે.} [અલ્ માઈદહ: ૧૭] . અને અલ્લાહ તઆલાએ કહ્યું : {પુર્વ અને પશ્ચિમનો માલિક અલ્લાહ જ છે, તમે જે દિશામાં પર હોય ત્યાં અલ્લાહનો ચહેરો છે, ખરેખર અલ્લાહ તઆલા વિશાળ અને જાણવવાળો છે. (૧૧૫) તેઓ કહે છે કે અલ્લાહ તઆલાની સંતાન છે, (નહીં પરંતુ) અલ્લાહ તો પવિત્ર છે, આકાશો અને ધરતીની દરેક વસ્તુ તેની માલિકી હેઠળ છે, અને દરેક તેની અનુસરણ કરનાર છે. (૧૧૬) તે આકાશો અને ધરતીને સૌ પ્રથમ પેદા કરવાવાળો છે, તે જે કાર્યને કરવા ઈચ્છે, કહી દે થઈ જા, તો થઈ જાય છે.(૧૧૭)} [અલ્ બકરહ : ૧૧૫-૧૧૭] . અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અને

કેટલાક કહે છે રહમાનની પણ સંતાન છે. (૮૮) આ તો અત્યંત ખરાબ વાત તમે ઘઢી કાઢી છે. (૮૯) શકય છે જેના કારણે આકાશો ફાટી જાય અને ઝમીન ફાટી જાય અને પર્વતો ચૂર ચૂર થઈ જાય (૯૦) કે તેઓ રહમાનની સંતાન સાબિત કરે છે. (૯૧) રહમાનની શાન એવી નથી કે તેને સતાંનની જરૂર પડે (૯૨). આકાશો અને ધરતીમાં જે કંઈ પણ છે બધા જ તેના ગુલામ બનીને આવવાના છે. રહમાને દરેક વસ્તુને ઘેરાવમાં કરી રાખી છે અને દરેકની સંપૂર્ણ ગણતરી કરી લીધી છે.(૯૪) તે બધા એકલા તેની સામે  કયામતના દિવસે હાજર થશે. (૯૫)} [મરયમ: ૮૮-૯૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી, તે હંમેશાથી જીવિત છે, અને સૃષ્ટિની દરેક વસ્તુને કાયમ રાખવવાળો છે, ન તો તેને ઊંઘ આવે છે અને ન તો નિંદ્રા, આકાશો અને ધરતીમાં.જે કંઈ પણ છે,બધું જ તેનું છે, કોણ છે, જે તેની પરવાનગી વગર તેની સામે શિફારીશ  (ભલામણ) કરી શકે? જે કંઈ લોકોની સામે છે , તે તેને પણ જાણે છે અને જે તેમનાથી અદ્રશ્ય છે, તે તેને પણ જાણે છે, આ લોકો અલ્લાહના ઇલ્મ માંથી કંઇ પણ વસ્તુનો ઘેરાવ નથી કરી શકતા, પરંતુ તેની જેટલી ઈચ્છા હોય. તેની ખુરશીની ચોડાઈએ આકાશો અને ધરતીને ઘેરાવમાં લઈ રાખ્યા છે, અને અલ્લાહ તઆલા તેની હિફાજત કરવાથી ન તો થાકે છે અને ન તો કંટાણે છે, તે તો ખૂબ જ મોટો  અને મહાન છે. [અલ્ બકરહ: ૨૫૫]. તો આ શાન છે તે પાલહારની અને આ સ્થિતિ છે, સર્જનીઓની, પછી કઈ રીતે તે કોઈનામાં હુલૂલ કરી શકશે, અથવા તે પોતાના માટે સંતાન બનાવશે, અથવા પોતાની સાથે બીજો કોઈ ઈલાહ બનાવશે?

## ૧૧- અલ્લાહ તઆલા પોતાના બંદાઓ માટે ખૂબ જ માયાળુ અને દયાળુ છે, એટલા માટે જ તેણે પયગંબરો મોકલ્યા અને કિતાબો ઉતારી.

અલ્લાહ તઆલા પોતાના બંદાઓ માટે ખૂબ જ માયાળુ અને દયાળુ છે, કે તેણે પયગંબરો મોકલ્યા અને કિતાબો ઉતારી; જેથી કરીને લોકોને કૂફર અને શિર્કના અંધારા માંથી તૌહીદના નૂર અને સાચા માર્ગદર્શન તરફ ધ્યાન દોરે. અલ્લાહ તઆલાએ કહ્યું : {તે (અલ્લાહ) જ છે, જે પોતાના બંદાઓ માટે સ્પષ્ટ આયતો ઉતારે છે, જેથી તે તમને અંધકારના માર્ગેથી કાઢી પ્રકાશના માર્ગે લઈ જાય, અને અલ્લાહ તમારા પર નરમી કરવાવાળો અને દયા કરવાવાળો છે.} [અલ્ હદીદ: ૯]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {અમે તમને સમગ્ર સૃષ્ટિના લોકો માટે રહેમત બનાવી મોકલ્યા છે} [અલ્ અમ્બિયા : ૧૦૭]. અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરોને આદેશ આપ્યો કે તમે બંદોએને જાણ કરી દો કે ખરેખર અલ્લાહ તઆલા માફ કરવાવાળો અને રહેમ કરવાવાળો છે. અલ્લાહ તઆલાએ કહ્યું : {હે નબી ! મારા બંદાઓને (જણાવી દો) કે હું માફ કરવાવાળો અને રહેમ કરવાવાળો છું.} [અલ્ હિજર: ૪૯] . તેની નરમી અને રહેમતનું ઉદાહરણ એ કે તે જ નુકસાન અને તકલીફને દૂર કરે છે અને પોતાના બંદાઓ પર ભલાઈ ઉતારે છે, અલ્લાહ તઆલાએ કહ્યું : {અને જો અલ્લાહ તમને કોઈ તકલીફ પહોંચાડે તો તેમના સિવાય કોઈ તે તકલીફને દૂર નથી કરી શકતું, અને જો તે તમને કોઈ ભલાઈ પહોંચાડે તો તેની ભલાઈને કોઈ હટાવી નથી શકતું, તે પોતાનો રહેમત જે બંદા માટે ઈચ્છે, તેને આપે છે, અને તે જ માફ કરનાર અને રહેમ કરનાર છે.} [યૂનુસ: ૧૦૭] .

## ૧૨- અલ્લાહ જ પાલનહાર અને દયાળુ છે, તે એકલો જ કયામતના દિવસે દરેક લોકોનો હિસાબ લેશે, જ્યારે લોકોને તેમની કબરો માંથી ઉઠવવામાં આવશે, અને દરેક લોકોને તેમણે કરેલા નેકીના કાર્યોનો બદલો આપશે, અને ખરાબ કાર્યો પર સજા આપશે, બસ ! જે વ્યક્તિએ મોમિનની સ્થિતિમાં નેકીઓ કરી હશે , તેના માટે હંમેશા બાકી રહેવાવાળી નેઅમત એટલે કે જન્નત હશે, અને જેણે કુફ્ર કર્યો અને ખરાબ કાર્યો કર્યા હશે તો તેના માટે આખિરતમાં ભવ્ય અઝાબ હશે.

અલ્લાહ જ પાલનહાર અને દયાળુ છે, તે એકલો જ કયામતના દિવસે દરેક લોકોનો હિસાબ લેશે, જ્યારે લોકોને તેમની કબરો માંથી ઉઠવવામાં આવશે, અને દરેક લોકોને તેમણે કરેલા નેકીના કાર્યોનો બદલો આપશે, અને ખરાબ કાર્યો પર સજા આપશે, બસ ! જે વ્યક્તિએ મોમિનની સ્થિતિમાં નેકીઓ કરી હશે , તેના માટે હંમેશા બાકી રહેવાવાળી નેઅમત એટલે કે જન્નત હશે, અને જેણે કૂફ્ર કર્યો અને ખરાબ કાર્યો કર્યા હશે તો તેના માટે આખિરતમાં ભવ્ય અઝાબ હશે. પોતાના સર્જનીઓ માટે સંપૂર્ણ ન્યાયી હોવા, તેની ઝબરદસ્ત હિકમત અને રહેમની નિશાની છે, કે તેણે આ દુનિયાને દારુલ્ અમલ (અર્થાત અમલ કરવાની જગ્યા) અને આખિરતને બદલો, સવાબ અને હિસાબની જગ્યા બનાવી, એટલા માટે કે નેક કામ કરનારને પોતાની નેકિઓનો બદલો મળી જાય અને ખરાબ કાર્યો કરનાર, અત્યાચાર કરનાર અને વિદ્રોહ કરનારને તેના ખરાબ કાર્યો, અને ઝુલ્મ તેમજ વિદ્રોહની સજા મળી જાય, અને આ વાત કેટલાક લોકો માનતા નથી, જ્યારે કે અલ્લાહ તઆલાએ કેટલીય દલીલોથી સાબિત કર્યું છે કે મૃત્યુ પછીનું જીવન સાચે જ છે, તેમાં કોઈ શંકા જ નથી. અલ્લાહ તઆલાએ કહ્યું : { તે (અલ્લાહ)ની નિશાનીઓ માંથી એ પણ છે કે તું ધરતીને જુએ છે, કે તે નિર્જન છે, પછી અમે તેના પર પાણી વરસાવીએ છીએ, તો તે હરકતમાં આવી જાય છે અને ઉભરવા લાગે છે, નિ:શંક જે (અલ્લાહ)એ તે

ઝમીનને જીવિત કરી છે એવી જ રીતે તે મૃતકોને પણ જીવિત કરશે, ખરેખર અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર શક્તિ ધરાવે છે.} [ ફુસ્સિલત :૩૯]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {લોકો ! જો તમને તમારા મૃત્યુ પામ્યા પછી ફરીવાર જીવિત થવામાં કોઈ શંકા હોય તો (તમે જાણી લો) કે અમે તમને માટી વડે પેદા કર્યા છે, પછી (વીર્ય)ના એક ટીપાથી, પછી જામી ગયેલા લોહીથી, અને ફરી આકાર આપેલા માંસના ટુકડા વડે, અથવા જેનો કોઈ આકાર ન હતો, જેથી અમે તમારા પર પોતાની કુદરત સ્પષ્ટ કરી દઇએ, પછી અમે જેને ઇચ્છીએ એક ચોક્કસ સમય સુધી માતાના પેટમાં રાખીએ છીએ, પછી અમે તમને બાળકનો (આકાર આપી) પેદા કરીએ છીએ, (તમારી પરવરીશ પછી) અમે તમને યુવાન બનાવી દઈએ છીએ, પછી તમારા માંથી કેટલાકના પ્રાણ લઈ લઈએ છીએ અને કેટલાકને અત્યંત વૃદ્ધા વસ્થાની સ્થિતિ સુધી પહોંચાડીએ છીએ, જેથી તે સૌની જાણ હોવા છતાંય, કઈ પણ જાણી ન શકે, તમે જુઓ છો કે ઝમીન નિર્જન હોય છે, તેના પર અમે પાણી વરસાવીએ છીએ, તો તે હરકતમાં આવી જાય છે અને ઉભરવા લાગે છે, અને દરેક પ્રકાર ની વસ્તુઓ ઉપજાવવા લાગે છે.} [અલ્ હજ: ૫]. અ આયતમાં મૃત્યુ પછીના જીવન વિશે ત્રણ સચોટ નિશાનીઓ બતાવી છે અને તે આ છે:

૧. ખરેખર માનવીને અલ્લાહ તઆલાએ પ્રથમ વખત માટી વડે પેદા કર્યો અને જેણે તેને માટી વડે પેદા કર્યા હોય તો તે તેને માટી થઈ ગયા પછી ફરીવાર જીવિત કરી શકે છે.

૨. એ કે તેણે માનવીને એક ટીપાં વડે તેને પેદા કર્યો , તો તેના મૃત્યુ પામ્યા પછી જરૂર ફરીવાર જીવિત કરી શકે છે.

૩. એ કે જે રીતે નિર્જન ઝમીનને તેના પર પાણી વરસાવી જીવિત કરી શકે છે, તો એ જ રીતે લોકોના મૃત્યુ પામ્યા પછી તે ફરીવાર જીવિત કરી શકે છે, આ આયત કુરઆનના મહાન હોવાની સ્પષ્ટ દલીલ છે કે કે કઈ રીતે આ આયતમાં ભેગી

કરી સમજાવ્યું, અને વધારે લાંબી પણ નહીં, ત્રણ સમજી શકાય તેવા સરળ પુરાવા એક અગત્યના મસ્અલા માટે વર્ણન કરી.

અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અને જ્યારે આકાશને ગોળ પીલ્લા માફક વાળી દઈશું, જે રીતે અમે તમારા સર્જનની શરૂઆત કરી હતી, એવી જ રીતે તેને ફરીવાર કરીશું, અમારા તરફથી એક વચન છે અમે તેને કરીને જ રહીશું} [અલ્ અમ્બિયા: ૧૦૪] . અને અલ્લાહ તઆલાએ કહ્યું : {તેણે આપણા માટે એક ઉદાહરણ આપ્યું છે, તે પોતાની પેદાશને ભૂલી ગયો, કહેવા લાગ્યો કે આ સડેલા હાડકાઓને કોણ ભેગા કરશે? (૭૮) તમે કહી દો, તે જ પેદા કરશે, જેણે પહેલી વાર પેદા કર્યા છે, અને તે દરેક રીતે પેદા કરવાનું જાણે છે.} [યાસીન: ૭૮]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {શું તમને પેદા કરવા અઘરું કામ છે કે આકાશનું? જેણે તેને પેદા કર્યું.(૨૭) તેને બુલંદ કર્યું અને વ્યવસ્થિત કર્યું (૨૮) અને તેની રાતમાં અંધારું નાખ્યું અને દિવસમાં તડકો કાઢ્યો (૨૯) ત્યાર પછી ઝમીનને પાથરી દીધી, (૩૦) જેનાથી તેનું પાણી અને તેનો ચારો નીકળ્યો (૩૧) અને પર્વતોને (મજબૂત) ઠોસી દીધા. (૩૨)} [અન્ નાઝિઆત: ૨૭-૩૨]. સાચી વાત છે કે આકાશ,ઝમીન અને તે બન્ને વચ્ચેની વસ્તુઓ કરતા માનવીનું સર્જન વધારે અઘરું કામ નથી, જો તે આકાશો અને ઝમીનનું સર્જન કરી શકે છે તો પછી માનવીનું બીજી વાર સર્જન કરવા માટે મજબૂર નથી.

## ૧૩- પવિત્ર અલ્લાહ તઆલાએ આદમ ને માટી વડે પેદા કર્યા, તેમના પછી તેમના સંતાનને પેદા કર્યા, દરેકે દરેક લોકોનું મૂળ એક જ છે, કોઈ પણ ખાનદાન અથવા કોમને બીજા ખાનદાન અથવા કોમને કંઈ પણ પ્રકારની પ્રતિષ્ઠિતા નથી, જો પ્રતિષ્ઠતા હોઈ શકે છે તો ફક્ત તકવા (પરહેજગારી) ના આધારે.

પવિત્ર અલ્લાહ તઆલાએ આદમ અ.સ.ને માટી વડે પેદા કર્યા, તેમના પછી તેમના સંતાનને પેદા કર્યા, દરેકે દરેક લોકોનું મૂળ એક જ છે, કોઈ પણ ખાનદાન અથવા કોમને બીજા ખાનદાન અથવા કોમને કંઈ પણ પ્રકારની પ્રતિષ્ઠિતા નથી, જો પ્રતિષ્ઠતા હોઈ શકે છે તો ફક્ત તકવા (પરહેજગારી) ના આધારે, અલ્લાહ તઆલા કહે છે: {હે લોકો ! અમે તમને એક પુરુષ અને સ્ત્રી વડે પેદા કર્યા છે, પછી અમે ખાનદાન અને કબીલા બનાવ્યા, જેથી તમે એક બીજાને ઓળખી શકો, ખરેખર અલ્લાહ પાસે તે વધુ પ્રતિષ્ઠિત છે, જે તમારામાં સૌથી વધુ અલ્લાહથી ડરવાવાળો હશે, ખરેખર અલ્લાહ તઆલા જાણવાવાળો અને ખબર રાખવાવાળો છે.} [અલ્ હુજુરાત: ૧૩] . અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અલ્લાહ તઆલાએ તમને માટીથી ફરી ટીપાં વડે પેદા કર્યા, પછી તમારા (પુરુષ અને સ્ત્રી)ના જોડ બનાવી દીધા, સ્ત્રીઓનું ગર્ભવતી થવું અને બાળક ને જન્મ આપવો બધું જ તેના ઇલ્મ મુજબ જ થાય છે, અને જેને ઉંમરમાં વધારો આપવામાં આવ્યો અથવા તેની કોઈની ઉંમરમાં ઘટાડો આ બધી જ વસ્તુ કિતાબમાં લખેલું છે, નિઃશંક અલ્લાહ માટે તો ખૂબ જ સરળ કાર્ય છે.} [ફાતિર: ૧૧]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : તે તો છે, જેણે તમને માટીથી પછી ટીપાં વડે પછી જામેલા (લોહીના ભાગથી) તમારું સર્જન કર્યું, પછી તમને બાળકની શકલ આપી (પોતાની માતાના પેટ માંથી બહાર) કાઢે છે, પછી તમને વધારે છે, જેથી તમે પોતાની સંપૂર્ણ શક્તિ સુધી પહોંચી જાવ, પછી તમારા માંથી કેટલાકને પહેલા જ મોત આપી દેવામાં આવે છે, જે તમારા માટે નક્કી

કરવામાં આવી છે, (આ બધું એટલા માટે કે) તમે બુદ્ધિનો ઉપયોગ કરો.} [ગાફિર: ૬૭]. અને અલ્લાહ તઆલાએ સ્પષ્ટ કહી દીધું કે મસીહની પેદાઈશ મારા આદેશ પ્રમાણે જ થઈ હતી જેવી રીતે કે આદમની પેદાઈશ માટી વડે મારા આદેશ પ્રમાણે થઈ હતી, અલ્લાહ તઆલા કહે છે : {નિઃશંક અલ્લાહ પાસે ઈસાનું ઉદાહરણ આદમ જેવું જ છે, જેમને માટી વડે પેદા કર્યા, પછી કહ્યું કે થઈ જા તો તે થઇ ગઈ.} [આલિ ઇમરાન: ૫૯]. મેં ઉપર ફકરા નંબર (૨) માં ઉલ્લેખ કર્યો કે આપ ﷺએ સ્પષ્ટ કર્યું કે દરેક લોકો સમાન છે, કોઈ વ્યક્તિને બીજી વ્યક્તિ પર કોઈ પ્રાથમિકતા નથી, પરંતુ તકવાના આધાર પર.

## ૧૪- દરેક બાળક ફિતરત પર જન્મે છે.

દરેક બાળક ફિતરત પર જન્મે છે, અલ્લાહ તઆલા કહે છે : {બસ ! તમે ધ્યાન કેન્દ્રિત કરી પોતાનો ચહેરો દીન તરફ કરી દો, આ તે જ અલ્લાહ તરફથી ફિતરત છે, જેના પર તેણે લોકોને પેદા કર્યા, અલ્લાહની પેદાઈશમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી, આ જ સીધો દીન છે, પરંતુ ઘણા લોકો જાણતા નથી.} (અર્ રુમ: 30) હનીફ : ઈબ્રાહીમ ખલીલ ના માર્ગે અલ્લાહ તઆલાએ કહ્યું : {પછી અમે તમારા તરફ વહી કરી કે તમે ઈબ્રાહીમ હનીફના તરીકાનું અનુસરણ કરો, (કારણકે) તેઓ મુશરિક લોકો માંથી ન હતા.} [અન્ નહલ: ૧૨૩] . અને અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું : ((જે બાળકનો પણ જન્મ થાય છે તેનો જન્મ ફિતરત પર જ થાય છે, તેના પિતા તેને યહૂદી બનાવી દે છે, અથવા નસરાની અથવા મજૂસી બનાવી દે છે, જેવી રીતે કે દરેક જાનવરના બચ્ચા યોગ્ય રીતે જન્મે છે, શું તમે કોઈ જાનવરના બચ્ચાને જન્મ વખતે કાન કાપેલું જોયું છે? )) પછી અબૂ હુરૈરહ રઝી.એ આ આયત પઢી: {આ ફિતરત તે અલ્લાહ તરફથી જ છે, જેના પર તેણે લોકોને પેદા કર્યા, અલ્લાહની પેદાઈશમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી, આ જ સીધો દીન છે, પરંતુ ઘણા લોકો જાણતા નથી.} [અર્ રુમ: 30]. સહીહ બુખારી ૪૪૭૫, અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : ((ખબરદાર ! નિઃશંક મારા પાલનહારે મને જે કંઈ પણ આદેશ આપ્યો છે, તેણે મને તે શીખવાડ્યું જે તમે આજે નથી જાણતા, હું તમને તે વાતો શીખવાડું,તે એ કે (અલ્લાહ કહે છે) મારા બંદાને જે કંઈ પણ માલ શરીઅત પ્રમાણે આપવામાં આવ્યો છે, તે હલાલ છે, અને મેં મારા બંદાઓને ઇસ્લામ દીન અને સત્યમાર્ગ પર પેદા કર્યા, પરંતુ શૈતાન મારા બંદાઓ પાસે આવી મારા બંદાઓને તેમના દીનથી પથભ્રષ્ટ કરી દીધા, અને જે મેં કઈ હલાલ કર્યું હતું, તે બધું શૈતાને તેમને હરામ કરી બતાવ્યું, અને તેમને આદેશ આપ્યો કે કે તેઓ મારી સાથે શિર્ક કરે, જેના વિશે મેં કોઈ પુરાવા ઉતાર્યા જ નથી આપ્યા.)) આ હદીષને ઈમામ મુસ્લિમે રિવાયત કરી. ૨૮૬૫.

## ૧૫- કોઈ પણ વ્યક્તિ ગુનેગાર બની પેદા નથી થતો અને ન તો કોઈ વ્યક્તિ બીજાના ગુનાહનો વારસદાર (જવાબદાર) હોય છે.

કોઈ પણ વ્યક્તિ ગુનેગાર બની પેદા નથી થતો અને ન તો કોઈ વ્યક્તિ બીજાના ગુનાહનો વારસદાર (જવાબદાર) હોય છે. અલ્લાહ તઆલાએ અમને જણાવ્યું કે જ્યારે આદમ દ્વારા અમારા આદેશો વિરુદ્ધ કાર્ય થયું, અને તેમણે તેમજ તેમની પત્ની હવ્વાએ તે વૃક્ષને ખાઈ લીધું, જેનાથી તેઓને રોકવામાં આવ્યા હતા, તો તેઓએ ખૂબ જ અફસોસ કર્યો, અને તૌબા કરી, અને અલ્લાહ પાસે મગ્ફિરત માંગવા લાગ્યા, તો અલ્લાહ તઆલાએ તેમની તરફ પવિત્ર શબ્દો દ્વારા વહી કરી, પછી તે બન્ને એ તે શબ્દો દ્વારા અલ્લાહ પાસે માફી માંગી તો અલ્લાહ તઆલાએ કહ્યું : {અમે આદમને કહ્યું, હે આદમ ! તમે અને તમારી પત્નિ જન્નતમાં રહો, અને જ્યાંથી ઇચ્છો છુટથી ખાઓ પીવો, પરંતુ તે વૃક્ષની નજીક પણ ન જશો, નહીંતો અત્યાચારી બની જશો. (૩૫) છેવટે શૈતાને તેઓને તે વૃક્ષની લાલસા આપી તે બન્નેને ફુસલાવી દીધા, તે બન્ને જે સ્થિતિમાં હતા, ત્યાંથી કઢાવીને જ રહ્યો, ત્યારે અમે કહીં દીધું કે ઉતરી જાઓ ! તમે એક બીજાના શત્રુ છો અને હવે એક નક્કી કરેલ સમય (મોત અથવા કયામત) સુધી ધરતી ઉપર રોકાણ કરો અને ફાયદો ઉઠાવો (૩૬) પછી આદમે પોતાના પાલનહાર પાસેથી કેટલાક શબ્દો શીખી, તૌબા કરી, તો અલ્લાહ તઆલાએ તેઓની તૌબા કબુલ કરી, નિઃશંક તે જ તૌબા કબુલ કરનાર અને અત્યંત દયાળુ છે.(૩૭). અમે કહ્યું તમે સૌ અહીંયાથી જતા રહો, જો મારા તરફથી જે કઈ માર્ગદર્શન તમારી પાસે પહોંચે, અને જે લોકો મારા માર્ગદર્શનનું અનુસરણ કરશે, તો તેમને ન તો કોઈ ભય હશે અને ન તો તેમને કોઈ ગમ હશે.(૩૮)} [અલ્ બકરહ : ૩૫-૩૮]. અને જ્યારે આદમની તૌબા અલ્લાહ તઆલાએ કબૂલ કરી, તો તેમના પર તે ગુનોહ રહ્યો જ નહીં, અને ન તો તેમની સંતાન તે ગુનાહના ભારની વારસદાર બની, તે ગુનો તૌબા કરવાના કારણે ખત્મ

થઈ ગયો, અને ખરેખર વાત એ છે કે કોઈ પણ વ્યક્તિ બીજા વ્યક્તિનો ભાર નથી ઉઠાવતો. અલ્લાહ તઆલાએ કહ્યું : {અને જે વ્યક્તિ કોઇ પણ ખરાબ કાર્ય કરશે તો તેનો ભાર તેના પર જ હશે, અને કોઇ બીજાનો ભાર નહીં ઉઠાવે, પછી તમારે સૌએ પોતાના પાલનહાર પાસે પરત ફરવાનું છે, પછી જે જે વસ્તુનો તમે વિરોધ કરતા હતા તે બધું જ તમને જણાવી દેશે.} [અલ્ અનઆમ: ૧૬૪]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {જે વ્યક્તિ સત્યમાર્ગ પામી લેશે તો તે પોતાના માટે સત્યમાર્ગ અપનાવશે અને જે પથભ્રષ્ટ થઈ જશે, તો પથભ્રષ્ટતાનો વબાલ તેના શિરે જ ગણવામાં આવશે, કોઈ પણ વ્યક્તિ બીજા વ્યક્તિનો ભાર નહિ ઉઠાવે, અને જ્યાં સુધી અમે રસૂલોને નથી મોકલતા ત્યાં સુધી અમે અઝાબ મોકલતા નથી} [અલ્ ઇસ્રા : ૧૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {કોઈ પણ વ્યક્તિ બીજા વ્યક્તિનો ભાર નહિ ઉઠાવે, જો કોઈ પોતાનો ભાર ઉઠાવવા બીજા વ્યક્તિને બોલાવશે તો તે વ્યક્તિ કંઈ પણ નહીં ઉઠાવી શકે, ભલેને તેનો સંબંધી કેમ ન હોય? નિઃશંક તમે તો ફક્ત તે લોકોને સચેત જ કરી શકો છો જેઓ પોતાના પાલનહારથી વિણદેખે ડરે છે અને જેઓ નમાઝ કાયમ કરે છે અને જે પાક થશે તે પોતાના ફાયદા માટે પાક થશે. અને અલ્લાહ તરફ જ પાછા ફરવાનું છે.} [ફાતિર:૧૮].

## ૧૬- ઇન્સાનને પેદા કરવાનો હેતુ ફક્ત એક અલ્લાહની ઈબાદત કરવી છે:

ઇન્સાનને પેદા કરવાનો હેતુ ફક્ત એક અલ્લાહની ઈબાદત કરવી છે: અલ્લાહ તઆલાએ કહ્યું : {મેં ઇન્સાનોને અને જિન્નાતોને ફક્ત મારી બંદગી માટે જ પેદા કર્યા છે.} [અઝ્ ઝારિયાત: ૫૬].

## ૧૭- ઇસ્લામે દરેક વ્યક્તિને -ભલેને તે પુરુષ હોય કે સ્ત્રી- ઇઝ્ઝત આપી છે, તેમના દરેક અધિકારોની જવાબદારી આપી છે, અને તેને પોતાને જ દરેક અધિકારો બાબતે તેના કાર્યો બાબતે, તેની વ્યવસ્થા બાબતે જવાબદાર બનાવ્યો છે, તે દરેક કાર્યની જવાબદારી તેને સોંપવામાં આવી છે, જેના કારણે તેને પોતાને નુકસાન પહોંચે અથવા કોઈ બીજાને નુકસાન પહોંચતું હોય.

ઇસ્લામ દીનને દરેક ઇન્સાન અર્થાત્ દરેક પુરુષ અને સ્ત્રીની ઇઝ્ઝત આપી છે, અલ્લાહ તઆલાએ માનવીને પેદા કર્યા જેથી તે ઝમીન પર ખલીફા (નાયબ)બની શકે, અલ્લાહ તઆલાએ કહ્યું : {અને જયારે તમારા પાલનહારે ફરિશ્તાઓને કહ્યું કે હું ધરતી પર એક નાયબ બનાવવાનો છું. } [અલ્ બકરહ: 30]. અને આ ઇઝ્ઝત અને સન્માન દરેક માનવીઓ માટે છે, અલ્લાહ તઆલા કહે છે : {નિઃશંક અમે આદમની સંતાનને ખૂબ જ ઇઝ્ઝત આપી અને તેને ઝમીન તેમજ સમુન્દ્રની સવારીઓ આપી, અને અમે તેમને પવિત્ર રોજી આપી અને અમે તેઓને ઘણા સર્જનીઓ પર પ્રાથમિકતા આપી, } [અલ્ ઇસ્રા : ૭૦]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અને અલ્લાહ તઆલાએ માનવીઓને શ્રેષ્ઠ સ્થિતિમાં પેદા કર્યા.} [અત્ તીન : ૪]. અલ્લાહ તઆલાએ માનવીને એ વાત થી રોક્યો છે કે તે અલ્લાહને છોડીને કોઈ જુઠા ઇલાહ અથવા આગેવાનનો આજ્ઞાકરી બની અપમાનિત થાય, અલ્લાહ તઆલાએ કહ્યું : { (આ નિશાનીઓ જોઈ લીધા પછી પણ) કેટલાક લોકો એવા પણ છે, જેઓ અલ્લાહના ભાગીદાર ઠેરાવીને તેઓથી એવી મુહબ્બત કરે છે જેવી મુહબ્બત અલ્લાહથી હોવી જોઇએ, અને ઇમાનવાળાઓ સૌથી વધારે અલ્લાહથી જ મુહબ્બત કરે છે, કદાચ જાલિમો જ્યારે અલ્લાહનો અઝાબ જોઇ લેશે તો (જાણી લેશે) કે દરેક પ્રકારની તાકાત અલ્લાહ પાસે જ છે, અને અલ્લાહ સખત અઝાબ આપનાર છે. જે સમયે ભાગીદારો પોતાના અનુયાયીઓથી કંટાળી જશે અને

અઝાબને પોતાની આંખોથી જોઇ લેશે તો તેમની વચ્ચે દરેક પ્રકારના સંબંધો તુટી જશે.} [અલ્ બકરહ: ૧૬૫-૧૬૬]. અનુયાયીઓ અને તે લોકો જેમનું અનુસરણ કરવામાં આવી રહ્યું હતું કયામત ના દિવસે તે બન્નેની દશા વર્ણન કરતા અલ્લાહ કહે છે : {આ મોટા લોકો તે નબળા લોકોને જવાબ આપશે, શુ તમારી પાસે હિદાયતનો માર્ગ આવી જતા છતાંય અમે તમને તેનો સ્વીકાર કરવાથી રોક્યા હતા? (ના) પરંતુ તમે તો આરોપી જ છો. (૩૨) (તેનો જવાબ આપતા) તે નબળા લોકો ઘમંડી લોકોને કહેશે, (ના ના) પરંતુ રાત દિવસ ધોખો આપી અલ્લાહ સાથે કૂફ્ર કરવા અને તેની સાથે ભાગીદાર કરવાનો તમારો આદેશને માનવું અમારા બેદીન હોવાના કારણે થયું, અઝાબ જોઈને દરેકના દિલ અફસોસ કરી રહ્યા હશે, અને કાફિરોના ગળામાં અમે હાર પહેરાવીશું, તેઓને ફક્ત તેમણે કરેલા કાર્યોનો જ બદલો આપવામાં આવશે.(૩૩)} [સબા : ૩૨-૩૩]. અને આ અલ્લાહ તઆલાનો સંપૂર્ણ ન્યાય હશે, કે તે પથભ્રષ્ટ ઇમામોના શિરે તેમના ગુનાહોનો ભાર નાખશે અને તે લોકોનો પણ જેઓને તેઓ ખરાબ પરિણામની ચિંતા કર્યા વગર પથભ્રષ્ટ કરતા હતા,અલ્લાહ તઆલાએ કહ્યું : {ક્યામતના દિવસે તે લોકો પોતાના ભાર સાથે તે લોકોના ભાર (ગુનાહ) ના જવાબદાર હશે, જેમને તેઓ અજ્ઞાનતાના કારણે પથભ્રષ્ટ કરતા હતા, જુઓ તો ખરા કેવો ખરાબ ભાર ઉઠાવી રહ્યા છે.} [અન્ નહલ: ૨૫]. ઇસ્લામે દુનિયા અને આખિરતમાં ઇન્સાનના સંપૂર્ણ અધિકારોની જવાબદારી આપી છે, અને જે અધિકારોને લોકો સામે સ્પષ્ટ દર્શાવી દીધા તે આ છે, અલ્લાહના હક લોકો પર, અને લોકોના હક અલ્લાહ પર મૂઆઝ રઝી. કહે છે કે હું સવારી પર અલ્લાહના રસૂલ પાછળ બેઠો હતો, સફર કરતા કરતા આપ ﷺએ કહ્યું, હે મુઆઝ ! મેં કહ્યું, હું હાજર છું, અને મારા માટે સારી વાત છે, આપ ﷺએ ત્રણ વખત આવી જ રીતે પૂછતાં કહ્યું, શું તમે જાણો છો કે બંદાઓ પર અલ્લાહના હક શુ છે? મેં કહ્યુ કે ના, કહ્યું કે બંદાઓ પર અલ્લાહનો હક એ છે કે તે ફક્ત અલ્લાહની જ ઈબાદત કરે, અને તેની સાથે બીજા કોઈને ભાગીદાર ન બનાવે, પછી સહેજ આગળ જઈ કહ્યું, હે મુઆઝ ! મેં

કહ્યું કે હું હાજર છું, મારા માટે સારી વાત છે, શુ તમે જાણો છો કે અલ્લાહ પર બંદાઓના હક શુ છે? તેમણે કહ્યું કે ના, કહ્યું, અલ્લાહ પર બંદાઓનો હક એ છે કે જો બંદો તેની સાથે બીજા કોઈને ભાગીદાર ન ઠેરવે તો તે તેને અઝાબ ન આપે>> સહીહ બુખારી, (૬૮૪૦). અને ઇસ્લામે માનવીના સાચા દીન, તેની સંતાન, માલ અને તેની ઇઝ્ઝતની સંપૂર્ણ જવાબદારી આપી છે. આપ ﷺએ કહ્યું : <<નિઃશંક અલ્લાહ તઆલાએ તમારા પર તમારી જાન, તમારો માલ તમારી ઇઝ્ઝતને એવી રીતે હરામ કરી દીધી છે જેવી રીતે કે આ દિવસને, આ મહિનાને અને આ શહેરને હરામ કર્યો છે.>> સહીહ બુખારી, (૬૫૦૧) અને આ સાચો આદેશ આપ ﷺએ હજ્જતુલ્ વિદાના સમયે એક લાખ સહાબાઓની હાજરીમાં આપ્યું, અને દસ ઝિલ હિજ્જહને દિવસે ફરીવાર આ આદેશ આપ્યો અને વારંવાર તાકીદ પણ કરતા રહ્યા. ઇસ્લામે ઇન્સાનને જ પોતાની સંપૂર્ણ છૂટ, પોતામાં સંપૂર્ણ અમલ અને કાર્યોનો જવાબદાર બનાવી દીધો છે. અલ્લાહ તઆલા કહે છે : {અમે બુરાઈ અને ભલાઈને માનવીના ગળામાં લટકાવી દીધી છે, અને કયામતના દિવસે તેની સામે અમે તેનો નામ એ અઅમાલ બતાવીશું, જેને તે પોતાની સામે સ્પષ્ટ જોઈ લેશે,( કહેવામાં આવશે) પોતે જ પોતાની કિતાબ પઢી લે, આજે તો તું પોતે જ પોતાનો હિસાબ લેવા માટે પૂરતો છે.} [અલ્ ઇસ્રા: ૧૩]. અર્થાત્ જે ભલાઈ અને બુરાઈ તેણે કરી હશે, તે અલ્લાહ તઆલા તેને ગળામાં જ પહેરાવી દેશે, કોઈ બીજા વ્યક્તિનો કઈ પણ સંબધ નહિ હોય અને ન તો બીજાના કાર્યોનો હિસાબ તેનાથી લેવામાં આવશે ન તો બીજા પાસે થી તેના કાર્યોનો હિસાબ લેવામાં આવશે, અલ્લાહ તઆલા કહે છે : {હે માનવી ! તું પ્રયત્ન અને મહેનત અને દરેક કામ પોતાના પાલનહાર સાથે મુલાકાત સુધી કરી લે, કારણકે તું તેની સાથે મુલાકાત કરવાવાળો છું.} [અલ્ ઇન્શિકાક: ૬]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {જે નેક કાર્યો કરશે તો તે પોતાના માટે જ કરશે, અને જે બુરાઈ કરશે તો તેની સજા તેને જ આપવામાં આવશે, અને તમારો પાલનહાર પોતાના બંદાઓ પર જુલમ કરવાવાળો નથી} [ફુસ્સિલત: ૪૬]. અને ઇસ્લામે

ઇન્સાનને તે કાર્યોની જવાબદારી પણ સોંપી દીધી છે, જેના કારણે તે પોતાને નુકસાન પહોંચાડે અથવા તો બીજાને નુકસાન પહોંચાડે, અલ્લાહ તઆલાએ કહ્યું : {અને જે ગુનાહ કરશે તો તેનો ભાર તેના પર જ હશે, અને અલ્લાહ તઆલા ખૂબ સારી રીતે જાણવવાળો અને હિકમતવાળો છે.} [અન્ નિસા: ૧૧૧]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {એટલા માટે જ અમે બની ઇસ્રાઈલ માટે લખી દીધું કે જે વ્યક્તિ કોઈ બીજા વ્યક્તિને કોઈ કારણ વગર કતલ કરશે અથવા ઝમીન પર ફસાદ ફેલાવશે, તો એવું સમજવામાં આવશે કે તેણે સંપૂર્ણ માનવતાને કતલ કરી અને જે વ્યક્તિ કોઈ એક વ્યક્તિની જાન બચાવશે તો એવું સમજવામાં આવશે કે તેણે સંપૂર્ણ માનવજાતિની જાન બચાવી.} [અલ્ માઇદહ : ૩૨]. અને આપ ﷺએ કહ્યું: <<જે વ્યક્તિ પર ઝુલ્મ કરતા તેનું કતલ થઈ ગયું તો તેનો ગુનાહ આદમના પહેલા દીકરાને પણ મળે છે, કારણકે નાહક કતલની શરૂઆત તેણે જ કરી હતી.>> સહીહ મુસ્લિમ, (૫૧૫૦).

## ૧૮- અને ઇસ્લામે દરેક પુરુષ અને સ્ત્રીઓને પોતાના અમલ, પોતાની જવાબદારી, પોતાના બદલા અને પોતાના સવાબમાં સમાનતા આપી છે.

અને ઇસ્લામે દરેક પુરુષ અને સ્ત્રીઓને પોતાના અમલ, પોતાની જવાબદારી, પોતાના બદલા અને પોતાના સવાબમાં સમાનતા આપી છે. અલ્લાહ તઆલા કહે છે : {જે પુરુષ અથવા સ્ત્રી ઈમાનની સ્થિતિમાં કોઈ નેક કાર્ય કરશે તો આ લોકો જ જન્નતમાં જશે, અને ખજૂરના ઠળિયા જેટલુ પણ કોઈના ઉપર જુલમ કરવામાં નહિ આવે.} [અન્ નિસા: ૧૨૪]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અને જે વ્યક્તિ ઈમાનની સ્થિતિમાં નેક કાર્યો કરશે, પુરુષ હોય કે સ્ત્રી, તો ખરેખર અમે તેમને શ્રેષ્ઠ જીવન આપીશું, અને તેમના નેક કાર્યોનો શ્રેષ્ઠ બદલો અમે તેમને જરૂર આપીશું.} [અન્ નહલ: ૯૭]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {જે ગુનાહ કરશે, તેના માટે તેટલી જ સજા હશે, અને જેણે ઈમાનની સ્થિતિમાં નેકી કરી હશે, ભલેને તે પુરુષ હોય અથવા કે સ્ત્રી તો તે જન્નતમાં જશે, અને ત્યાં તેમને અગણિત રોજી મળશે.} [ગાફિર: ૪૦]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {નિઃશંક મુસલમાન પુરુષ અને મુસલમાન સ્ત્રી, મોમિન પુરુષ અને મોમિન સ્ત્રી, આજ્ઞાકારી પુરુષ અને આજ્ઞાકરી સ્ત્રી, સાચા પુરુષ અને સાચી સ્ત્રી, સબર કરનાર પુરુષ અને સબર કરનાર સ્ત્રી, આજીજી કરનાર પુરુષ અને આજીજી કરનાર સ્ત્રી, દાન કરનાર પુરુષ અને દાન કરનાર સ્ત્રી, રોઝા રાખનાર પુરુષ અને રોઝા રાખવાવાળી સ્ત્રી, અને પોતાના ગુપ્તઆંગની હિફાજત કરનાર પુરુષ અને હિફાજત કરવાવાળી સ્ત્રી, અલ્લાહનો ઝિકર કરનારા પુરુષ અને સ્ત્રી, તે સૌ માટે ભવ્ય માફી અને ભવ્ય બદલો તૈયાર કરી રાખ્યો છે.} [અલ્ અહઝાબ: ૩૫].

## ૧૯- ઇસ્લામે સ્ત્રીઓને ઇઝ્ઝત આપી અને તેણીઓને પુરુષનો જ એક ભાગ ગણાવ્યો અને તેમના ખર્ચાની જવાબદારી પુરુષોને સોંપી, દીકરીના ખર્ચની જવાબદારી તેના પિતા પર, માતાના ખર્ચની જવાબદારી તેના પુખ્તવયના જવાબદાર દીકરા ઉપર, અને પત્નીના ખર્ચની જવાબદારી તેના શોહરને સોંપી.

ઇસ્લામે સ્ત્રીઓને પુરુષો જ એક ભાગ બતાવ્યો. અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : ((ખરેખર સ્ત્રીઓ પુરુષ બરાબર છે.)) તિર્મિઝી, ૧૧૩. અને ઇસ્લામે સ્ત્રીનું સન્માન એવી રીતે કર્યું કે માતાના ખર્ચાની જવાબદારી તેના જવાબદાર દીકરાને સોંપી. અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : <<આપવાવાળાનો હાથ શ્રેષ્ઠ હોય છે, ખર્ચ કરવામાં પોતાના ઘરવાળાઓથી શરૂઆત કરો, અર્થાત્ તમારા માતાપિતા, તમારી બહેનો, તમારા ભાઈ, અને પછી તે લોકો પર જે તમારા નજીક હોય>> આ હદીષને ઇમામ એહમદ રહ. એ વર્ણન કરી અને ઇન્ શાઅ અલ્લાહ માતાપિતાના મહત્વ વિશે પેરેગ્રાફ ૨૯માં આવશે. અને ઇસ્લામે સ્ત્રીની ઇઝ્ઝત આ પ્રમાણે કરી છે કે પત્નીના ખર્ચની જવાબદારી તેના જવાબદાર પતિના શિરે સોંપવામાં આવી, અલ્લાહ તઆલાએ કહ્યું : {જેઓને માલ આપવામાં આવ્યો છે તેઓએ દિલ ખોલીને ખર્ચ કરવો જોઈએ અને જેમને તંગી આપવામાં આવી છે તેઓએ પોતાની (તાકાત પ્રમાણે) ખર્ચ કરવો જોઈએ, કોઈ વ્યક્તિને અલ્લાહ તઆલા તેની સહનશક્તિ વધારે તકલીફ નથી આપતો, અને અલ્લાહ તઆલા તંગી પછી સરળતા પણ કરી દે છે.} [અત્તલાક : ૭]. એક વ્યક્તિએ આપ ﷺને સવાલ કર્યો : શોહર પર તેની પત્નીનો હક શુ છે? આપ ﷺએ કહ્યું: તું જે ખાવ તેને પણ તે જ ખવડાવે, તું જે પહેરતો હોય તેને પણ તે જ પહેરાવે, તેના ચહેરા પર ન મારો અને તેને કોઈ અભદ્ર વાત ન કહો.>> આ હદીષને ઇમામ અહમદ રહ.એ રિવાયત કરી, અને આપ ﷺએ પત્નીના શોહરો પર બીજા હક વર્ણન કરતા કહ્યું : <<તમારા પર તેમને સારી રીતે

રોજી પહોંચાડવાની અને તેમના પોશાકનો બંદોબસ્ત કરવાની જવાબદારી છે.>> સહીહ મુસ્લિમ. અને આપ ﷺએ કહ્યું : <<માનવીના ગુનેગાર હોવા માટે આટલું જ પૂરતું છે કે તે પોતાના પર જે લોકોના ખર્ચ કરવાની જવાબદારી છે, તેમનો ખર્ચ પૂરો ન કરે.>> આ હદીષને ઇમામ અહમદ રહ.એ રિવાયત કરી. ખત્તાબી રહ. કહે છે : ('મંયકૂત' આ શબ્દનો અર્થ થાય છે કે જેના માટે ખોરાક પહોંચાડવો જરૂરી હોય, અર્થાત્ સદકો આપનારને કહે કે તારા માટે અને તારા ઘરવાળાઓ માટે કોઈ સદકો નથી,) ઇસ્લામમાં સ્ત્રીઓની પ્રતિષ્ઠતાનું એક ઉદાહરણ એ પણ છે કે દિકરીના ખર્ચની સંપૂર્ણ જવાબદારી તેમના પિતાના શિરે નાખી અલ્લાહ તઆલાએ કહ્યું : {માતા પોતાના બાળકોને સંપૂર્ણ બે વર્ષ દૂધ પીવડાવે, જેમની ઈચ્છા  સમય પુરી કરવાની હોય, અને જેમના બાળકો છે, તેમના શિરે તેમના ખોરાક અને પોશાકની જવાબદારી છે.} [અલ્ બકરહ: ૨૩૩]. અલ્લાહ તઆલાએ સ્પષ્ટ કહી દીધું કે જેમના બાળકો હોય તેમણે પોતાના બાળકોને યોગ્ય ખોરાક આપવો અને પોશાક પહેરાવવો જોઈએ, અલ્લાહ તઆલાએ કહ્યું : {જો તેણી પોતાના બાળકને દૂધ પીવડાવે તો તેણીને મહેનતાણું આપી દો.} [અત્ તલાક: ૬]. અલ્લાહ તઆલાએ પિતા માટે બાળકને દૂધ પીવડાવવાનું મહેનતાણું જરૂરી કરી દીધું છે, આ વાતથી સાબિત થાય છે કે બાળકના ખર્ચની સંપૂર્ણ જવાબદારી પિતા પર હોય છે, અને બાળકમાં છોકરો અને છોકરી બન્ને શામેલ છે, નીચે વર્ણન કરવા આવતી હદીષ એ વાતની પુષ્ટિ કરે છે કે પિતા પર પત્ની અને તેના બાળકો નો ખર્ચ જરૂરી છે. આયશા રઝી. રિવાયત કરે છે કે હિન્દાએ આપ ﷺને કહ્યું, કે અબૂ સુફયાન ( જે   મારા પતિ છે)તે એક કંજૂસ માણસ છે, તો શું હું એમની જાણ વગર એમના માલ માંથી લઈ શકું છું, આપ ﷺએ કહ્યું : <<તું એટલો માલ લઈ શકે છે, જેટલો તારા અને તારા બાળકો માટે પૂરતો બની શકે>> આ હદીષને બુખારી રહ.એ વર્ણન કરી. આપ ﷺએ બાળકીઓ અને બહેનો પર ખર્ચ કરવાની મહત્વતા વર્ણન કરતા કહ્યું : <<જે વ્યક્તિની બે દીકરીઓ અથવા ત્રણ દીકરીઓ તેમજ બે બહેનો અથવા ત્રણ બહેનોની જવાબદારી હોય અને મોત સુધી તે

જવાબદારી નિભાવે તો તે વ્યક્તિ અને  હું જન્નતમાં આ પ્રમાણે હશું, અને આપ ﷺએ પોતાનો વચ્ચેની અને પહેલી આંગળી તરફ ઈશારો કર્યો>> અસ્ સિલ્સિલતુસ્ સહીહહ : ૨૯૬.

### ૨૦- અને મોત હંમેશા માટે ખત્મ થઈ જવાનું કારણ નથી પરંતુ મોત તો અમલ કરવાના જીવનથી બદલો મળવાના ઘર તરફ લઈ જાય છે, મોત શરીર અને રૂહ બન્નેને ખાઈ જાય છે, રૂહની મોત તો શરીરથી જુદા થઈ જાય છે, જે કયામતના દિવસે પાછી ફેરવવામાં આવશે, અને મોત પછી રૂહ બીજા કોઈના દાખલ થતી નથી, અને ન તો બીજા કોઈના શરીર માં ઘઢ કરે છે.

અમે મોત હંમેશા માટે ખત્મ થઈ જવાનું કારણ નથી અલ્લાહ તઆલા કહે છે : {(હે નબી !) તમે કહી દો, મોતનો ફરીશ્તો જે તમારા માટે નક્કી કરવામાં આવ્યો છે, તમારા પ્રાણ કાઢી લેશે, પછી તમે પોતાના પાલનહાર તરફ જ પાછા ફેરવવામાં આવશો} [અસ્ સજદહ : ૧૧] . મોત શરીર અને રૂહ બન્નેને ખાઈ જાય છે, રૂહની મોત તો શરીરથી જુદા થઈ જાય છે, જે કયામતના દિવસે પાછી ફેરવવામાં આવશે, અલ્લાહ તઆલા કહે છે : {અલ્લાહ જ છે, જે મોતના સમયે પ્રાણ લે છે, અને જે મૃત્યુનો સમય નથી આવ્યો તેમના પ્રાણ ઊંઘમાં ખેંચી લે છે, પછી જેના મૃત્યુનો સમય આવી ગયો હોય, તેના પ્રાણ રોકી લે છે, અને અન્ય પ્રાણને એક નક્કી સમય સુધી છોડી દે છે, ચિંતન અને મનન કરનાર લોકો માટે આમાં ઘણી નિશાનીઓ છે} [અઝ્ ઝુમર : ૪૨]. અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : <<નિઃશંક જ્યારે પ્રાણ કાઢી લેવામાં આવે છે, તો આંખો તેનો પીછો કરે છે>> આ હદીષને ઈમામ મુસ્લિમ રહ. રિવાયત કરી છે, ૯૨૦, મોત પછી માનવીને અમલ કરવાના જીવનથી બદલો મળવાના ઘર તરફ લઈ જાય છે, અલ્લાહ તઆલા કહે છે : {તમારા બધાને તેની જ તરફ પાછા ફરવાનું છે, તેનું વચન સાચુ છે, તે જ પ્રથમ વખત પેદા કરે છે અને બીજી વખત પણ તે જ પેદા કરશે, જેથી કરીને જે લોકો ઈમાન લાવ્યા અને નેક અમલ કર્યા તેમનો ન્યાય સાથે બદલો આપે, અને જે

લોકોએ કૂફર કર્યો તેમના માટે ઉકાળેલું પાણી અને દુઃખદાયી અઝાબ હશે, આ એટલા માટે જે તેઓ કરતા હતા} [યૂનુસ : ૪].

અને મોત પછી રૂહ બીજા કોઈનામાં દાખલ થતી નથી, અને ન તો બીજા કોઈના શરીર માં ઘઢ કરે છે. અને અબુદ્ધિ પણ આ વાતનો સ્વીકાર નથી કરતી, અને ન તો પયગંબર દ્વારા કોઈ પુરાવા મળે છે.

### ૨૧- ઇસ્લામ માનવીને ઈમાન લાવવા તરફ દાવત આપે છે, ઇમાનના સૌથી મહત્વના નિયમો  માંથી અલ્લાહ પર ઈમાન, તેના ફરિશ્તાઓ પર ઈમાન, અલ્લાહ તરફથી આવેલ આકાશી કિતાબો પર ઈમાન, જેવી કે તૌરાત, ઇન્જીલ, ઝબૂર, તેમાં ફેરફાર થયા પહેલાની કિતાબો પર, અને કુરઆન મજીદ, તેમજ સંપૂર્ણ પયગંબરો અને રસૂલો પર ઈમાન, અને પયગંબરીની શ્રુખલા પૂર્ણ થઈ ગઈ તેના પર ઈમાન, અને મુહમ્મદ ﷺ અંતિમ પયગંબર છે, આખિરતના દિવસ પર ઈમાન, અને આપણે જાણીએ છીએ કે આ દુનિયાનું જીવન ખત્મ થવાવાળુ છે, તો પછી જીવન અને તેનું પ્રાપ્તિ વ્યર્થ છે, અને તકદીર પર ઈમાન.

ઇસ્લામ ઈમાન લાવવા તરફ દાવત આપે છે, સૌથી મહત્વની વાત ઈમાન લાવવામાં અને જેની તરફ દરેક પયગંબરો અને રસૂલોએ બોલાવ્યા, તે એ હતું કે :

પ્રથમ : અલ્લાહ પર ઈમાન કે તે જ પાલનહાર છે, પેદા કરનાર છે, રોજી આપનાર છે, આ સૃષ્ટિની તે જ  વ્યવસ્થા કરનાર છે, અને તે એકલો જ છે, તે જ સાચે ઈબાદતને લાયક છે, તેના સિવાય જેટલી વસ્તુઓની બંદગી કરવામાં આવી રહી છે, તે દરેક બાતેલ છે, અને તેના સિવાય જેટલા લોકોની બંદગી કરવામાં આવી રહી છે, તેઓ પણ બાતેલ છે, તેના સિવાય કોઈની બંદગી કરવી જાઈઝ નથી અને તેના સિવાય અન્યની બંદગી કરવી યોગ્ય નથી, અને આ વિશે ઉપર ફકરામાં વર્ણન કરી ચુક્યા છે, ફકરો નંબર (૮).

અને આ અગત્યના નિયમ બાબતે કુરઆન મજીદમાં કેટલીય જગ્યા પર વર્ણન કરવામાં આવ્યું છે, તેમાંથી એક જેમાં અલ્લાહ કહે છે : {પયગંબરો પર જે કંઈ તેમના પાલનહાર તરફથી ઉતર્યું, તેના પર તે પોતે પણ ઇમાન લાવ્યા અને સૌ

ઇમાનવાળાઓ પર ઈમાન લાવ્યા, તેઓ અલ્લાહ તઆલા, અને તેના ફરિશ્તાઓ પર અને તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઇમાન લાવે છે, અને કહે છે કે અમે પયંગબરો માંથી કોઇ પયગંબર વચ્ચે તફાવત નથી કરતા, તેઓએ કહે છે કે અમે આદેશો સાંભળ્યા અને આજ્ઞાનું પાલન કર્યું, હે અમારા પાલનહાર ! અમે તારી માફી ઇચ્છીએ છીએ અને અમને તારી જ તરફ પાછા ફરવાનું છે.} [અલ્ બકરહ: ૨૮૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {નેકી પુર્વ અને પશ્ચિમ તરફ મોઢું કરવામાં જ નથી પરંતુ ખરેખર નેકી તે છે કે કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલા પર, કયામતના દિવસ પર, ફરિશ્તાઓ પર, અલ્લાહની કિતાબ પર અને પયગંબરો પર ઇમાન ધરાવે છે, જે વ્યક્તિના દિલમાં માલની મુહબ્બત હોવા છતાં સગા-સંબધીઓ, યતીમો, લાચારો, મુસાફરો અને માંગનારને આપે, ગુલામને આઝાદ કરે, નમાજની પાબંદી કરે અને ઝકાત આપતો રહે, જ્યારે વચન કરે ત્યારે તેને પુરૂ કરે, આપત્તિ, દુંખદર્દ અને ઝઘડા વખતે ધીરજ રાખે, આવા લોકો જ સાચા છે અને આવા લોકો જ ડરનારાઓ છે.} [અલ્ બકરહ: ૧૭૭]. અલ્લાહ તઆલા આ અગત્યના નિયમ તરફ લોકોને બોલાવે છે, અને તેણે સ્પષ્ટ કહી દીધું કે જે ઇન્કાર કરશે તો તે ખુલ્લી પથભ્રષ્ટતામાં પડી જશે. અલ્લાહ તઆલાએ કહ્યું : {હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલા પર, તેના પયગંબર પર અને તે કિતાબ પર જે તેણે પોતાના પયગંબર પર ઉતારી છે અને તે કિતાબ પર જે આ પહેલા તેણે ઉતારી છે, ઈમાન લાવો. જે વ્યક્તિ અલ્લાહ તઆલા, તેના ફરિશ્તાઓ, તેની કિતાબો, તેના પયગંબરો, અને કયામતના દિવસનો ઇન્કાર કરશે તો તે ઘણી જ દૂરની ગુમરાહીમાં પડી જશે} [અન્ નિસા : ૧૩૬]. ઉમર બિન ખત્તાબ રઝી. ની હદીષમાં છે : << એક દિવસે અમે આપ ﷺ પાસે બેઠા હતા, અચાનક એક એવો વ્યક્તિ આવ્યો, જેણે. સફેદ કપડાં પહેર્યા હતા, તેના વાળ અત્યંત કાળા હતા, તેના મોઢા પર સફરની નિશાની પણ ન હતી, અને તે વ્યક્તિને અમારા માંથી કોઈ ઓળખતું પણ ન હતું, અહીં સુધી કે તે આવીને સીધો આપ ﷺ પાસે એવી રીતે બેઠો કે તેના ઘૂંટણ આપ ﷺના

ઘૂંટણ ઉપર મૂકી દીધા, અને પોતાની રાન પર પોતાના હાથ મૂકી દીધા, અને કહ્યું હે મુહમ્મદ ! ઇસ્લામ વિશે માહિતી આપો, તો આપ ﷺ જવાબ આપતા કહ્યું, ઇસ્લામ એ છે કે તમે સાક્ષી આપો કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઇબાદતને લાયક નથી, અને મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે, અને નમાઝ કાયમ કરો, અને ઝકાત આપતા રહો, રમઝાન માસના રોઝા રાખો, અને જો સહુલત હોય તો હજ કરવી. તેણે કહ્યું, આપે સાચું કહ્યું, (ઉમર રઝી. કહે છે) અમને આશ્ચર્ય થયું કે આ વ્યક્તિ સવાલ પણ પૂછે છે અને પોતે જ પુષ્ટિ પણ કરે છે, તેણે કહ્યું, કે ઈમાન વિશે જણાવો. આપ ﷺએ કહ્યું કે ઈમાન એ છે કે તમે અલ્લાહ પર ઈમાન લાવો, તેના ફરિશ્તાઓ પર, તેની કિતાબો પર, તેના રસૂલો પર, આખિરતના દિવસ ઉપર, સારી અને ખરાબ તકદીર ઉપર, તેણે કહ્યું, આપે સાચું કહ્યું, તેણે કહ્યું કે એહસાન વિશે માહિતી આપો, આપ ﷺએ કહ્યુ, તમે અલ્લાહની એવી રીતે બંદગી કરો, જાણે કે તમે તેને જોઈ રહ્યા છો, જો તમે તેને નથી જોઈ રહ્યા તો તે તો તમને જોઈ જ રહ્યો છે.>> સહીહ મુસ્લિમ : ૮. આ હદીષમાં જિબ્રઇલ આપ ﷺ પાસે દીનના મરતબા વર્ણન કરવા માટે આવ્યા, ઇસ્લામ, ઈમાન અને એહસાન, આપ ﷺ તેમના સવાલના જવાબ આપ્યા પછી મુહમ્મદ ﷺએ પોતાના સાથીઓને કહ્યું કે આ વ્યક્તિ જિબ્રઇલ હતા, તમને તમારો દીન શીખવાડવા માટે આવ્યા હતા, આ તે જ ઇસ્લામ છે, જે ઇલાહી સંદેશ જિબ્રઇલ લઈને આવ્યા, અને જેને આપ ﷺએ લોકો સુધી પહોંચાડ્યો, અને સહાબાઓએ યાદ કર્યું અને આપ ﷺ પછી લોકો સુધી આ દીન પહોંચાડ્યો.

બીજું : ફરિશ્તાઓ પર ઈમાન, તેઓ અદ્રશ્ય દુનિયાના છે, અલ્લાહ તઆલાએ તેમને પેદા કર્યા, અને કાલ્પનિક શકલ આપી, અને ભવ્ય કાર્યોની જવાબદારી તમને સોંપી, તે ભવ્ય કાર્યો માંથી એક એ કે અલ્લાહ તઆલાના સંદેશને રસૂલો અને નબીઓ સુધી પહોંચાડવાના, ફરિશ્તાઓ માંથી સૌથી પ્રતિષ્ઠિત જિબ્રઇલ

છે, જેઓ આપ ﷺ તરફ વહી લઈને આવતા હતા, અલ્લાહ તઆલા કહે છે: {તે પોતાના બંદાઓ માંથી જેને ઈચ્છે, તેની પાસે અમારા ફરિશ્તાઓને વહી આપી ઉતારીએ છીએ, (અને તે લોકોને આદેશ આપે છે) કે મારા સિવાય કોઈ સાચો ઈબાદતને લાયક નથી, એટલા માટે તમે ફક્ત મારાથી ડરો.} [અન્ નહ્લ: ૨]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {ખરેખર કુરઆન મજીદ સમગ્ર સૃષ્ટિના પાલનહાર તરફથી ઉતારવામાં આવ્યું છે, (૧૯૨) જેને અમાનતદાર ફરિશ્તો લઈ આવ્યો છે. (૧૯૩) જેને તમારી દિલ પર ઉતર્યું છે, જેથી તમે સાચી વાત કરનારાઓ માંથી બની જાવ (૧૯૪) જે સ્પષ્ટ અરબી ભાષામાં છે. (૧૯૫) અને ખરેખર આ કિતાબનું વર્ણન પહેલી કિતાબોમાં છે. (૧૯૬)} [અશ્ શુઅરાઅ: ૧૯૨-૧૯૬].

ત્રીજું : ઇલાહી કિતાબો પર ઈમાન, જેવી કે તૌરાત, ઈંજીલ, ઝબૂર - તેમાં ફેરફાર થયા પહેલા- અને કુરઆન મજીદ, અલ્લાહ તઆલા કહે છે : {હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલા પર, તેના પયગંબર પર અને તે કિતાબ પર જે તેણે પોતાના પયગંબર પર ઉતારી છે અને તે કિતાબ પર જે આ પહેલા તેણે ઉતારી છે, ઈમાન લાવો. જે વ્યક્તિ અલ્લાહ તઆલા, તેના ફરિશ્તાઓ, તેની કિતાબો, તેના પયગંબરો, અને કયામતના દિવસનો ઇન્કાર કરશે તો તે ઘણી જ દૂરની ગુમરાહીમાં પડી જશે} [અન્ નિસા :૧૩૬]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {તેણે જ તમારા પર એવી કિતાબ ઉતારી છે, જે સત્ય લઈને આવી, અને પહેલાની (કિતાબોની) પુષ્ટી કરનારી છે, તેણે (અલ્લાહ) જ તે પહેલા તૌરાત અને ઇન્જિલને ઉતારવામાં આવી હતી. (૩) અને આ પહેલા (તૌરાત અને ઇન્જિલ્) જેમાં લોકો માટે હિદાયત હતી, અને (તેના પછી) ફુરકાન (કુરઆન મજીદ) ઉતાર્યું, (અર્થાત જે હક અને બાતેલમાં ફર્ક કરે છે), હવે જે લોકો અલ્લાહ તઆલાની આયતોનો ઇન્કાર કરે છે તેઓને સખત અઝાબ મળશે, અને અલ્લાહ વિજયી, બદલો લેવાવાળો છે (૪) } [આલિ ઇમરાન : ૩-૪]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {પયગંબરો પર જે કંઈ તેમના પાલનહાર

તરફથી ઉતર્યું, તેના પર તે પોતે પણ ઇમાન લાવ્યા અને સૌ ઇમાનવાળાઓ પર ઈમાન લાવ્યા, તેઓ અલ્લાહ તઆલા, અને તેના ફરિશ્તાઓ પર અને તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઇમાન લાવે છે, અને કહે છે કે અમે પયંગબરો માંથી કોઇ પયગંબર વચ્ચે તફાવત નથી કરતા, તેઓએ કહે છે કે અમે આદેશો સાંભળ્યા અને આજ્ઞાનું પાલન કર્યું, હે અમારા પાલનહાર ! અમે તારી માફી ઇચ્છીએ છીએ અને અમને તારી જ તરફ પાછા ફરવાનું છે.} [અલ્ બકરહ: ૨૮૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {તમે કહી દો કે અમે અલ્લાહ તઆલા અને જે કંઇ અમારા પર ઉતારવામાં આવ્યું છે અને જે કંઇ ઇબ્રાહીમ, ઇસ્માઇલ, યાકૂબ અને તેઓના સંતાનો પર ઉતારવામાં આવ્યું અને જે કંઇ મૂસા, ઇસા, અને બીજા પયગંબરોને અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવ્યું. તે સૌ પર ઇમાન લાવ્યા. અમે તેઓ માંથી કોઇની વચ્ચે ભેદભાવ નથી કરતા અને અમે અલ્લાહ તઆલાના આજ્ઞાકારી છે.} [આલિ ઇમરાન: ૮૪].

ચોથું : દરેક પયગંબરો પર ઈમાન લાવવું, -તેમના પર સલામતી ઉતરે- દરેક પયગંબરો પર ઈમાન લાવવું જરૂરી છે, અને તે વાતનો સ્વીકાર કરવો પણ જરૂરી છે કે દરેક પયગંબર અલ્લાહ તરફથી રસૂલ બનાવવામાં આવ્યા છે, જેઓ અલ્લાહના આદેશો અને શરીઅત પોતાની કોમ સુધી પહોંચાડે છે,અલ્લાહ તઆલા કહે છે : {હે મુસલમાનો ! તમે સૌ (કિતાબવાળાઓને) કહી દો કે અમે અલ્લાહ પર ઇમાન લાવ્યા અને તે વસ્તુ પર, જે અમારી તરફ અવતરિત કરવામાં આવ્યું છે અને તેના પર, જે ઈબ્રાહીમ, ઇસ્માઇલ, ઇસ્હાક, યાકુબ અને તેમની સંતાનો પર અવતરિત કરવામાં આવ્યું, અને તે હિદાયત પર પણ, જે કંઇ મૂસા, ઇસા અને બીજા પયગંબરો પર તેમના પાલનહાર તરફથી આપવામાં આવી હતી. અમે તે પયગંબરો માંથી કોઇ વચ્ચે તફાવત નથી કરતા અમે તો અલ્લાહના આજ્ઞાકારી છે.} [અલ્ બકરહ: ૧૩૬]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {પયગંબરો પર જે કંઈ તેમના પાલનહાર તરફથી ઉતર્યું, તેના પર તે પોતે પણ ઇમાન લાવ્યા અને સૌ

ઇમાનવાળાઓ પર ઈમાન લાવ્યા, તેઓ અલ્લાહ તઆલા, અને તેના ફરિશ્તાઓ પર અને તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઇમાન લાવે છે, અને કહે છે કે અમે પયંગબરો માંથી કોઇ પયગંબર વચ્ચે તફાવત નથી કરતા, તેઓએ કહે છે કે અમે આદેશો સાંભળ્યા અને આજ્ઞાનું પાલન કર્યું, હે અમારા પાલનહાર ! અમે તારી માફી ઇચ્છીએ છીએ અને અમને તારી જ તરફ પાછા ફરવાનું છે.} [અલ બકરહ: ૨૮૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {તમે કહી દો કે અમે અલ્લાહ તઆલા અને જે કંઇ અમારા પર ઉતારવામાં આવ્યું છે અને જે કંઇ ઇબ્રાહીમ, ઇસ્માઇલ, યાકૂબ અને તેઓના સંતાનો પર ઉતારવામાં આવ્યું અને જે કંઇ મૂસા, ઇસા, અને બીજા પયગંબરોને અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવ્યું. તે સૌ પર ઇમાન લાવ્યા. અમે તેઓ માંથી કોઇની વચ્ચે ભેદભાવ નથી કરતા અને અમે અલ્લાહ તઆલાના આજ્ઞાકારી છે.} [આલિ ઇમરાન: ૮૪]. અને પયગંબરીની શ્રુખાંલા પૂર્ણ થઈ ગઈ, અને મુહમ્મદ ﷺ અંતિમ પયગંબર છે, અલ્લાહ તઆલાએ કહ્યું : {અને (તે સમય પણ યાદ કરો) જ્યારે અલ્લાહ તઆલાએ પયગંબરો પાસેથી વચન લીધું કે જે કંઇ હું તમને કિતાબ અને હિકમત આપું પછી તમારી પાસે તે પયગંબર આવી જાય જે તમારી પાસેની વસ્તુઓને સત્ય ઠેરાવતો હોય, તો તમારા માટે તેના પર ઇમાન લાવવું અને તેની મદદ કરવી જરૂરી છે, અલ્લાહ તઆલાએ (આ આદેશ આપી પયગંબરોને પૂછ્યું) કે શુ તમે તેના સમર્થક છો અને તેના પર મારી જવાબદારી ઉપાડો છો ? સૌએ કહ્યું કે અમને મંજુર છે, કહ્યું તો હવે સાક્ષી બનીને રહો અને હું પોતે પણ તમારી સાથે સાક્ષી છું.} [આલિ ઇમરાન: ૮૧]. ઇસ્લામમાં દરેક પયગંબરો પર ઈમાન લાવવું જરૂરી છે, અને આપ ﷺના અંતિમ પયગંબર હોવા પર ઈમાન લાવવું જરુરી છે, અલ્લાહ તઆલાએ કહ્યું : {તમે કહી દો કે હે અહલે કિતાબ ! જ્યાં સુધી તમે તૌરાત અને ઈંજીલ તેમજ જે કંઈ તમારી તરફ તમારા પાલનહારે અવતરિત કર્યુ છે, તેનું અનુસરણ નહી કરો, તો તમે દીનના કોઈ માર્ગ પર નથી.} [અલ્ માઈદહ: ૬૮]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {તમે કહી દો કે હે

કિતાબવાળાઓ ! એવી ન્યાયવાળી વાત તરફ આવો જે અમારા અને તમારામાં સમાન છે, અને એ વાત એ કે આપણે અલ્લાહ તઆલા સિવાય કોઇની  બંદગી ન કરીએ, ન તેની સાથે કોઇને ભાગીદાર ઠેરવીએ, ન તો તમારા માંથી કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાને છોડીને અન્યને રબ બનાવે, જો તેઓ આ વાતથી મોઢું ફેરવી લેં તો તમે કહી દો કે સાક્ષી રહો અમે તો મુસલમાન છે.} [આલિ ઇમરાન: ૬૪]. અને જો કોઈ વ્યક્તિ એક પયગંબરનો ઇન્કાર કરશે તો તે સમગ્ર પયગંબરોનો ઇન્કારી ગણાશે, અલ્લાહ તઆલાએ નૂહ ની કોમને ખબર આપતા કહ્યું : {નૂહની કોમના લોકોએ સમગ્ર પયગંબરોનો ઇન્કાર કર્યો.} [અશ્ શુઅરાઅ: ૧૦૫]. જાણવા મળ્યું કે નૂહ પહેલા કોઈ પયગંબર આવ્યા ન હતા, તો પણ જ્યારે તેમની કોમે નૂહ નો ઇન્કાર કર્યો, તો આ જુઠલાવવુ અને ઇન્કાર સમગ્ર પયગંબરો માટે વર્ણન કર્યો, કારણકે દરેક પયગંબરના આદેશો એક જ છે, અને તેમનો હેતુ પણ એક જ છે.

પાંચમું : આખિરતના દિવસ પર ઈમાન લાવવું, અને તે કયામતનો દિવસ છે, આ દુનિયાના જીવનમાં છેલ્લી વખત અલ્લાહ તઆલા ઇસરાફીલ ને આદેશ આપશે, ઇસરાફીલ આદેશ પર અમલ કરતા સૂરમાં ફૂક મારશે, અને અલ્લાહ જેને ઈચ્છશે, મૃત્યુ આપશે, અલ્લાહ તઆલાએ કહ્યું : {જ્યારે સૂરમાં ફૂક મારવામાં આવશે, અને આકાશો અને ઝમીનમાં જેટલી મખલુક છે, સૌ બેહોશ થઈ જશે, પછી બીજી વાર સૂર ફૂકવામાં આવશે, તો સૌ ઉભા થઇ જોવા લાગશે.} [અઝ્ ઝુમર: ૬૮]. અને આકાશો અને ઝમીનમાં જે કંઈ પણ છે, દરેક વસ્તુ નષ્ટ થઈ જશે, સિવાય અલ્લાહ તઆલા જે ઇચ્છશે (તે બાકી રહેશે) અને અલ્લાહ તઆલા આકાશો અને ઝમીનને (પેપરની જેમ) વાળી દેશે, જેવું કે અલ્લાહ તઆલાએ કહ્યું : {તે દિવસે અલ્લાહ તઆલા આકાશને વાળી દેશે જે રીતે પુસ્તકને ગોળ વાળી દેવામાં આવે છે, જેવી રીતે અમે પ્રથમ વખત સર્જન કર્યું હતું એવી જ રીતે અમે બીજી વાર કરીશું, અમારું વચન છે, અને અમે કરીને જ રહીશું.} [અલ્ અન્બિયા: ૧૦૪]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {જે રીતે અલ્લાહની કદર કરવી જોઈએ એ રીતે તે લોકોએ

અલ્લાહની કદર ન કરી, ક્યામતના દિવસે સંપૂર્ણ ધરતી તેની મુઠ્ઠીમાં અને આકાશો તેના જમણા હાથમાં વાળેલા હશે, અલ્લાહ તે દરેક વાતોથી પાક અને પવિત્ર છે, જે આ મુશરિકો તેના વિશે કહે છે.} [અઝ્ ઝુમર: ૬૭]. અને અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું : <<અલ્લાહ કયામતના દિવસે આકાશોને વાળી દેશે, અને તેને પોતાના જમણા હાથમાં લઈ કહેશે, હું માલિક છું, ક્યાં ગયા અત્યાચારી લોકો? ક્યાં ગયા ઘમંડી લોકો? પછી પોતાના ડાબા હાથમાં ધરતીઓને વાળી કહેશે, ક્યાં ગયા અત્યાચારી લોકો, ક્યાં ગયા ઘમંડી લોકો?>> આ હદીષને મુસ્લિમ શરીફે રિવાયત કરી છે. પછી અલ્લાહ બાદશાહ ફરી વખત સૂરમાં ફૂકવાનો આદેશ આપશે, તો દરેક લોકો ઉભા થઇ જોવા લાગશે, અલ્લાહ તઆલા કહે છે: {પછી બીજી વખત સૂરમાં ફૂકવામાં આવશે તો અચાનક દરેક લોકો ઉભા થઇ જોવા લાગશે.} [અઝ્ ઝુમર: ૬૮]. ત્યારબાદ અલ્લાહ તઆલા પોતાની મખ્લુક (સર્જનીઓ)ને હિસાબ માટે મોકલશે, અલ્લાહ તઆલાએ કહ્યું : {જે દિવસે ઝમીન ફાટી જશે અને તે લોકો તરત જ દોડતા દોડતા (નીકળી પડશે) અને આવું કરવું અમારા માટે ખૂબ જ સરળ છે.} [કોફ: ૪૪]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {જે દિવસે દરેક વસ્તુઓ નું સ્પષ્ટીકરણ થઇ જશે કોઈ વસ્તુ અલ્લાહ થી છુપાયેલી નહીં રહે. આજે કોની બાદશાહી છે ? ફક્ત અલ્લાહ જે સર્વશક્તિમાન છે, તેની જ બાદશાહી છે} [ગાફિર :૧૬]. અને તે દિવસે અલ્લાહ તઆલા દરેક લોકોનો હિસાબ લેશે અને દરેક પીડિત વ્યક્તિઓને ઝાલિમોથી તેમનો બદલો આપશે, અને માનવીએ કરેલ દરેક નેક કામનો બદલો આપશે, અલ્લાહ તઆલાએ કહ્યું: {આજના દિવસે દરેકે જે કંઈ કમાવ્યું હશે, તેનો બદલો આપવામાં આવશે, આજે કોઈના પર જુલમ કરવામાં નહિ આવે, નિઃશંક અલ્લાહ તઆલા નજીકમાં જ હિસાબ કરવાવાળો છે.} [અલ્ ગાફિર : ૧૭]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {નિ:શંક અલ્લાહ તઆલા લેશમાત્ર પણ અત્યાચાર નથી કરતો અને જો કોઈએ નેક કામ કર્યું હશે તો તેને બમણું કરીને આપશે અને ખાસ પોતાની પાસેથી ઘણો જ મોટો સવાબ આપશે.} [અન્ નિસા :૪૦]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {જે

વ્યક્તિએ કણ બરાબર પર નેકી કરી હશે તો તે તેને જોઈ લેશે(૭) અને જેણે કણ બરાબર પણ બુરાઈ કરી હશે તો તે તેને જોઈ લેશે.(૮)} [અઝ્ ઝલ્ઝલહ : ૮]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અને અમે કયામતના દિવસે ઇન્સાફના ત્રાજવા કાયમ કરીશું, કોઈ વ્યક્તિ પર જુલમ કરવામાં નહિ આવે, જેણે રાઇના દાણા જેટલી પણ (નેકી અથવા બુરાઈ) કરી હશે તો અમે તેની સામે લાવી દઈશું, અને અમે હિસાબ લેવા માટે પૂરતા છીએ} [અલ્ અમ્બિયા : ૪૭]. ઉઠાવ્યા અને હિસાબ લીધા પછી બદલો આપશે, જેણે ભલાઇ કરી હશે, તેના માટે એવી નેઅમતો હશે, જે ક્યારેય ખત્મ નહિ થાય, હંમેશા હંમેશ રહેશે, અને જે વ્યક્તિએ બુરાઈ અને કૂફ્ર કર્યો હશે તો તેના માટે અઝાબ તૈયાર હશે, અલ્લાહ તઆલાએ કહ્યું : {તે દિવસે ફક્ત અલ્લાહની જ બાદશાહી હશે, તે જ તેમની વચ્ચે નિર્ણય કરશે, જેઓ ઈમાન લાવ્યા અને નેક કાર્યો કર્યા તેઓ નેઅમતો વાળી જન્નતોમાં હશે.(૫૬) અને જે લોકોએ અલ્લાહની આયતોનો ઇન્કાર કર્યો અને જુઠલાવ્યુ તો તેમના માટે અપમાનિત કરી દે તેઓ અઝાબ હશે.(૫૭)} [અલ્ હજ્જ : ૫૬-૫૭]. અને આપણે જાણી લઈએ કે દુનિયાનું જીવન ખત્મ થવાવાળું જીવન છે, એટલા માટે દુનિયાનું જીવનનું અસ્તિત્વ વ્યર્થ છે. અલ્લાહ તઆલા કહે છે : {શુ આ લોકો એવું સમજે છે કે અમે તેમને બેકાર પેદા કર્યા છે, અને તેમને અમારી તરફ પાછા ફરવાનું નથી? } [અલ્ મુઅમિનૂન : ૧૧૫]. છઠ્ઠું : તકદીર પર ઈમાન અને આના પર ઈમાન લાવવું ખૂબ જ જરૂરી છે કે અલ્લાહ દરેક વસ્તુ જાણે છે, અને જે થવાનું છે, તેમજ આ સૃષ્ટિમાં નજીકમાં જે કઈ થવાનું છે, અને અલ્લાહ તઆલાએ આ બધું વસ્તુ આકાશો અને ઝમીનને પેદા કરતા પહેલા જ લખી દીધું છે , અલ્લાહ તઅલાએ કહ્યું : {અને ગેબની ચાવીઓ તો અલ્લાહ તઆલા પાસે જ છે, અલ્લાહ સિવાય તેને કોઇ નથી જાણતું અને તે દરેક વસ્તુઓને જાણે છે, જે કંઈ ધરતીમાં છે અને જે કંઈ સમુદ્રમાં છે અને કોઇ પાંદડું એવું નથી પડતું જેને તે જાણતો ન હોય અને ન તો ઝમીનના અંધકારમાં કોઇ દાણો એવો છે, જેને તે જાણતો ન હોય, અને જે કંઈ પણ ભીનું હોય અથવા સૂકું બધું જ ખુલ્લી કિતાબમાં લખેલુ

છે.} [અલ્ અન્આમ : ૫૯]. અને અલ્લાહ તઆલા દરેક વસ્તુને પોતાના ઇલ્મના ઘેરાવમાં લઇ રાખી છે, અલ્લાહ તઆલાએ કહ્યું : {અલ્લાહ તે જ, જેણે સાત આકાશ બનાવ્યા અને તેની જ માફક ઝમીન પણ, તેનો જ આદેશ તે બન્નેની પાસે ઉતરે છે, ખરેખર અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર શક્તિ ધરાવે છે, અને અલ્લાહ તઆલાએ પોતાના જ્ઞાનમાં દરેક વસ્તુ ને ઘેરાવમાં લઈ રાખી છે.} [અત્ તલાક : ૧૨]. અને આ સૃષ્ટિમાં કોઈ પણ કાર્ય અલ્લાહની ઈચ્છા અને તેના ઈરાદા વગર નથી થતું, તેણે જ પેદા કર્યું અને તેના સ્રોત પણ તેણે જ બનાવ્યા, અલ્લાહ તઆલા કહે છે : {અલ્લાહ તે જ છે, જે આકાશો અને ઝમીનનો માલિક છે, તેની કોઈ સંતાન નથી, અને આ સામ્રાજ્યમાં તેનો કોઈ ભાગીદાર નથી, તેણે જ દરેક વસ્તુની પેદાઈશ કરી, અને તેણે જ  યોગ્ય અંદાજો લગાવ્યો.} [અલ્ ફુરકાન : ૨]. અને આ વસ્તુમાં મહત્ત્વની હિકમત રાખી છે કે લોકો આ વસ્તુની ઘેરાવ નથી કરી શકતા, અલ્લાહ તઆલા કહે છે : {(તેમાં) હિકમત ભરી વાતો છે જે દલીલ ની પુષ્ટિ માટે પુરતી છે, પરંતુ ચેતવણી એ તેમને કંઈ પણ ફાયદો ન પહોંચાડ્યો} [અલ્ કમર : ૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અને તે જ છે, જેણે પહેલી વાર પેદા કર્યા, પછી  બીજી વાર કરશે, અને (બીજી વાર પેદા કરવું ) તેના માટે ખૂબ  સરળ છે, અને આકાશો અને ધરતીમાં  તેના જ ગુણો ઉચ્ચ છે, અને તે ઝબરદસ્ત અને હિકમતવાળો છે.} [અર્ રૂમ : ૨૭]. અને અલ્લાહ તઆલાએ હિકમતને પોતાના માટે અપનાવી અને પોતાનું એક નામ હકીમ પણ રાખ્યું, અલ્લાહ તઆલાએ કહ્યું : {અલ્લાહ તઆલાએ, ફરિશ્તાઓએ અને જ્ઞાનવાળાઓએ એ વાતની સાક્ષી આપે છે કે અલ્લાહ તઆલા સિવાય કોઇ ઇલાહ નથી અને તે હંમેશા ન્યાય કરવાવાળો છે, તે વિજયી અને હિકમતવાળા સિવાય કોઇ બંદગીને લાયક નથી.} [આલિ ઇમરાન : ૧૮]. અને અલ્લાહ તઆલાએ ઇસા ને કહ્યું,  કે કયામતના દિવસે અલ્લાહ તઆલા કહેશે: {જો તું તેઓને સજા આપે તો તેઓ તારા બંદા છે, અને જો તું તેઓને માફ કરી દે તો તું જબરદસ્ત હિકમતવાળો છે.} [અલ્ માઈદહ : ૧૧૮]. અને અલ્લાહ તઆલાએ તૂર

પર્વત પર મૂસા ને  પોકારતા કહ્યું : {હે મૂસા ! હું અલ્લાહ ઝબરદરસ્ત અને હિકમતવાળો છું.} [અન્ નમલ : ૯]. કુરઆન મજીદનો એક ગુણ હિકમત પણ છે, અલ્લાહ તઆલાએ કહ્યું : {અલિફ-લામ-રાઅ, આ એક એવી કિતાબ છે કે જેની આયતો મુહકમ (મજબૂત) છે, અને આ કીતાબ એક હકીમ-માહિતગાર તરફથી સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં આવી છે.} [હૂદ :૧]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {આ દરેક હિકમત ભરી વાતો છે, જે તમારા પાલનહાર તરફથી વહી કરવામાં આવી છે, અને તમે અલ્લાહ સાથે બીજા કોઈને ભાગીદાર ન ઠહેરાવશો, કે તમને અપમાનિત કરી અને ધૃતકારતા જહન્નમમાં દાખલ કરી દેવામાં આવે.} [અલ્ ઇસરાઃ ૩૯].

## ૨૨. પયગંબરો દરેક નિર્દોષ હોય છે, અલ્લાહ તરફથી જે કંઈ તેઓ આદેશો લઈને આવ્યા, અને તે દરેક વસ્તુઓથી પણ નિર્દોષ હોય છે, જે વસ્તુ બુદ્ધિ તેમજ સારા અખલાક વિરુદ્ધ હોય, તેઓ અલ્લાહના આદેશો લોકો સુધી પહોંચાડ્યા કે નહીં તે બાબતે જવાબદાર હોય છે, તેમના માં પાલનહારના કોઈ ગુણ હોતા નથી, અથવા સાચા મઅબૂદ હોવાના કોઈ ગુણ હોતા નથી, પરંતુ તે તો દરેક લોકોની જેમ ફક્ત માનવી જ છે અલ્લાહ તઆલા પોતાના આદેશો તેમના તરફ વહી કરતો હોય છે.

પયગંબરો દરેક નિર્દોષ હોય છે, અલ્લાહ તરફથી જે કંઈ તેઓ આદેશો લઈને આવ્યા, એટલા માટે કે અલ્લાહ તઆલાએ પોતાની મખ્લુક માંથી પોતાના આદેશો પહોંચાડવા માટે પસંદ કરી લીધા છે, અલ્લાહ ત આલા કહે છે: {અલ્લાહ તઆલા ફરિશ્તાઓ માંથી તેના આદેશો પહોંચાડવા માટે પસંદ કરી લે છે અને માનવીઓ માંથી પણ, નિઃશંક અલ્લાહ તઆલા સાંભળવાળો અને જોવાવાળો છે.} [અલ્ હજ્જ : ૭૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અલ્લાહ તઆલાએ સમ્રગ સૃષ્ટિના લોકો માંથી આદમ, નૂહ, ઇબ્રાહીમના કુટુંબીઓ અને ઇમરાનના કુટુંબીઓને (પયગંબરી) માટે પસંદ કરી લીધા.} [આલિ ઇમરાન : ૩૩]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {અલ્લાહ તઆલાએ કહ્યું કે હે મૂસા! મેં પયગંબરી અને મારી સાથે વાતચીત કરવા માટે, લોકો પર તમને પ્રાથમિકતા આપી છે, તો જે કંઈ પણ મેં તમને આપ્યું છે તેના પર અમલ કરો અને મારો આભાર વ્યક્ત કર.} [અલ્ અઅરાફ : ૧૪૪]. અને પયગંબરો સારી રીતે જાણતા હતા કે જે કંઈ પણ તેમના તરફ ઉતરે છે તે અલ્લાહ તરફથી વહી છે, અને તેઓ ફરિશ્તાઓને વહી લઈ ઉતરતા જુએ છે, અલ્લાહ તઆલાએ કહ્યું : {તે ગૈબનું ઇલ્મ જાણવવાળો છે, અને તે પોતાનું ઇલ્મ કોઈના પર જાહેર નથી કરતો.} તે રસૂલ સિવાય જેને તે ગૈબની

જાણકારી આપવા ઈચ્છે, અને તે તે વહીની આગળ પાછળ દેખરેખ રાખનાર લગાવી દે છે. (૨૭) જેથી તે જાણી લે કે તેઓએ પોતાના પાલનહારના આદેશોને પહોંચાડી દીધા, અને પયગંબરોને આવતા અવરોધોને ઘેરાવમાં લઇ લે છે અને તે દરેક વસ્તુને ગણી ગણીને રેકોર્ડમાં રાખી છે. (૨૮) [અલ્ જિન : ૨૬-૨૮]. અને અલ્લાહ તઆલાએ પયગંબરોને  પોતાના આદેશો લોકો સુધી પહોંચાડવાનો આદેશ આપ્યો, અલ્લાહ તઆલાએ કહ્યું : {હે પયગંબર ! જે કંઈ પણ તમારી તરફ તમારા પાલનહાર તરફથી અવતરિત કરવામાં આવ્યું છે, તે લોકો સુધી પહોંચાડી દો, જો તમે આવું ન કર્યુ તો તમે અલ્લાહની પયગંબરીનો હક અદા ન કર્યો, અને તમને અલ્લાહ તઆલા લોકોથી બચાવી લેશે, નિ:શંક અલ્લાહ તઆલા કાફિરોને સત્યમાર્ગ નથી બતાવતો.} [અલ્ માઈદહ : ૬૭]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {આ દરેક પયગંબર (લોકોને)  ખુશખબરી આપનાર અને સચેત કરવાવાળા હતા, જેથી આ પયગંબરો આવી ગયા પછી લોકો માટે અલ્લાહ પર કોઇ દલીલ બાકી ન રહે, અને અલ્લાહ તઆલા જબરદસ્ત અને હિકમતવાળો છે.} [અન્ નિસા : ૧૬૫]. અને દરેક પયગંબર અલ્લાહથી ખૂબ જ ડરવાવાળા હતા એટલા માટે તેઓએ પોતાની પયગંબરીમાં કંઈ પણ રીતે વધારો ઘટાડો નથી કર્યો, અલ્લાહ તઆલાએ કહ્યું : {અને જો તે રસૂલ અમારા વિશે કંઇ પણ વાત ઘડી કહેતા, (૪૪) તો અમે તેઓનો જમણો હાથ પકડી લેતા(૪૫) પછી તેની ગરદનની રગ કાપી નાખતા (૪૬) તમારા માંથી કોઈ પણ અમને આ કામ કરવાથી રોકી ન શકતા (૪૭)} [અલ્ હાક્કહ : ૪૪-૪૭]. ઈબ્ને કષિર રહ.એ કહ્યું : અલ્લાહ તઆલાએ કહ્યું : 'જો કોઈ વાત અમારા માટે પોતાના તરફથી ઘડી લેતા' અર્થાત્ : મુહમ્મદ ﷺ પોતાની પયગંબરી માટે અમારા તરફથી કઇ પણ વાત ઘડી લેતા અથવા કોઈ પણ આદેશમાં ફેરફાર કરતા અથવા પોતાની વાત અમારા તરફ હવાલે કરી કહેતા - અને આ પ્રમાણે થઈ જ નથી- તો અમે તરત જ તેમની પકડ કરતા અને આવી રીતે તેમને સજા આપતા ' તેમનો જમણો હાથ પકડી લેતા ' કહેવામાં આવ્યું : અહીંયા સખત પકડની ઉપમા આપી

કહેવામાં આવ્યું છે, કે અમે તમારો જમણો હાથ જ પકડી લેતા. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {અને તે સમય પણ યાદ કરવા જેવો છે કે જ્યારે અલ્લાહ તઆલા ક્યામયના દિવસે કહેશે કે હે ઈસા બિન મરયમ ! શું તમે તે લોકોને કહ્યું હતું કે અલ્લાહને છોડીને મને અને મારી માતાને ઇલાહ બનાવી લો? ઈસા જવાબ અપાશે, હે અલ્લાહ ! તું પવિત્ર છે, હું આવી વાત કેવી રીતે કરી શકું છું, જે વાત કરવાનો મને આદેશ ન હતો? જો મેં આ પ્રમાણેની વાત કહી હોત તો તું સારી રીતે આ વાત જાણતો હોત, કારણકે જે કંઈ પણ મારા દિલમાં છે, તે તું જાણે છે અને જે કંઈ તારા દિલમાં છે તે હું નથી જાણતો, તું તો છુપાયેલી વાતોને પણ સારી રીતે જાણવવાળો છે,મેં તો તેઓને તે જ કહ્યું, જે તે મને કહેવાનો આદેશ આપ્યો હતો કે તમે અલ્લાહની બંદગી કરો, જે મારો પણ પાલનહાર છે અને તમારો પણ, હું જ્યાં સુધી તેમની વચ્ચે રહ્યો તેમના પર સંરક્ષક બનીને રહ્યો, પછી જ્યારે તેં મને ઉઠાવી લીધો તો તું જ તેઓની સ્થિતિ જાણતો હતો અને તું દરેક વસ્તુની સંપૂર્ણ જાણકારી રાખે છે.} [અલ્ માઇદહ: ૧૧૬-૧૧૭]. અને પયગંબરો અને નબીઓ પર અલ્લાહની ખૂબ જ કૃપા હતી કે અલ્લાહ તઆલાએ તેઓને પોતાની પયગંબરીના પ્રચાર માટે અડગ રાખ્યા. અલ્લાહ તઆલાએ કહ્યું : {અને હૂદ એ જવાબ આપ્યો, હું અલ્લાહને સાક્ષી બનાવું છું અને તમે પણ સાક્ષી રહેજો કે તમે જે કંઇ પણ શિર્ક કરી રહ્યા છો હું તેનાથી અળગો છું. (૫૪) અલ્લાહને છોડીને તમે બધા ભેગા થઈ મારા માટે જે યુક્તિ કરી શકતા હોય કરો અને મને મહેતલ પણ ન આપો. (૫૫) હું તો અલ્લાહ પર જ ભરોસો કરું છું, જે મારો પાલનહાર છે અને તમારો પણ પાલનહાર છે, જેટલા પણ સજીવ છે, દરેકને તેને પકડી રાખ્યા છે, અને નિઃશંક મારો પાલનહાર સાચા માર્ગ પર છે.} [હૂદ : ૫૪-૫૬]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {આ લોકો જે કઇ અમે તમારા પર વહી દ્વારા ઉતાર્યું છે, તેનાથી આપને પથભ્રષ્ટ કરવા ઈચ્છે છે, જેથી તમે અમારા નામ સિવાય કંઇક બીજું જ ઘડી કાઢો, ત્યારે આ લોકો તમને એમના દોસ્ત બનાવી લેતા. અને જો અમે તમને અડગ ન રાખતા, તો શક્ય હતું કે તમે તેમની

તરફ સહેજ ઝૂકી જાત. (૭૪) પછી તો અમે તમને પણ દુનિયાનો બમણો અઝાબ આપતા અને બમણો અઝાબ મોતનો, પછી તમે પોતાની સાથે કોઈ મદદગાર ન જોતા. (૭૫)} [અલ્ ઇસરા : ૭૩-૭૫]. ઉપરોક્ત આયતો અને જે પહેલાં વર્ણન કરવામાં આવી એ પુષ્ટિ કરે છે કે કુરઆન મજીદ સમગ્ર સૃષ્ટિના પાલનહાર તરફથી ઉતારવામાં આવ્યું છે, એટલા માટે કે જો આ કુરઆન મુહમ્મદ તરફથી હોત તો એમાં આ પ્રમાણે સંબોધવામાં ન આવ્યું હોત, જે રીતે સંભોધવામાં આવ્યું છે. અલ્લાહના તઆલા લોકોની બુરાઈથી પોતાના પયગંબરોને બચાવે છે. જેવું કે અલ્લાહ તઆલા કહે છે : {હે પયગંબર ! જે કંઈ પણ તમારી તરફ તમારા પાલનહાર તરફથી અવતરિત કરવામાં આવ્યું છે, તે લોકો સુધી પહોંચાડી દો, જો તમે આવું ન કર્યું તો તમે અલ્લાહની પયગંબરીનો હક અદા ન કર્યો, અને તમને અલ્લાહ તઆલા લોકોથી બચાવી લેશે, નિ:શંક અલ્લાહ તઆલા કાફિરોને સત્યમાર્ગ નથી બતાવતો.} [અલ્ માઈદહ : ૬૭]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {અને તમે તેમને નૂહ નો કિસ્સો વાંચી સંભળાવો, જ્યારે તેમણે પોતાની કોમને કહ્યું, કે હે મારી કોમના લોકો ! જો તમને મારું અહીંયા રહેવું અને અલ્લાહના આદેશોની શિખામણ આપવી કઠીન લાગતું હોય, તો મારો ભરોસો અલ્લાહ પર જ છે, તમે પોતાની યુક્તિ પોતાના ભાગીદારો સાથે મજબૂત કરી લો, પછી તમારી ચાલ તમારા ખંડનનું કારણ ન બનવી જોઇએ, પછી મારી સાથે જે કરવું હોય કરી લો મને મહેતલ ન આપો.} [યૂનુસ : ૭૧]. અને અલ્લાહ તઆલાએ મૂસા ની વાત નકલ કરતા કહ્યું : {તે બન્ને એ કહ્યું : હે અમારા પાલનહાર ! અમને ડર લાગે છે કે તે અમારી સાથે દુર્વ્યવહાર અથવા તો અમારા પર અત્યાચાર કરશે, અલ્લાહ તઆલાએ કહ્યું, તમારે ડરવાની જરૂર નથી, કારણકે હું તમારી સાથે હશું, અને તમારી વાતો સાંભળીશ અને તમારી હિફાજત કરતો રહીશ.} [તોહા : ૪૫-૪૬]. અલ્લાહ તઆલાએ સ્પષ્ટ કરી દીધું છે કે તે પોતાના પયગંબરોની તેમના દુશ્મનોથી હિફાજત કરશે, એટલા માટે તેઓ તેમને કઈ પણ નુકસાન નથી પહોંચાડી શકતા, અને અલ્લાહ તઆલાએ એ પણ જણાવી દીધું છે કે અલ્લાહ

તઆલા તેની વહીની પણ હિફાજત કરશે, એટલા માટે તેમાં વધારો ઘટાડો ક્યારેય થઈ શકતો નથી. અલ્લાહ તઆલાએ કહ્યું : {નિ:શંક અમે જ આ કુરઆનને ઉતારવાવાળા છે અને અમે જ તેની હિફાજત પણ કરવાવાળા છે.} [અલ્ હિજર : ૯]. અને પયગંબરો તે દરેક વસ્તુથી નિર્દોષ છે, જે બુદ્ધિ અને અખલાકની વિરુદ્ધ હોય, અલ્લાહ તઆલાએ પોતાના પયગંબર મુહમ્મદ ﷺનો તઝ્કીયો કરતા કહ્યું : {અને ખરેખર તમે ઉચ્ચ અખલાક પર છો.} [અલ્ કલમ : ૪]. એવી જ રીતે કહ્યું : {અને તમારો સાથી પાગલ નથી.} [અત્ તકવીર : ૨૨]. અને આવું એટલા માટે કે તેઓ પયગંબરીની જવાબદારી બરાબર રીતે નિભાવી શકે, યાદ રાખજો કે પયગંબરો ફક્ત અલ્લાહના આદેશો તેના બંદાઓ સુધી પહોંચાડવા માટે જવાબદાર હોય છે, તેમના રૂબુબિયત અને ઇલાહ હોવાના ગુણો માંથી કોઈ પણ ગુણ તેમનામાં હોતા નથી, જો કે તેઓ પણ બીજા ઇન્સાનો જેવા છે, જેમની તરફ અલ્લાહ તઆલાએ પોતાના આદેશોની વહી કરી છે, અલ્લાહ તઆલા કહે છે: {તેમના પયગંબરોએ તેમને કહ્યું કે આ તો સાચું છે, કે અમે તમારી જેમ એક ઇન્સાન જ છે, પરંતુ અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર જેને ઈચ્છે પોતાની કૃપા કરે છે, અલ્લાહના આદેશ વગર અમારી કોઈ તાકાત નથી કે અમે તમારા માટે મુઅજિઝહ લાવી બતાવીએ, અને ઇમાનવાળોએ ફક્ત અલ્લાહ પર જ ભરોસો કરવો જોઈએ.} [ઈબ્રાહીમ : ૧૧]. અલ્લાહ તઆલાએ મુહમ્મદ ﷺને આદેશ આપતા કહ્યું કે તમે પોતાની કોમને કહી દો : {હે ! પયગંબર કહી દો કે હું તો તમારી જેમ એક માનવી જ છું, (હા પરંતુ) મારી તરફ વહી કરવામાં આવે છે, કે ખરેખર તમારો ઇલાહ ફક્ત એક જ ઇલાહ છે, તો જે કોઈ પોતાના પાલનહાર સાથે મુલાકાત કરવાની ઈચ્છા ધરાવતો હોય તો તેણે નેક કાર્યો કરવા જોઈએ, પોતાના પાલનહારની ઈબાદતમાં કોઈને પણ ભાગીદાર ન ઠેરવે.} [અલ્ કહફ : ૧૧૦].

**૨૩. અને ઇસ્લામ ઈબાદતના ભવ્ય નિયમો સાથે ફક્ત એક અલ્લાહની બંદગી કરવાનો આદેશ આપે છે, અને તે નિયમો આ પ્રમાણે છે: નમાઝ, જેમાં કિયામ રુકૂઅ, સિજદો, અલ્લાહનો ઝિકર અને દુઆનો પણ સમાવેશ થાય છે, જેને માનવી રાત દિવસમાં પાંચ વખત પઢતો હોય છે, નમાઝ પઢતી વખતે માલદાર, ફકીર, રાજા, પ્રજા સૌ એક જ સફમાં ઉભા થઇ જાય છે, અને એવી જ રીતે ઝકાત, માલની સામાન્ય રકમ, જે અલ્લાહએ નક્કી કરેલ શરતો અને નિયમો પ્રમાણે વર્ષમાં એક વખત માલદારો પાસેથી લેવામાં આવે છે, અને અનાથ તેમજ લાચાર લોકોને આપી દેવામાં આવે છે, અને તેમાંથી જ એક રોઝો, રમઝાન માસના પવિત્ર મહિનામાં માનવી દિવસે ખાવા અને પીવા પર રોક લગાવી દે છે, જેનાથી નફસ અને સબરની તરબીયત થતી હોય છે, હજ પણ તે જ નિયમો માંથી છે, આ ઈબાદત ફક્ત સંપૂર્ણ ઉંમરમાં એક જ વખત કરવી જરૂરી છે, જો કે મક્કા શહેરમાં કાબાની ઝિયારત કરવા માટે શારીરિક અને માલની ક્ષમતા હોવી ખૂબ જ જરૂરી છે, આ એક એવી બંદગી છે, જેના દ્વારા ફક્ત એક અલ્લાહ તરફ જ ધ્યાન દોરવામાં મદદ રુપ બને છે અને તેને કરતી વખતે સંપૂર્ણ ગુણવત્તા અને પ્રતિષ્ઠતા ઝમીનમાં ચૂર ચર થઈ જાય છે.**

ઇસ્લામ નાની મોટી દરેક ઈબાદતને અલ્લાહ માટે ખાસ કરવાનો આદેશ આપે છે, જે ઈબાદતોનું અમે નીચે વર્ણન કરવા જઈ રહ્યા છે, તેને દરેક પયગંબરો અને નબીયો માટે જરૂરી કરી દીધી હતી, તે ઈબાદતો માંથી એક:

પ્રથમ: નમાઝ અલ્લાહ તઆલાએ દરેક મુસલમાન પર ફર્ઝ કરી છે, જેવી રીતે દરેક પયગંબરો માટે જરૂરી કરી છે, અલ્લાહ તઆલાએ પોતાના ખલીલ ઈબ્રાહીમને આદેશ આપ્યો કે તે અલ્લાહના ઘરને તવાફ કરવાવાળા માટે, નમાઝ પઢવાવાળા માટે, રૂકૂઅ કરવાવાળા માટે અને સિજદો કરવાવાળા માટે પાકસાફ રાખે. અલ્લાહ તઆલાએ કહ્યું : {(તે સમયને યાદ કરો) જ્યારે અમે બૈયતુલ્લાહ (કઅબા શરીફ) ને લોકો માટે એવી જગ્યા બનાવી દીધી, જેની તરફ (ઈબાદત) માટે જાય અને સંપૂર્ણ શાંતિની જગ્યા બનાવી, અને તમે ઇબ્રાહીમની જગ્યાને નમાઝ પઢવાની જગ્યા બનાવી લો, અને અમે ઇબ્રાહીમ તેમજ ઇસ્માઇલ પાસેથી વચન લીધું કે તમે મારા ઘરને તવાફ કરવાવાળા અને એઅતેકાફ કરવાવાળા અને રૂકુઅ-સિજદો કરવાવાળાઓ માટે પાક-સાફ રાખો} [અલ્ બકરહ : ૧૨૫]. જ્યારે અલ્લાહ તઆલાએ મૂસાને પ્રથમ વખત પોકાર્યા, તો તેમના પર નમાઝ ફર્ઝ કરતા કહ્યું: {હું જ તારો પાલનહાર છું, તું તારા ચપ્પલ ઉતારી દે, કારણકે તું પવિત્ર મેદાન તૂવા પર છું. (૧૨) અને મેં તને પસંદ કરી લીધો છે, હવે જે વહી તારા તરફ કરવામાં આવે તેને કાન લગાવી સાંભળ, (૧૩). હું જ અલ્લાહ છું, મારા સિવાય ઈબાદતને લાયક કોઈ નથી, બસ તું મારી જ બંદગી કર અને મારી યાદ માટે નમાઝ કાયમ કર. (૧૪)} [તોહા : ૧૨-૧૪]. મસીહ એ પણ જણાવ્યું કે અલ્લાહ તઆલાએ તેમને નમાઝ કાયમ કરવા અને ઝકાત આપવાનો આદેશ આપ્યો છે, જેવું કે અલ્લાહ તઆલાએ જણાવ્યું કે : {તેમણે કહ્યું, અને તેણે મને પવિત્ર કરી દીધો છે, જ્યાં હું છું, તેણે મને નમાઝ કાયમ કરવા અને ઝકાત આપવાનો આદેશ આપ્યો છે, જ્યાં સુધી હું જીવિત રહું.} [મરયમ: ૩૧]. ઇસ્લામમમાં નમાઝ કિયામ, રૂકૂઅ, સિજદો, અલ્લાહના નામની યાદ, તેની પ્રશંસાનું વર્ણન અને દુઆ પર આધારિત હોય છે, એક મુસલમાન પર રાત દિવસમાં પાંચ વખત નમાઝ પઢવાની હોય છે. અલ્લાહ તઆલાએ કહ્યું : {નમાઝોની હિફાજત કરો, ખાસ કરીને વચ્ચેની નમાઝની, અને અલ્લાહ માટે અદબથી ઉભા રહો.} [અલ્ બકરહ: ૨૩૮]. અને અલ્લાહ તઆલાએ

કહ્યું : {નમાઝને કાયમ કરો, સૂર્યાસ્તના સમયથી લઈને રાતના અંધકાર સુધી, અને ફજરમાં કુરઆન પણ પઢવું, ખરેખર ફજરના સમયે કુરઆન પઢવું હાજર કરવામાં આવે છે} [અલ્ ઇસ્રા: ૭૮]. અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : (બસ રુકૂઅ તેમાં પોતાના પાલનહારની મહાનતાનું વર્ણન કરો, અને સિજદામાં ખૂબ જ દુઆઓ માંગો, કારણકે સિજદામાં કરવામાં આવતી દુઆ જલ્દી કુબૂલ થાય છે.) સહીહ  મુસ્લિમ. બીજું : ઝકાત, અલ્લાહ તઆલાએ મુસલમાનો પર એવી જ રીતે ફરજ કરી છે, જેવી રીતે પયગંબરો અને રસૂલો પર ફર્ઝ કરી છે, ઝકાત, અલ્લાહ તઆલાએ નક્કી કરેલ રીત અને શરતો પ્રમાણે વર્ષમાં એકવાર અમીરો પાસેથી લઈ ગરીબો વગેરેમાં વહેંચણી કરવામાં આવતા થોડાક માલને કહે છે. અલ્લાહ તઆલાએ કહ્યું : {(હે નબી) ! તમે તેમના માલ માંથી દાન માટેની રકમ લઇ લો, જેના કારણે તમે તેમના (માલ) અને તેઓને (પોતે) પવિત્ર કરી દો અને તેમના માટે દુઆ કરતા રહો, નિ:શંક તમારી દુઆ તેમના માટે શાંતિનું કારણ બનશે અને અલ્લાહ ઘણું જ સાંભળવાવાળો અને બધું જ જાણવાવાળો છે.} [અત્ તૌબા: ૧૦૩]. અને જ્યારે આપ ﷺને મુઆઝ રઝી.ને યમન તરફ મોકલ્યા ત્યારે તેમને કહ્યું : <<તમે એવા લોકો પાસે જઈ રહ્યા છો જેઓ અહેલે કિતાબ છે, તમે સૌ પ્રથમ એમને એ વાત તરફ બોલાવજો કે તેઓ ગવાહી આપે કે અલ્લાહ સિવાય કોઈ બંદગીને લાયક નથી, અને હું અલ્લાહનો પયગંબર છું, જો તેઓ તમારી આ વાત માની લે તો તેમને કહેજો કે અલ્લાહ તઆલાએ તેમના પર રાત દિવસમાં પાંચ વખતની નમાઝ ફર્ઝ કરી છે, અને જો તેઓ તમારી આ વાત પણ માની લે તો તેમને કહેજો કે અલ્લાહ તઆલાએ તેમના માલ માંથી ઝકાત ફર્ઝ કરી છે, જે તેમના ધનવાન લોકો પાસેથી લઈ તેમના ગરીબ લોકોમાં વહેંચવામાં આવશે, અને જો તેઓ તમારી આ વાત પણ માની લે તો ઝકાતમાં તેમનો સૌથી ઉત્તમ માલ કદાપિ ન લેશો, અને પીડિતની બદ્ દુઆ થી બચીને રહેજો, કારણકે તેના અને અલ્લાહ તઆલા વચ્ચે કોઈ પરદો નથી .>> આ હદીષને ઇમામ તિર્મિઝી રહ.એ રિવાયત કરી, ૬૨૫. ત્રીજું: રોઝો, જેને અલ્લાહ

તઆલાએ મુસલમાનો પર એવી જ રીતે ફર્ઝ કર્યા છે, જે રીતે દરેક પયગંબરો પર ફર્ઝ કર્યા હતા, અલ્લાહ તઆલા કહે છે : {હે ઇમાનવાળાઓ ! તમારા પર રોઝા રાખવા જરૂરી કરી દેવામાં આવ્યા છે, જેવી રીતે તમારા પહેલાના લોકો પર જરૂરી કરી દેવામાં આવ્યા હતા, જેથી તમે ડરવાવાળા બની જાઓ.} [અલ્ બકરહ : ૧૮૩]. રમઝાન માસમાં રોઝો તોડવા વાળી દરેક વસ્તુથી રુકી જવાને રોઝો કહે છે, રોઝા માનવીમાં મજબૂત ઈરાદો અને સબર પેદા કરે છે. આપ ﷺએ કહ્યું : <<અલ્લાહ તઆલા કહે છે : રોઝો મારા માટે છે, અને હું જ તેનો બદલો આપીશ, બંદો મારા માટે પોતાની મનેચ્છાઓ અને ખાવાપીવાનું છોડી દે છે, રોઝો ઢાલ છે, અને રોઝા રાખનાર માટે બે ખુશીઓની ખુશખબરી છે, એક ઇફતારીના સમયે હોય છે, અને બીજી ખુશી ત્યારે થશે જયારે તે પોતાના પાલનહાર સાથે મુલાકાત કરશે.>> સહીહ બુખારી ૭૪૯૨. ચોથું: હજ, આ ઈબાદતને પણ અલ્લાહ તઆલાએ એવી જ રીતે ફર્ઝ કરી છે, જેવી રીતે પહેલા પયગંબરો પર ફર્ઝ કરી હતી, અલ્લાહ તઆલાએ પોતાના નબી ઈબ્રાહીમ ખલીલને હજ માટે પોકારવાનો આદેશ આપ્યો અને કહ્યું : {અને લોકોને હજ કરવાનો આદેશ આપી દો, લોકો તમારી પાસે ચાલતા ચાલતા અને પાતળા ઊંટ પર સવારી કરીને આવશે, અને દૂરના દરેક માર્ગો પરથી આવશે.} [અલ્ હજ્જ: ૨૭]. તેમને અલ્લાહ તઆલાએ એ પણ આદેશ આપ્યો કે તેઓ હાજીઓ માટે બૈતુલ્લાહને પાકસાફ રાખે, અલ્લાહ તઆલાએ કહ્યું : {અને ઈબ્રાહીમ ને કઅબતુલ્લાહ માટે જગ્યા બતાવી દીધી, એક શરત પર કે કોઈને પણ મારી સાથે ભાગીદાર નહીં ઠેહરાવે, અને મારા ઘરને તવાફ, કિયામ, રુકૂઅ અને સિજદા કરવાવાળા માટે પાકસાફ રાખે.} [અલ્ હજ્જ: ૨૬]. હજ: ખાસ અમલ કરવા માટે મક્કા શહેરમાં બૈતુલ્લાહની ઝિયારત કરવાને હજ કહે છે, ઉંમર ભરમાં એક વાર જે તાકાત ધરાવે તેના પર ફર્ઝ છે.  અલ્લાહ તઆલા કહે છે : {અને લોકો પર અલ્લાહ તઆલાનો હક એ છે કે જે વ્યક્તિ તેના ઘર સુધી પહોંચી શકતો હોય તે આ ઘરનો હજ કરે,  અને જે કોઇ આ આદેશનો ઇન્કાર કરશે (તે સારી રીતે સમજી લે) કે

અલ્લાહ તઆલા સમગ્ર સૃષ્ટિથી બેનિયાઝ છે.} [આલિ ઇમરાન: ૯૭]. હજમાં દરેક હાજી મુસલમાન નિખાલસતા સાથે ફક્ત અલ્લાહની ઈબાદત કરવા માટે એક જગ્યા પર ભેગા થાય છે, અને દરેક હાજીઓ ઝબરદસ્ત રીતે દરેક અમલો કરતા હોય છે, જેના કારણે માહોલ અને માલની દરેક પ્રાથમિકતાઓ નષ્ટ થઈ જાય છે.

## ૨૪- અને ઇસ્લામની દરેક ઈબાદતોની ખૂબી એ છે કે દરેક ઈબાદતનો તરીકો, તેનો સમય તેની શરતો ફક્ત અલ્લાહ તઆલાએ જ નક્કી કરી છે, જેને આપ ﷺએ જે રીતે અલ્લાહ તઆલા તેમને આદેશ આપ્યો એવી જ રીતે આપણી સુધી પહોંચાડ્યા, તેમાં વધઘટ કરવા માટે કોઈ પણ માનવી આ જ સુધી દખલગીરી કરી શક્યો નથી અને આગળ પણ નહીં કરી શકે, આ દરેક ઈબાદતો એ પ્રમાણે જ છે, જે રીતે દરેક પયગંબરો પોતાની કોમ સુધી પહોંચાડી છે.

અને ઇસ્લામની દરેક ઈબાદતોની ખૂબી એ છે કે દરેક ઈબાદતનો તરીકો, તેનો સમય તેની શરતો ફક્ત અલ્લાહ તઆલાએ જ નક્કી કરી છે, જેને આપ ﷺએ જે રીતે અલ્લાહ તઆલા તેમને આદેશ આપ્યો એવી જ રીતે આપણી સુધી પહોંચાડ્યા, તેમાં વધઘટ કરવા માટે કોઈ પણ માનવી આ જ સુધી દખલગીરી કરી શક્યો નથી અને આગળ પણ નહીં કરી શકે, આ દરેક ઈબાદતો એ પ્રમાણે જ છે , જે રીતે દરેક પયગંબરો પોતાની કોમ સુધી પહોંચાડી છે. અલ્લાહ તઆલા કહે છે : {આજે મેં તમારા માટે દીનને સંપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી કૃપા પુરી કરી દીધી અને તમારા માટે ઇસ્લામના દીન હોવા પર રાજી થઇ ગયો} [અલ્ માઇદહ : 3]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {જે વહી આપની તરફ કરવામાં આવી રહી છે, તેને મજબૂતી સાથે થામી લો, ખરેખર તમે સત્યમાર્ગ પર છો.} [અઝ્ ઝુખ્ રુફ:૪3]. અલ્લાહ તલા નમાઝ વિશે કહે છે : {પછી જ્યારે તમે નમાઝ પઢતા રહો, ઊભા-ઊભા, બેઠાં-બેઠાં અને સૂતાં-સૂતાં અલ્લાહ તઆલાના નામનું સ્મરણ કરતા રહો અને જ્યારે શાંતિ મળે ત્યારે નમાઝ પાબંદી સાથે પઢો, નિ:શંક નમાઝ ઈમાનવાળાઓ માટે નક્કી કરેલ સમય પર પઢવી જરૂરી છે.} [અન્ નિસા : ૧૦3]. અને ઝકાત ક્યાં આપવી તે વિશે અલ્લાહ તઆલાએ કહ્યું : {અલ્લાહ તરફથી દાન ફકત ફકીરો માટે, લાચારો માટે, ઝકાત ઉઘરાવનારાઓ માટે, તેઓ માટે જેમના હૃદયો ઇસ્લામ તરફ

ઝુકેલા છે, તથા કેદીઓને છોડાવવા માટે, દેવાદારો માટે, તથા અલ્લાહના માર્ગમાં અને મુસાફરો માટે ફરજિયાત છે અને અલ્લાહ જ્ઞાની તથા હિકમતવાળો છે.} [અત્ તૌબા: ૬0]. અને રોઝા વિશે અલ્લાહ તઆલા કહે છે: {રમઝાન તે મહિનો છે, જેમાં કુરઆન ઉતારવામાં આવ્યું છે, જે લોકો માટે હિદાયત છે, અને તેમાં હિદાયત તેમજ સત્ય અને અસત્ય વાતની વચ્ચે તફાવત માટેની નિશાનીઓ છે, તમારા માંથી જે વ્યક્તિ આ મહિનો મેળવી લે, તેના માટે મહિનાના સંપૂર્ણ રોઝા રાખવા જરૂરી છે, હાઁ જે બિમાર હોય અથવા મુસાફર હોય તેણે બીજા દિવસોમાં આ ગણતરી પુરી કરી લેવી જોઇએ, (કારણકે) અલ્લાહ તઆલા તમારી સાથે સરળતા ઈચ્છે છે, કઠિનાઈ નહી, તે ઇચ્છે છે કે તમે ગણતરી પુરી કરી લો અને અલ્લાહ તઆલાએ આપેલા માર્ગદર્શન પર તેની પ્રસન્નતાનું વર્ણન કરો અને તેનો આભાર માનો.} [અલ્ બકરહ :૧૮૫]. અને અલ્લાહ તઆલા હજ વિશે કહ્યું : {હજના મહિના દરેક લોકો જાણે છે, એટલા માટે જે વ્યક્તિ તે માસમાં હજ કરે તે પોતાની પત્નિ સાથે સમાગમ કરવાથી, ગુનાહ કરવાથી અને લડાઇ ઝઘડો કરવાથી બચતો રહે, તમે જે પણ સદકાર્ય કરો છો તેને અલ્લાહ ખુબ સારી રીતે જાણે છે, અને પોતાની સાથે સફર ખર્ચ લઇ લો, અને હજના સફરમાં સૌથી ઉત્તમ ભથ્થું તો અલ્લાહ તઆલા નો ડર છે અને હે બુધ્ધિશાળી લોકો ! મારાથી ડરતા રહો.} [અલ્ બકરહ :૧૯૭]. અને આ ઈબાદતો તરફ દરેક પયગંબરોએ લોકોને બોલાવ્યા છે.

૨૫- ઇસ્લામના પયગંબરનું નામ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ﷺ છે, જેઓ ઇસ્માઇલ બિન ઈબ્રાહીમના ખાનદાનો માંથી છે, આપ ﷺનો જન્મ મક્કા શહેરમાં 571 ઈસવીમાં થઈ, અને ત્યાં જ તેમને પયગંબરી આપવામાં આવી, પછી હિજરત કરી મદીના ચાલ્યા ગયા, આપ ﷺએ મૃતીઓની બંદગી કરવામાં પોતાની કોમનો કઇ પણ પ્રકારનો સાથ ન આપ્યો, પરંતુ અન્ય ભલાઈના કાર્યોમાં ઘણો સાથ આપ્યો, આપ પોતાની પયગંબરી પહેલા પણ ઉચ્ચ અખલાકના માલિક હતા, અને એટલા માટે જ લોકો આપને સાદિક અને અમીનના ઉપનામથી જાણતા હતા, જ્યારે આપ ﷺની ઉંમર ચાળીસ વર્ષની થઈ તો અલ્લાહ તઆલાએ આપને નુબૂવ્વત આપી, અને ઘણા મુઅજિઝા વડે અપની મદદ કરી,સૌથી ભવ્ય અને મહત્વનો મુઅજિઝો કુરઆન મજીદ છે, અને આ જ કુરઆન દરેક પયગંબરોનો પણ ભવ્ય મૂઅજિઝો છે, અને આજ  સુધી બાકી રહેવાવાળો, અને તેમની સૌથી મોટી નિશાની પણ એ જ છે, પછી જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના દીન અને શરીઅત પુરી કરી અને રસૂલ ﷺએ સંપૂર્ણ અમાનતદારી સાથે તેને પોતાની ઉમ્મત સુધી પહોંચાડી દીધી, તો ૬૩ વર્ષની ઉંમરે આપની વફાત થઈ, અને મદીના શહેરમાં દદન કરવામાં આવ્યા, અલ્લાહના રસૂલﷺ પયગંબરોની શ્રુખલામાં અંતિમ પયગંબર હતા, જેમને અલ્લાહ તઆલાએ હિદાયત અને સાચા દીન સાથે એટલા માટે મોકલ્યા હતા, કે આપ ﷺ દુનિયાના લોકોને મૃતિપૂજા અને કૂફર તેમજ અજ્ઞાનતા માંથી કાઢી તૌહીદ અને ઈમાનના પ્રકાશ તરફ કાઢી

## લાવે, અલ્લાહ તઆલાએ આપના વિશે એ ગવાહી આપી કે તેણે રસૂલ ﷺને પોતાના આદેશથી પોતાનો પયગંબર બનાવી મોકલ્યા હતા.

ઇસ્લામના પયગંબરનું નામ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ﷺ છે, જેઓ ઇસ્માઇલ બિન ઈબ્રાહીમના ખાનદાનો માંથી છે, આપ ﷺનો જન્મ મક્કા શહેરમાં 571 ઈસવીમાં થઈ, અને ત્યાં જ તેમને પયગંબરી આપવામાં આવી, પછી હિજરત કરી મદીના ચાલ્યા ગયા, આપ ﷺએ મૃતીઓની બંદગી કરવામાં પોતાની કોમનો કંઈ પણ પ્રકારનો સાથ ન આપ્યો, પરંતુ અન્ય ભલાઈના કાર્યોમાં ઘણો સાથ આપ્યો, આપ પોતાની પયગંબરી પહેલા પણ ઉચ્ચ અખલાકના માલિક હતા, અલ્લાહ તઆલાએ કહ્યું : {અને ખરેખર તમે ઉચ્ચ અખલાક  પર છો.} [અલ્ કલમ : ૪]. જ્યારે આપ ﷺની ઉંમર ચાળીસ વર્ષની થઈ, તો અલ્લાહ તઆલાએ આપ ﷺને પયગંબરી અને નુબૂવ્વત જેવી ભવ્ય જવાબદારી સોંપી, અને ઘણા ભવ્ય મુઅજિઝહ આપી આપની મદદ કરી, જેમાંથી સૌથી મહત્વ અને અગત્યનો મુઅજિઝહ કુરઆન મજીદ છે અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: <<દરેક પયગંબરને અલ્લાહ તઆલાએ કંઈક ને કંઈક મુઅજિઝો જરૂર આપ્યો છે, અને તે પ્રમાણે ઘણા લોકો તેના પર ઈમાન લાવ્યા, અને અલ્લાહ તઆલાએ મારા પર એક એવી કિતાબ (કુરઆન મજીદ) ઉતારી  છે, જે દરેક મુઅજિઝહ કરતા વધારે મોટો મુઅજિઝહ છે અને મને આશા છે કે મારા અનુસરણ કરનારની સંખ્યા ક્યામતના દિવસે સૌથી વધારે હશે.>> સહીહ બુખારી. કુરઆન મજીદ અલ્લાહ તરફથી તેના રસૂલ પર વહી કરવામાં આવેલી કિતાબ છે, અલ્લાહ તઆલા તેના વિશે કહે છે: {આ કિતાબ (કુરઆન મજીદ) માં કોઇ શંકા નથી. એવા ડરવાવાળા લોકોને માર્ગદર્શન આપે છે.} [અલ્ બકરહ : ૨]. જેના વિશે અલ્લાહ કહી રહ્યો છે: {શું આ લોકો કુરઆનમાં ચિંતન નથી કરતા ? જો આ અલ્લાહ તઆલા સિવાય બીજા કોઇ તરફથી હોત તો ખરેખર તેમાં ઘણો જ વિવાદ જોતા.} [અન્ નિસા : ૮૨]. અલ્લાહ તઆલાએ દરેક ઇન્સાનો અને

જિન્નાતોને ચેલેન્જ આપ્યું કે આના જેવી કિતાબ બનાવીને દેખાડો, અલ્લાહ તઆલાએ કહ્યું: {(હે પયગંબર !) કહી દો કે દરેક ઇન્સાન અને જિન્નાત મળીને આ કુરઆન જેવી કિતાબ લાવવા ઈચ્છે તો પણ કુરઆન જેવી કિતાબ લાવવી અશક્ય છે, ભલેને તે એકબીજાના મદદગાર પણ બની જાય.} [અલ્ ઇસ્રા : ૮૮]. પછી એવું ચેલેન્જ આપ્યું કે તેના જેવી દસ સૂરતો બનાવીને લાવો, અલ્લાહ તઆલાએ કહ્યું: {અથવા તો તે લોકો એમ કહે છે કે આ કુરઆનને તેણે જ ઘડી કાઢ્યું છે, તમે તેમને જવાબ આપી દો કે જો તમે પોતાની વાતમાં સાચા છો તો તમે પણ આના જેવી જ દસ સૂરતો ઘડેલી લઇને આવો અને અલ્લાહના સિવાય જેને ઇચ્છો પોતાની સાથે બોલાવી લો.} [હૂદ : ૧૩]. આટલા જ આદેશમાં બસ ન કર્યું, પરંતુ ચેલેન્જ કર્યું કે તેના જેવી એક સુરત બનાવી લઈ આવો, અલ્લાહ તઆલએ કહ્યું: {અને (હે કાફિરો !) અમે જે કંઇ પણ પોતાના બંદા (મુહમ્મદ) પર ઉતાર્યું છે, તેમાં જો તમને કંઇ પણ શંકા હોય, તો આના જેવી એક સૂરહ (પાઠ) તો બનાવી લાવો, જો તમે સાચા હોય તો અલ્લાહ તઆલાને છોડીને  પોતાના મદદ કરવાવાળાઓને પણ બોલાવી લો.} [અલ્ બકરહ : ૨૩].

આ જ કુરઆન મજીદ પયગંબરોની આજ સુધી બાકી રહેનારી સૌથી મોટી એક જ નિશાની છે, પછી જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ દ્વારા પોતાનો દીન સંપૂર્ણ કરી દીધો અને અલ્લાહના રસૂલ ﷺએ સંપૂર્ણ અમાનતદારી સાથે તેને દરેક સુધી પહોંચાડી દીધો, તો ત્રેસઠ વર્ષની ઉંમરે આપ ﷺની વફાત થઈ ગઈ, અને મદીના શહેરમાં જ દફન કરવામાં આવ્યા.

આપ ﷺ પયગંબરોની શ્રુંખલામાં અંતિમ પયગંબર છે, અલ્લાહ તઆલા કહે છે: {લોકો ! તમારા પુરુષો માંથી કોઈના પિતા મુહમ્મદ (ﷺ) નથી, પરંતુ આપ તો અલ્લાહના રસૂલ છો, અને દરેક પયગંબરો માંથી સૌથી અંતિમ પયગંબર છો અને અલ્લાહ તઆલા દરેક વસ્તુને ખૂબ સારી રીતે જાણવાવાળો છે.} [અલ્

અહઝાબ : ૪૦]. અને અબૂ હુરૈરહ રઝી. રિવાયત કરે છે કે રસૂલ ﷺએ કહ્યું: <<મારી અને મારા પહેલાના પયગંબરોનું ઉદાહરણ તે વ્યક્તિ જેવું છે, જેણે ખૂબ જ સુંદર ઘર બનાવ્યું, પરંતુ તેના એક ખૂણામાં તેણે એક ઈંટ મુકવાની જગ્યા ખાલી છોડી દીધી, લોકો તેની ચારેય તરફ ફરી ફરીને જોવા લાગ્યા, અને આશ્ચર્ય કરતા કહેવા લાગ્યા, કે આ ઈંટ કેમ મુકવામાં નથી આવી? આપ ﷺએ કહ્યું, હું જ તે ઈંટ છું, હું જ અંતિમ પયગંબર છું>> સહીહ બુખારી, ઇન્જિલમાં મસીહ એ આપ ﷺના આવવાના ખુશખબરી આપતા કહ્યું: (જે પથ્થરોને જોડવાથી બાંધકામ કરનારાઓ રોક્યા તે જ તે ઘરનો સરદાર બની ગયો, શુ ક્યારેય તમે કિતાબોમાં પઢયું નથી? તેઓને ઈસા એ કહ્યું, પાલનહાર તરફથી આવું થયું,  અને આ અમારી આંખો માટે ખૂબ જ આશ્ચર્યચકિત કરી દેનારી વસ્તુ છે." હાલ જેની પાસે તૌરાત છે, તેમાં પણ તેં વાત લખી છે, જે અલ્લાહ તઆલાએ મૂસા ને કહી હતી, "હું તેમના જ ભાઈઓ માંથી તારો જેવો જ એક પયગંબર બનાવીને મોકલીશ, તેના મોઢામાં મારું કલામ નાખીશ, અને તે ફક્ત તે જ વાતો કરશે, જેનો હું આદેશ આપીશ") અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરને હિદાયત અને સત્ય દીન લઈ મોકલ્યા હતા, અલ્લાહ તઆલાએ પોતે જ આપ ﷺ વિશે ગવાહી આપતા કહ્યું છે: {પરંતુ અલ્લાહ એ વાતની ગવાહી આપી રહ્યો છે કે તેણે જે કંઈ તમારી તરફ ઉતાર્યું છે, પોતાના ઇલ્મ દ્વારા ઉતાર્યું છે, અને ફરિશ્તાઓ પણ આ વાતની ગવાહી આપી રહ્યા છે, અને (આમ તો) અલ્લાહની ગવાહી જ પૂરતી છે.} [અન્ નિસા : ૧૬૬]. અલ્લાહ તઆલાએ કહ્યું: {તે જ છે, જેણે પોતાના રસૂલોને હિદાયત અને સત્યમાર્ગ આપી મોકલ્યા, તે દીનને દરેક દીન પર વિજય આપશે, અને ગવાહી આપવામાં માટે બસ અલ્લાહ જ પૂરતો છે.} [અલ્ ફતહ : ૨૮]. અલ્લાહ તઆલાએ તેમને હિદાયત આપી એટલા માટે મોકલ્યા હતા, કે તે લોકોને મૃતિપૂજા થી, કૂફર અને અજ્ઞાનતાના અંધકાત માંથી કાઢી તૌહીદ અને ઇમાનના પ્રકાશ તરફ લઇ આવે, અલ્લાહ તઆલાએ કહ્યું: {જેના કારણે અલ્લાહ તઆલા તેઓને સલામતીનો માર્ગ બતાવે છે, જે અલ્લાહની પ્રસન્નતા ઇચ્છતા હોય

(તેમને અને તેઓને પોતાની તૌફીક વડે અંધકાર માંથી કાઢી પ્રકાશ તરફ લાવે છે અને સત્યમાર્ગ તરફ તેઓને માર્ગદર્શન આપે છે.} [અલ્ માઇદહ : ૧૬]. અલ્લાહ તઆલાએ કહ્યું: {અલિફ- લામ- રો, આ કિતાબ અમે તમારી તરફ ઉતારી છે, કે તમે લોકોને તેમના પાલનહારના આદેશ મુજબ અંધકાર માંથી કાઢી પ્રકાશ તરફ લાવો, ઝબરદસ્ત અને પ્રશંસાને લાયક અલ્લાહના માર્ગ તરફ.} [ઈબ્રાહીમ : ૧].

## ૨૬ - અલ્લાહના રસૂલ ﷺની શરીઅત દરેક અલ્લાહના આદેશો અને ઈલાહી શરીઅતોનો ખાત્મો છે, તે એક એવી સંપૂર્ણ અને સચોટ શરીઅત છે, જેમાં લોકોની દીન અને દુનિયાની ઇસ્લાહ અને કામયાબી બન્ને છુપાયેલી છે, આટલું જ નહીં પરંતુ આ લોકોના દીન અને ધર્મો, લોહી અને માલ અને બુદ્ધિ તેમજ સંતાનોની દેખરેખ રાખનાર પણ છે, તેણે પાછળની શરીઅતો પર એવી રીતે ખત્મ કરી દીધી, જેવું કે પહેલાની એક શરીઅત તેના પછી આવનારી શરીઅત પહેલાથી હાજર શરીઅતનો ખાત્મો કરતી હતી.

અલ્લાહ રસૂલ ﷺ જે શરીઅત લઈને આવ્યા તે શરીઅત દરેક અલ્લાહના સંદેશ અને ઈલાહી શરીઅતનો ખાત્મો છે, તેના દ્વારા અલ્લાહએ પોતાના દીનને પૂર્ણ કર્યો, અને પોતાના રસૂલ ﷺની પયગંબરી સાથે લોકો પર કરેલ નેઅમત પુરી કરી, અલ્લાહ તઆલા કહે છે: {આજે મેં તમારા માટે દીનને સંપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી કૃપા પુરી કરી દીધી અને તમારા માટે ઇસ્લામના દીન હોવા પર રાજી થઇ ગયો} [અલ્ માઇદહ : ૩]. ઇસ્લામી શરીઅત એક સંપૂર્ણ અને સચોટ શરીઅત છે, જેમાં લોકોના દીન અને દુનિયા બન્નેની સફળતા છુપાયેલી છે, કારણકે આ શરીઅત પાછળની દરેક શરીઅતોનો નિચોડ અને તે દરેક માટે સંપૂર્ણ અને પુરી છે, અલ્લાહ તઆલાએ કહ્યું: {ખરેખર આ કુરઆન તે માર્ગ બતાવે છે, જે ખૂબ જ સીધો છે, અને ઈમાનવાળાઓ તેમજ જે લોકો નેક કાર્યો કરે છે કે તેમને ખુશખબરી આપે છે, કે તેમના માટે ખૂબ જ મોટો સવાબ છે.} [અલ્ ઇસ્રા : ૯]. ઇસ્લામી શરીઅતે લોકો પરથી તે ભાર ઉતારી દીધો, જે પાછળની કોમોએ ઉઠાવેલો હતો, અલ્લાહ તઆલા કહે છે: {જે લોકો એવા અભણ પયગંબરનું અનુસરણ કરે છે, જેના

વિશે તે લોકો પોતાની પાસે તૌરાત અને ઈંજીલમાં લખેલું જુએ છે, તે તેઓને સત્કાર્યોનો આદેશ આપે છે અને ખરાબ કૃત્યોથી રોકે છે, અને પવિત્ર વસ્તુઓને હલાલ ઠેરવે છે અને ખરાબ વસ્તુઓને હરામ ઠેરવે છે. અને તે લોકો પર જે ભાર અને પટ્ટો હતો, તેને હટાવે છે, તો જે લોકો આ પયગંબર પર ઈમાન લાવે છે અને તેમનું સમર્થન કરે છે અને તેમની મદદ કરે છે અને તે પ્રકાશનું અનુસરણ કરે છે જે તેમની સાથે મોકલવામાં આવ્યું છે, તો આવા લોકો સંપૂર્ણ સફળતા મેળવશે.} [અલ્ અઅરાફ : ૧૫૭]. ઇસ્લામી શરીઅત પાછળની દરેક શરીઅતોને મન્સુખ(ખત્મ) કરી દે છે, જેવું કે અલ્લાહ તઆલા કહે છે: {અને અમે તમારી તરફ સાચી કિતાબ (કુરઆન) ઉતારી છે, જે પોતાના કરતા પહેલાની કિતાબોની પુષ્ટિ કરે છે અને તે (કિતાબો)ની સુરક્ષા પણ કરે છે, એટલા માટે તમે તેઓની અંદર અંદરની બાબતોમાં અલ્લાહએ ઉતારેલી કિતાબ મુજબ જ નિર્ણય કરો, જ્યારે તમારી પાસે સત્ય આવી ગયું છે તો સત્યથી હટીને તેઓની મનેચ્છાઓની પાછળ ન જાઓ, તમારા માંથી પ્રત્યેક માટે એક કાનૂન અને રસ્તો નક્કી કરી દીધો છે, જો અલ્લાહની ઇચ્છા હોત તો તમને બધાને એક જ જૂથ બનાવી દેત, પરંતુ તેની ઇચ્છા છે કે જે તમને આપ્યું છે તેમાં તમારી કસોટી કરે. તમે સદકાર્યો તરફ ઉતાવળ કરો, તમારે સૌએ અલ્લાહ તરફ જ પાછા ફરવાનું છે, પછી તે (અલ્લાહ) તમને તે દરેક વસ્તુની જાણ આપશે જેમાં તમે મતભેદ કરતા હતા.} [અલ્ માઇદહ : ૪૮]. બસ ! કુરઆન મજીદ જેમાં એક સચોટ અને સંપૂર્ણ શરીઅત છે, તે પાછળની દરેક ઈલાહી કિતાબોની પુષ્ટિ કરવાવાળી, તેમનો નિર્ણય અને નાસિખ (૨૬) બનીને ઉતરી છે.

## ૨૭ - અલ્લાહ તઆલા પાસે ઇસ્લામ સિવાય કોઈ દીન સ્વીકાર્ય નથી, જેને રસૂલ ﷺ લઈને આવ્યા, અને જે ઇસ્લામ સિવાય બીજા કોઈ દીનને ગળે લગાવશે, તેને કબૂલ કરવામાં નહિ આવે.

આપ ﷺની પયગંબરી પછી અલ્લાહ તઆલા પાસે ઇસ્લામ સિવાય બીજો કોઈ દીન સ્વીકાર્ય નથી, જેને અલ્લાહના રસૂલ ﷺ લઈને આવ્યા, અને જે ઇસ્લામ સિવાય બીજા કોઈ દીનને ગળે લગાવશે, તેને કબૂલ કરવામાં નહિ આવે. અલ્લાહ તઆલા કહે છે: {અને જે વ્યક્તિ ઇસ્લામ વગર બીજો દીન શોધે તેનો દીન કબૂલ કરવામાં નહીં આવે અને તે આખિરતમાં નુકસાન ઉઠાવનારાઓ માંથી હશે.} [આલિ ઇમરાન: ૮૫]. અલ્લાહ તઆલાએ કહ્યું: {નિંશંક અલ્લાહ તઆલાની નજીક દીન ઇસ્લામ જ છે અને કિતાબવાળાઓએ પોતાની પાસે જ્ઞાન આવી ગયા છતાં અંદર અંદર વિદ્રોહ અને ઇર્ષ્યાના કારણે જ વિરોધ કર્યો છે અને અલ્લાહ તઆલાની આયતોનો જે કોઇ ઇન્કાર કરશે તો અલ્લાહ તઆલા તેનો નજીક માંજ હિસાબ લેનાર છે.} [આલિ ઇમરાન: ૧૯]. આ ઇસ્લામ, ઈબ્રાહીમ ખલીલુલ્લાહનો જ તરીકો છે, જેવું કે અલ્લાહ તઆલા કહે છે: {ઇબ્રાહીમના દીનથી તે જ અનિચ્છા દર્શાવશે જે મૂર્ખ હશે, અમે તો (ઈબ્રાહીમ)ને દૂનિયામાં (અમારા કામ માટે) પસંદ કરી લીધા અને આખિરતમાં પણ તેઓ સદાચારી લોકો માંથી છે.} [અલ્ બકરહ : ૩૦]. અલ્લાહ તઆલાએ કહ્યું: {દીન બાબતે તેનાથી સારો કોણ હોઈ શકે છે ? જે પોતાને અલ્લાહને સોંપી દે અને સદાચારી હોય, સાથે સાથે એકેશ્વરવાદી ઇબ્રાહીમનું અનુસરણ કરતો હોય અને ઇબ્રાહીમને અલ્લાહ તઆલાએ પોતાના મિત્ર બનાવી લીધા છે.} [અન્ નિસા : ૧૨૫]. અને અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરને આ આદેશ પણ આપ્યો છે કે : {(હે પયગંબર) તમે તેમને કહી દો કે મને મારા પાલનહારે એક સીધો માર્ગ બતાવ્યો છે, કે જે તદ્દન સાચો દીન છે, જે ઇબ્રાહીમ હનીફનો માર્ગ છે, જે અલ્લાહ તરફ એકાગ્ર હતા અને તેઓ મુશરિક ન હતા.} [અલ્ અન્આમ: ૧૬૧].

**૨૮ - કુરઆન મજીદ અલ્લાહની તે કિતાબ છે, જેને અલ્લાહએ પોતાના પયગંબર અને રસૂલ પર વહી દ્વારા ઉતાર્યું, તે ખરેખર સમગ્ર સૃષ્ટિના પાલનહારની વાણી છે, અલ્લાહ તઆલાએ દરેક ઇન્સાનો અને જિન્નાતોને ચેલેન્જ આપ્યું છે કે  કે તે કુરઆન જેવી કોઈ કિતાબ અથવા તેના જેવી એક સૂરત જ બનાવી લાઓ, પરંતુ તે ચેલેન્જનો જવાબ આજ સુધી કોઈએ નથી આપ્યો, જેના કારણે લાખો લોકો આશ્ચર્યચકિત બની જાય છે, કુરઆન મજીદ આજે પણ અરબી ભાષામાં સુરક્ષિત છે, તેનો એક શબ્દ પણ ઓછો નથી થયો, જે મુદ્રિત અને પ્રકાશિત થયેલું છે, અને એક એવી ચમત્કારી મહાન કિતાબ છે, જેનું વાંચન કરવું અથવા કમસેકમ તેના શબ્દો અને અર્થ જાણવા ખૂબ જ જરૂરી છે, એવી જ રીતે અલ્લાહના રસૂલ ﷺની સુન્નત, તેમની શિક્ષાઓ અને તેમના જીવન ચરિત્ર વિશે ભરોસા પાત્ર રાવીઓના દ્વારા સુરક્ષિત છે, આ દરેક વસ્તુ પણ અરબી ભાષામાં જ છે, જેમાં આપ ﷺ વાતચીત કરતા હતા, તેનું ભાષાતર પણ દુનિયાની ઘણી ભાષાઓમાં થયું છે, કુરઆન મજીદ અને આપ ﷺની સુન્નત જ દીન જાણવા માટે  બન્ને એવા મજબૂત સ્ત્રોત છે, જેના દ્વારા ઇસ્લામી આદેશો અને નિર્ણય કરવામાં આવે છે, એટલા માટે ઇસ્લામ દીનને તેને માનનારાઓ તરફથી નહિ પરંતુ અલ્લાહ તરફથી વહી કરેલ કુરઆન મજીદ અને સુન્નતને જોઈ સ્વીકારવામાં આવે.**

કુરઆન મજીદ અલ્લાહની તે કિતાબ છે, જેને અલ્લાહએ પોતાના પયગંબર અને રસૂલ પર વહી દ્વારા ઉતારી, તે ખરેખર સમગ્રસૃષ્ટિના પાલનહારની વાણી છે,

અલ્લાહ તઆલા કહે છે: {અને ખરેખર આ (કુરઆન) અલ્લાહ તરફથી ઉતારવામાં આવ્યું છે, (192) તેને અમાનદાર ફરિશ્તો લઈને આવ્યો (193) તમારા હૃદય પર ઉતારવામાં આવ્યું છે કે તમે સચેત કરનાર બની જાઓ, (194) સ્પષ્ટ અરબી ભાષામાં છે, (195) [અશ્ શુઅરા : ૧૯૨-૧૯૫]. અલ્લાહ તઆલાએ કહ્યું: {ખરેખર આપ ﷺને બધું જ જાણવાવાળા અને હિકમતવાળા અલ્લાહ તરફથી કુરઆન શીખવાડવામાં આવી રહ્યું છે} [અન્ નમલ : ૬]. આ કુરઆન મજીદ અલ્લાહ તઆલા તરફથી ઉતારવામાં આવેલી કિતાબ છે, જે અલ્લાહએ ઉતારેલી પાછળની કિતાબોની પુષ્ટિ કરે છે, અલ્લાહ તઆલા કહે છે: {અને આ કુરઆન એવું નથી કે અલ્લાહ (ની વહી) વગર (પોતે જ) ઘડી કાઢ્યું હોય, પરંતુ આ તો (તે કિતાબોની) પુષ્ટિ કરવાવાળું છે જે આ પહેલા (ઉતારવામાં) આવી હતી, આમાં કોઈ શંકાની વાત નથી કે આ પાલનહાર તરફથી જ (ઉતારવામાં) આવી છે.} [યુનૂસ : ૩૭]. કુરઆન મજીદ દીન બાબતે એવી ઘણી વાતો વર્ણન કરે છે જેના કારણે યહૂદી અને નસ્રાની લોકો દીન બાબતે અંદરો અંદર મતભેદ કરતા હતા, અલ્લાહ તઆલા કહે છે: {ખરેખર આ કુરઆન મજીદ બની ઇસ્રાઇલની સામે તે દરેક વાતોને વર્ણન કરી રહ્યું છે, જેમાં તેઓ વિવાદ કરતા હતા.} [અન્ નમલ : ૭૬]. કુરઆન મજીદમાં અલ્લાહ તઆલા તેના દીન વિશે આપવામાં આવતા બદલા વિશે તેમજ સત્ય માર્ગની ઓળખ માટે ઘણા એવા દલીલો વર્ણન કરી છે, જેના કારણે દરેક લોકો પર હુજ્જત અને પુરાવો સાબિત થઇ જાય છે, અલ્લાહ તઆલા કહે છે: {અને ખરેખર અમે આ કુરઆન મજીદમાં દરેક પ્રકારના ઉદાહરણો આપી દીધા છે, કદાચ કે તેઓ નસીહત પ્રાપ્ત કરે.} [અઝ્ ઝૂમર : ૨૭]. અલ્લાહ તઆલા કહે છે: {અને અમે તમારા પર તે કિતાબ ઉતારી છે, જે દરેક વસ્તુની સ્પષ્ટતા કરે છે અને મુસલમાનો માટે રહેમત, હિદાયત અને ખુશખબરી છે.} [અન નહલ : ૮૯]. કુરઆન મજીદ ઘણા એવા સવાલોનો જવાબ એવા અંદાજથી આપે છે ,જે લાખો લોકોને આશ્ચર્યચકિત કરી દે છે, જેને તે સંપૂર્ણ યકીન અબે ભરોસાપૂર્વક વર્ણન કરે છે કે અલ્લાહએ આકાશો અને

ધરતી કઈ રીતે પેદા કરી, અલ્લાહ તઆલાએ કહ્યું: {શું કાફિરોએ જોયું નથી કે આકાશો અને ધરતી એકબીજા સાથે ભેગા હતા, પછી અમે તે બન્નેને એકબીજાથી અલગ કર્યા, અને દરેક જીવિત વસ્તુને અમે પાણીથી બનાવ્યું, શું આ લોકો તો પણ ઈમાન નથી લાવતા.} [અલ્ અંબિયા : 30]. તે એવું પણ વર્ણન કરે છે કે અલ્લાહ તઆલાએ માનવીને કઈ રીતે પેદા કર્યો, અલ્લાહ તઆલા કહે છે: {લોકો ! જો તમને તમારા મૃત્યુ પછી ફરી જીવિત થવામાં કોઈ શંકા હોય, તો વિચાર કરો કે અમે તમને માટી વડે પેદા કર્યા, પછી એક ટીપાંથી, પછી જામેલા ખૂનથી, પછી માંસના ટુકડાથી, જેને આકાર આપવામાં આવ્યો હતો, જે વિકૃત હતો, અમે તમારા પર સ્પષ્ટ કરી દઇએ છીએ, અને અમે જે પ્રમાણે અમારી ઈચ્છા હોય એક નક્કી કરેલ સમય સુધી તેને માતાના પેટમાં રાખીએ છીએ, પછી અમે તમને બાળપણની સ્થિતિમાં દુનિયામાં લાઈએ છીએ, પછી તમે તમારી ઠોસ યુવાનીની સ્થિતિમાં પહોંચી જાઓ, તમારા માંથી કેટલાકને તો વફાત આપવામાં આવે છે અને કેટલાકને અઢેર ઉંમર સુધી પહોંચાડી દેવામાં આવે છે, કે તે એક વસ્તુ જાણ્યા પછી ફરીથી અજાણ બની જાય છે, તું જોવે છે કે ઝમીન બંજર હતી, પછી અમે તેના પર વરસાદ વરસાવીએ છીએ, તો તે ઉભરે છે અને ફળદ્રુપ થાય છે અને દરેક પ્રકારના શાકભાજીઓ ઉપજાવે છે.} [અલ્ હજ: ૫]. કુરઆન મજીદ એ પણ કહે છે, કે આ જીવન પછી માનવીનું અંતિમ ઠેકાણું કયું હશે? અને સદાચારી અને દુરાચારી વ્યક્તિનું પરિણામ શુ હશે, આ વિશે પેરેગ્રાફ નંબર (૨૦)માં દલીલો વર્ણન થઈ ગઈ છે,અને આ કુરઆન તે સવાલનો જવાબ પણ આપે છે કે આ સૃષ્ટિનું અસ્તિત્વ ફક્ત કાલ્પનિક વસ્તુ છે અથવા કોઈ ભવ્ય હેતુના કારણે તેને અસ્તિત્વ આપવામાં આવ્યું? અલ્લાહ તઆલા કહે છે: {અને શું તે લોકોએ આકાશો અને ધરતીની માલિકી અને જે કંઈ પણ અલ્લાહએ પેદા કર્યું છે, તેમાં ક્યારેય વિચાર ન કર્યો? અને શું તેઓએ એ પણ વિચાર ન કર્યો કે કદાચ તેમનો મૌતનો સમય નજીક આવી ગયો, તો પછી પયગંબરની આ ચેતવણી પછી બીજી કંઈ વાત હોય શકે છે, જેના પર તેઓ ઈમાન લાવે.} [અલ્ અઅરાફ: ૧૮૫].

અલ્લાહ તઆલાએ કહ્યું: {શું આ લોકો એવું સમજે છે કે અમે તેમને બેકાર પેદા કર્યા છે, અને તેમને અમારી તરફ પાછા ફરવાનું નથી?} [અલ્ મુઅમિનૂન: ૧૧૫]. કુરઆન મજીદ હાલ એ જ ભાષામાં છે, જે ભાષામાં ઉતારવમાં આવ્યું હતું, અલ્લાહ તઆલા કહે છે કે: {નિઃશંક અમે જ આ કુરઆનને ઉતારવાવાળા છે અને અમે જ તેની હિફાજત પણ કરવાવાળા છે.} [અલ્ હિજર: ૯]. આજ સુધી તેમાંથી એક શબ્દ પણ ઓછો નથી થયો અને અશક્ય વાત છે કે તેમાં ઉમેરો અથવા ઘટાડો થાય, અલ્લાહ તઆલા કહે છે: {શું આ લોકો કુરઆનમાં ચિંતન નથી કરતા ? જો આ અલ્લાહ તઆલા સિવાય બીજા કોઇ તરફથી હોત તો ખરેખર તેમાં ઘણો જ વિવાદ જોતા.} [અન્ નિસા: ૮૨]. પ્રકાશિત કરેલ છે, અને એક એવી ચમાતકારી કિતાબ છે, જેનું વાંચન કરવું અથવા સાંભળવું, અથવા કમસે કમ તેનો અર્થ અથવા તેનું ભાષાતર જાણવું ખૂબ જ જરૂરી છે, એવી જ રીતે અલ્લાહના રસૂલનો સિરત જાણવી, શિક્ષાઓ અને શિખામણો પણ ભરોસાપાત્ર રાવીઓ દ્વારા સુરક્ષિત છે, આ દરેક વસ્તુઓ પણ અરબી ભાષામાં પ્રકાશિત છે, જેમાં આપ ﷺ વાતચીત કરતા હતા, તેનું ભાષાંતર પણ દુનિયાની ઘણી ભાષાઓમાં થયેલ છે, કુરઆન મજીદ અને સુન્નતે રસૂલ ﷺ આ બન્ને એવા સ્ત્રોત છે, જેમાંથી ઇસ્લામી કાનૂન અને નિયમો લેવામાં આવે છે, એટલા માટે ઇસ્લામને સમજવા માટે મુસલમાનોના કાર્યો અને અખલાક જોઈને નહિ પરંતુ અલ્લાહની વહીને જોઈ અર્થાત કુરઆન અને સુન્નત દ્વારા લેવામાં આવે, અલ્લાહ તઆલા કુરઆનની શાન દર્શાવતા કહે છે, {ખરેખર જે લોકોએ ઝિકર (કુરઆન મજીદ) આવી ગયા પછી પણ કૂફર કર્યો (તો આવા લોકો જ ખરેખર નુકસાન ઉઠાવનારાઓ બની જશે) જ્યારે કે આ એવી વિજયી અને ઠોસ કિતાબ છે કે બાતેલ ન તો તેમની સામેથી આવી શકે છે અને ન તો તેમની પાછળથી આવી શકે છે, આ કિતાબ તો હિકમતવાળા અને પ્રશંસાને લાયક અલ્લાહ તરફથી ઉતારવામાં આવેલી કિતાબ છે.} [ફુસ્સિલત: ૪૧-૪૨]. અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરની સુન્નતની શાન વર્ણન કરતા કહ્યું: {અને રસૂલ ﷺ જે કંઈ તમને આપે તેને લઈ

લો, અને જેનાથી રોકે તેનાથી રુકી જાઓ, અને અલ્લાહથી ડરો, કારણકે ખરેખર અલ્લાહ તઆલા સખત અઝાબ આપનાર છે.} [અલ્ હશ્ર: ૭].

## ૨૯- ઇસ્લામ માતાપિતા સાથે ભલાઈ અને તેમની સેવા કરવાનો આદેશ આપે છે, ભલેને માતાપિતા બિન મુસ્લિમ જ કેમ ન હોય, અને સંતાન સાથે પણ સદ્ વ્યવહાર કરવાનો આદેશ આપે છે.

અલ્લાહ તઆલા માતાપિતા સાથે ભલાઈ કરવાનો આદેશ આપે છે અલ્લાહ કહે છે: {અને તમારો પાલનહાર સ્પષ્ટ રીતે આદેશ આપી ચુક્યો છે કે તમે તેના સિવાય અન્યની બંદગી ન કરશો, અને માતાપિતા સાથે એહસાન કરતા રહેજો, જો તમારી હાજરીમાં તે બન્ને અથવા તે બન્ને માંથી એક વૃદ્ધા વસ્થામાં પહોંચી જાય તો તેમની સામે ઉફ પણ ન કરજે, અને ન તો તેમને ઠપકો અથવા ધમકાવજો, અને તેમની સાથે ખૂબ જ અદબ અને ઇઝઝ્ત સાથે વાતચીત કરજો.} [અલ્ ઇસ્રા: ૨૩]. અલ્લાહ તઆલાએ કહ્યું: {અમે ઇન્સાનોને તેમના માતાપિતા વિશે નસીહત કરી છે કે તેની માતાએ દુ:ખ વેઠીને તેને ગર્ભાવસ્થામાં રાખ્યો, અને તેને દૂધ છોડાવવાનો સમય બે વર્ષનો રાખ્યો, તો તું મારી અને પોતાના માતાપિતાનો આભાર માન, તમારે સૌને મારી તરફ જ પાછા ફરવાનું છે} [લુકમાન : ૧૪]. અને અલ્લાહ તઆલા એ કહ્યું : {અને અમે ઇન્સાનોને પોતાના માતાપિતા સાથે સદ્ વ્યવહાર કરવાનો આદેશ આપ્યો છે, તેની માતાએ તકલીફ ઉઠાવી તેને પેટમાં રાખ્યો અને સહન કરી તેને જન્મ આપ્યો, તેના ગર્ભ અને દૂધ છોડાવવાનો સમય ત્રીસ મહિનાનો છે, અહીં સુધી કે તે જ્યારે તે મજબૂત ઉંમરે અને ચાળીસ વર્ષની ઉંમર સુધી પહોંચી ગયા તો કહેવા લાગ્યો કે હે અલ્લાહ ! મને તૌફીક આપ કે હું તારી આ નેઅમતનો આભાર વ્યક્ત કરું, જે તે મારા પર અને મારા માતાપિતા પર કરી છે, અને એ કે હું એવા નેક અમલ કરું જેનાથી તું ખુશ થઈ જાય, અને તું મારા સંતાનને નેક બનાવ, હું તારી તરફ જ પાછો ફરું છું અને હું મુસલમાનો માંથી છું.} [અલ્ અહકાફ : ૧૫]. અબૂ હુરેરહ રઝી. રિવાયત કરે છે કે એક વ્યક્તિ અલ્લાહના રસૂલ પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે હે અલ્લાહના રસૂલ ! હું કોની સાથે સૌથી વધારે સદ્ વ્યવહાર કરું?

અને તેનો હક કોણ ધરાવે છે? કહ્યું કે તારી માતા, ફરી સવાલ કર્યો કે ફરી કહ્યું કે તારી માતા, ત્રીજી વખત સવાલ કર્યો પછી કોણ? ફરી જવાબ આપ્યો કે તારી માતા, ચોથી વખત સવાલ કર્યો તો અલ્લાહના રસૂલે કહ્યું કે તારા પિતા.>> સહીહ મુસ્લિમ. માતાપિતા સાથે સદ્ વ્યવહાર કરવાનો આદેશ સૌના માટે છે, અર્થાત્ માતાપિતા મુસ્લિમ હોય કે બિન મુસ્લિમ, તેમની સાથે સદ્ વ્યવહાર કરવો જોઈએ. અસ્મા બિન્તે અબૂ બકર રઝી. કહે છે કે અલ્લાહના રસૂલ ﷺએ કુરેશ લોકો સાથે જ્યારે કરાર કર્યો તે સમયે મારી માતા પોતાના દીકરાને લઈને મને મળવા માટે આવી અને તે સમયે તે મુશરિક હતા, મેં આપ ﷺને આ વાત પહોંચાડી સવાલ કર્યો કે મારી માતા જે મુશરિક છે, પરંતુ ઇસ્લામ તરફ ઝુકાવ ધરાવે છે, મને મળવા માટે આવી છે, શુ હું તેમની સેવા કરું? આપ ﷺએ કહ્યું કે હા, જરૂર પોતાની માતાની જરૂર સેવા કરો.>> સહીહ બુખારી, પરંતુ જો માતાપિતા પોતાના સંતાનને ઇસ્લામથી દુર કરી ફરી કૂફરમાં લઈ જવા ઈચ્છે તો ઇસ્લામ તેમને આદેશ આપે છે કે આ સ્થિતિમાં તમવા તેમની વાત ન માનશો, પરંતુ અલ્લાહ પર ઈમાન મજબૂત ધરાવે, તેમની સાથે સદ્ વ્યવહાર અને ભલાઈ ભર્યું વર્તન કરે, અલ્લાહ તઆલા કહે છે: {અને જો તે બન્ને તારા પર એ વાતનું જોર કરે કે તું મારી સાથે ભાગીદાર ઠહેરાવ, જેનું તને જ્ઞાન ન હોય તો તું તેમની વાત ન માન, હા, દુનિયામાં તેમની સાથે સારો વ્યવહાર કરવો જોઈએ, અને જે મારી સામે ઝુકતો હોય તેના માર્ગ પર ચાલશો, તમારે સૌએ મારી તરફ જ પાછા ફરવાનું છે, તમે જે કંઈ કરો છો હું તમને તેની ખબર આપીશ.} [લુકમાન: ૧૫]. ઇસ્લામ એક મુસલમાનને સંબંધી અથવા ગેર સંબંધી મુશરિક સાથે એહસાન ભર્યો વ્યવહાર કરવાથી રોકતો નથી, જો તે યુદ્ધના મેદાનમાં ન હોય તો, અલ્લાહ તઆલા કહે છે: {જે લોકોએ તમારી સાથે દીન પ્રત્યે લડાઈ નથી કરી અને તમારો દેશનિકાલ નથી કર્યો તો તેમની સાથે સદ્ વ્યવહાર કરવા, અહેસાન કરવાથી અને ન્યાય ભર્યો વ્યવહાર કરવાથી રોકતો નથી, પરંતુ અલ્લાહ તઆલા ન્યાય કરવાવાળા સાથે મુહબ્બત કરે છે.} [અલ્ મુમ્તહિનહ: ૮]. ઇસ્લામ પોતાના

સંતાનની શ્રેષ્ઠ પરવરીશ કરવાનો આદેશ આપે છે, ઇસ્લામ પિતાને સૌથી મોટો આદેશ એ આપે છે કે તે પોતાના સંતાનને શીખવાડે કે તારા પાલનહારના અધિકારો શું છે? જેવું કે આપ ﷺએ પોતાના કાકાના છોકરા અબ્દુલ્લાહ બિન અબ્બાસ રઝી.ને કહ્યું: <<હે બાળક ! અથવા કહ્યું કે હે નાના ! શુ હું તને એવા કેટલાક શબ્દો ન શીખવાડું, જેના દ્વારા અલ્લાહ તને  ફાયદો પહોંચાડે? મેં કહ્યું કે હા, જરૂર, કહ્યું કે અલ્લાહ તઆલાને દરેક સમયે યાદ રાખ, તે તને યાદ રાખશે, અલ્લાહ તઆલાને દરેક સમયે યાદ રાખ તેને તું તારી સામે જોશે, તું ખુશીમાં તેને યાદ રાખ તે તંગીમાં તને યાદ રાખશે, અને જ્યારે તને કઈ માગવું હોય તો અલ્લાહ તઆલા પાસે જ માંગ અને જ્યારે મદદ માંગવી હોય તો અલ્લાહ તઆલા પાસે જ માંગ.>> આ હદીષને અહમદ રહ.એ રિવાયત કરી છે, હદીષ નંબર ૪/૨૮૭. અલ્લાહ તઆલાએ માતાપિતાને એ પણ આદેશ આપ્યો છે કે તેઓ પોતાની સંતાનને ફાયદાકારક દીન અને દુનિયાની શિક્ષા આપે, તેણે કહ્યું: {હે ઈમાનવાળાઓ ! તમે પોતાને અને પોતાના ઘરવાળાઓને તે આગથી બચાવો જેનું ઇંધણ ઇન્સાન અને પથ્થર હશે, જેના પર કઠોર હૃદયના ફરિશ્તાઓ અવેક્ષક છે, જે આદેશ અલ્લાહ તઆલા આપે તેઓ તે આદેશની અવજ્ઞા નથી કરતા, જે આદેશ આપવામાં આવે, કરી છે.} [અત્ તહરીમ: ૬]. અલી રઝી. અલ્લાહના આ વાતની સમજુતી વર્ણન કરતા કહ્યું: {તમે પોતાને અને પોતાના સંતાનને જહન્નમથી આગથી બચાવો} અલી રઝી. કહે છે: " તેમને અદબ શીખવાડો અને તાલીમ આપો". આપ ﷺએ પિતાને આદેશ આપ્યો કે તેઓ પોતાના સંતાન ને નમાઝનો આદેશ આપે, જેથી નમાઝ પઢવા લાગે: (તમારી સંતાન જ્યારે સાત વર્ષની થઈ જાય તો તેમને નમાઝ પઢવાનો આદેશ આપો) આ હદીષને ઇમામ અબૂ દાવુદને રિવાયત કરી છે, આપ ﷺ કહ્યું: <<તમારા માંથી દરેક વ્યક્તિ જવાબદાર છે, અને દરેકને પોતાની જવાબદારી વિશે સવાલ કરવામાં આવશે, પુરુષ પોતાના ઘરવાળાઓનો જવાબદાર છે, અને તેને પોતાના ઘરવાળાઓ વિશે સવાલ કરવામાં આવશે, સ્ત્રી પોતાના પતિના ઘરવાળાઓની જવાબદાર છે અને

તેને પોતાની જવાબદારી વિશે સવાલ કરવામાં આવશે, નોકર પોતાના માલિકના માલનો જવાબદાર છે અને તેને તેના માલિકના માલ વિશે સવાલ કરવામાં આવશે, તમારા માંથી દરેક વ્યક્તિ જવાબદાર છે, અને તેને તેની હેઠળના લોકો વિશે સવાલ કરવામાં આવશે.>> સહીહ ઈબ્ને હિબ્બાન: ૪૪૯૦. ઇસ્લામે પિતાને પોતાની સંતાનનો ખર્ચ ઉઠાવવાની જવાબદારી સોંપી છે, અમે (18) નંબરના પેરેગ્રાફમાં આ બાબતે વર્ણન કરી ચુક્યા છે, અલ્લાહ તઆલાએ બાળકોના ખર્ચ ઉઠાવવાની મહત્વતાનું વર્ણન કરતા કહ્યું: <<શ્રેષ્ઠ દીનાર તે છે, જે માનવી પોતાના બાળકો પર ખર્ચ કરે, અને એક તે દીનાર, જે અલ્લાહના માર્ગમાં વકફ કરેલ સવારીના જાનવર પર ખર્ચ કરવામાં આવે, અને એક તે દીનાર, જે અલ્લાહના માર્ગમાં પોતાના દોસ્ત અને સંબંધી પર ખર્ચ કરવામાં આવે. અબૂ કલાબહ કહે છે ખર્ચ કરવાની શરૂઆત પોતાના સંતાનથી કરવામાં આવી, એટલા માટે કે સવાબ પ્રાપ્ત કરવામાં તે વ્યક્તિ કરતા વધારે સવાબ કોને મળી શકે છે, જે નાના નાના બાળકો પર એટલા માટે ખર્ચ કરે છે કે તેઓ ભીખ માંગવાથી બચી જાય, અથવા અલ્લાહ તેમને ફાયદો પહોંચાડે અને નિરપેક્ષ કરી દે.>> સહીહ મુસ્લિમ : ૯૯૪.

## 30- ઇસ્લામ દુશ્મનો સાથે પોતાની વાત અને વ્યવહારમાં પણ ન્યાય કરવાનો આદેશ આપે છે.

અલ્લાહ પોતાના કાર્યો અને પોતાના બંદાઓ વચ્ચે પોતાની વ્યવસ્થા કરવામાં પણ ન્યાય કર્યો છે, તેણે જે આદેશ આપ્યા, જેના પર રોક લગાવી, જે કઈ સર્જન કર્યું, અને જે કઈ તકદીરમાં લખ્યું, દરેક વસ્તુઓ સત્ય સાથે લખી, અલ્લાહ તઆલા કહે છે: {અલ્લાહ તઆલાએ, ફરિશ્તાઓએ અને જ્ઞાનવાળાઓએ એ વાતની સાક્ષી આપે છે કે અલ્લાહ તઆલા સિવાય કોઇ ઇલાહ નથી અને તે હંમેશા ન્યાય કરવાવાળો છે, તે વિજયી અને હિકમતવાળા સિવાય કોઇ બંદગીને લાયક નથી.} [આલિ ઇમરાન: ૧૮]. અલ્લાહ તઆલા ઇન્સાફ કાયમ કરવાનો આદેશ આપે છે, અલ્લાહ તઆલાએ કહ્યું: {તમે કહી દો કે મારા પાલનહારે મને ઇન્સાફ કાયમ કરવાનો આદેશ આપ્યો છે.} [અલ્ અઅરાફ: ૨૯]. દરેક પયગંબરો અને રસૂલો ઇન્સાફ કાયમ કરવા માટે આવ્યા હતા, અલ્લાહ તઆલા કહે છે: {ખરેખર અમે અમારા પયગંબરને સ્પષ્ટ પુરાવા સાથે મોકલ્યા, અને તેમને કિતાબ આપી, જેથી લોકો વચ્ચે ઇન્સાફ કાયમ કરે.} [અલ્ હદીદ: ૨૫]. મિઝાનનો અર્થ થાય છે, કાર્યો અને વ્યવહારમાં ઇન્સાફ કાયમ કરવો. ઇસ્લામ પોતાનો વાત અને કાર્યોમાં દુશ્મનો સાથે ઇન્સાફ કરવાનો આદેશ આપે છે, અલ્લાહ તઆલા એ કહ્યું: {હે ઈમાનવાળાઓ ! ન્યાય કરવામાં મજબૂતાઈ સાથે અડગ રહેનાર અને અલ્લાહની પ્રસન્નતા માટે સાચી સાક્ષી આપનારા બની જાઓ, ભલેને તે ગવાહી તમારા પોતાની વિરૂદ્ધ હોય અથવા પોતાના માતા-પિતા અથવા સગાંસંબંધીઓના વિરૂદ્ધ હોય, જો કોઈ જૂથ ધનવાન હોય અથવા ફકીર હોય, બન્ને સ્થિતિમાં અલ્લાહ જ તમારા કરતા વધારે શુભચિંતક છે, એટલા માટે તમે મનેચ્છાઓની પાછળ પડી ન્યાય કરવાનું ન છોડી દો અને જો તમે ખોટી સાક્ષી આપો અને સાચી વાત કહેવાથી અળગા રહ્યા તો જાણી લો કે જે કંઈ પણ તમે કરશો અલ્લાહ તઆલા તે વિશે પૂરી રીતે જાણવાવાળો છે.}

[અન્ નિસા: ૧૩૫]. અને અલ્લાહ તઆલા એ કહ્યું: {જે લોકોએ તમને મસ્જિદે હરામથી રોક્યા હતા તેઓની શત્રુતા તમને તે વાત પર ન ઉભારે કે તમે હદ વટાવી જનારા બની જાવ, સત્કાર્ય અને ડરવામાં એકબીજાની મદદ કરતા રહો અને પાપ અને અત્યાચાર કરવામાં મદદ ન કરો અને અલ્લાહ તઆલાથી ડરતા રહો, નિ:શંક અલ્લાહ તઆલા સખત અઝાબ આપનાર છે.} [અલ્ માઈદહ: ૨]. અને અલ્લાહ તઆલા એ કહ્યું: {હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહ માટે સત્ય પર અડગ રહેનારા બની જાવ, સાચી અને ન્યાય સાથે સાક્ષી આપનારા બની જાવ, કોઇ કોમની શત્રુતા તમને ન્યાયના વિરોધ માટે ન ઉભારે, ન્યાય કરતા રહો, આ જ વાત તકવાની વધુ નજીક છે, અને અલ્લાહ તઆલાથી ડરતા રહો, ખરેખર અલ્લાહ તઆલા તમારા કાર્યોને ખૂબ સારી રીતે જાણે છે.} [અલ્ માઈદહ: ૮]. શું તમને આજની કોમોના નિયમો અથવા અન્ય લોકોના ધર્મમાં સત્યની ગવાહી આપવા અને દરેક સમયે સત્યવાત કહેવા અને દરેક પરિસ્થિતિમાં તેના પર અડગ રહેવાનો આદેશ જોવા મળે છે, જે ઇસ્લાનમે આપ્યો છે, ભલેને તે પોતાની વિરુદ્ધ અથવા પોતાના માતાપિતા વિરુદ્ધ અથવા પોતાના સંબંધી વિરુદ્ધ જ કેમ ન હોય? શું ઇસ્લામ વગર બીજો કોઈ ધર્મ દોસ્ત અને દુશ્મન બન્ને સાથે સદ્ વ્યવહાર કરવાનો આદેશ આપે છે? અલ્લાહના રસૂલ ﷺએ સંતાનો સાથે પણ ઇન્સાફ કરવાનો આદેશ આપે છે, આમિર રહ. કહે છે મેં નૌમાન બિન બશિર રઝી.ને મીંબર પર કહેતા સાંભળ્યા, તેઓ કહી રહ્યા હતા, મારા પિતાએ મને એક ભેટ આપી, તો અમરહ બિન્તે રવાહ (તેમની માતા) કહેવા લાગી, હું આ વાતથી શાંત અને ખુશ થઈ શકું છું જ્યારે તમે આ વાત પર અલ્લાહના રસૂલ ﷺને ગવાહ ન બનાવી લો, આ સાંભળી તે રસૂલ ﷺ પાસે આવી અને કહ્યું, મેં ઉમરહ બિન્તે રવાહના પેટથી પેદા થનારી એક બાળકને ભેટ આપી, તેણે મને આદેશ આપ્યો કે હું તેના પર તમને ગવાહ બનાવું, આપ ﷺએ કહ્યું, શું તમે આટલું જ બીજા બાળકોને આપ્યું છે? તેમણે કહ્યું, ના, કહ્યું તો

અલ્લાહથી ડરો, અને પોતાના બાળકો વચ્ચે ઇન્સાફ કરો, નૌમાન રઝી. કહે છે કે આ સાંભળો પિતા પાછા આવ્યા અને ભેટ પાછી લઈ લીધી.) બુખારી : ૨૫૮૭.

આ આદેશ એટલા માટે આપ્યો કે જેથી સામાન્ય લોકો અને શહેરોની દરેક વ્યવસ્થા ન્યાય પર જ આધારિત હોય, અને લોકો પોતાના દીન, લોહી, ખાનદાન, ઇઝઝ્ત, ધન દૌલત અને વતન વિશે સુરક્ષિત ત્યારે જ થઈ શકે છે, જ્યારે ઇન્સાફ કાયમ થશે, એટલા માટે જ આપણે જોઈ શકીએ છીએ કે જ્યારે મક્કાના કાફિરોએ મુસલમાનો માટે ઝમીન તંગ કરી દીધી, તેમનું જીવવું મુશ્કેલ કરી દીધું, તો આપ ﷺએ આદેશ આપ્યો કે તેઓ હિજરત કરી હબશા જતા રહે, અને તેનું કારણ એવું બતાવ્યું કે ત્યાં હબશામાં એક ન્યાયી બાદશાહ હુકમત કરે છે, અને ત્યાં કોઈની સાથે ઝુલ્મ નથી થતું.

## ૩૧- ઇસ્લામ દરેક મખ્લુક (સર્જનીઓ) સાથે એહસાન કરવાનો આદેશ આપે છે, અને દરેકને સારા અખલાક અપનાવવા અને નેક અમલ કરવા તરફ બોલાવે છે.

ઇસ્લામ દરેક પર એહસાન કરવાનો આદેશ આપે છે, અલ્લાહ કહે છે: {ખરેખર અલ્લાહ ન્યાય અને એહસાન અને સગા સબંધીઓ સાથે સદ્ વ્યવહાર કરવાનો આદેશ આપે છે.} [અન્ નહલ: ૯૦]. અને અલ્લાહ તઆલા એ કહ્યું : {જે લોકો ખુશહાલી અને તંગીમાં પણ અલ્લાહ ના માર્ગમાં ખર્ચ કરે છે, ગુસ્સો પીવાવાળા અને લોકોને માફ કરવાવાળા છે, અલ્લાહ તઆલા તે સદાચારી લોકોથી મોહબ્બત કરે છે.} [આલિ ઇમરાન: ૧૩૪]. અને આપ ﷺએ કહ્યું: <<નિઃશંક અલ્લાહ તઆલાએ દરેક વસ્તુ પર એહસાન કરવું જરૂરી કરી દીધું છે, એટલા માટે જ્યારે તમે કતલ કરો તો સારા તરીકાથી કરો, અને જ્યારે જાનવર ઝબહ કરો તો પણ સારા તરીકાથી કરો, તમારા માંથી જે (જાનવર ઝબહ કરતો હોય) તેના માટે જરૂરી છે કે તે પોતાના છરી ધારદાર કરી લે, અને જે જાનવર ઝબહ થઈ રહ્યું હોય તો તેને આરામ પહોંચાડે.>> સહીહ મુસ્લિમ : ૧૯૫૫. ઇસ્લામ સારા અખલાક અપનાવવા અને નેક અમલ કરવાની દાવત અને  પ્રોત્સાહન આપે છે, અલ્લાહ તઆલાએ પાછળની કિતાબોમાં વ્હાલા પયગંબર સાહેબનો આ ગુણ વર્ણન કર્યો છે: {જે લોકો એવા અભણ પયગંબરનું અનુસરણ કરે છે, જેના વિશે તે લોકો પોતાની પાસે તૌરાત અને ઈંજીલમાં લખેલું જુએ છે, તે તેઓને સત્કાર્યોનો આદેશ આપે છે અને ખરાબ કૃત્યોથી રોકે છે, અને પવિત્ર વસ્તુઓને હલાલ ઠેરવે છે અને ખરાબ વસ્તુઓને હરામ ઠેરવે છે. અને તે લોકો પર જે ભાર અને પટ્ટો હતો, તેને હટાવે છે, તો જે લોકો આ પયગંબર પર ઈમાન લાવે છે અને તેમનું સમર્થન કરે છે અને તેમની મદદ કરે છે અને તે પ્રકાશનું અનુસરણ કરે છે જે તેમની સાથે મોકલવામાં આવ્યું છે, તો આવા લોકો સંપૂર્ણ સફળતા મેળવશે.} [અલ્ અઅરાફ: ૧૫૭]. અને અલ્લાહના રસૂલ

ﷺએ કહ્યું : <<હે આયશા ! અલ્લાહ તઆલા અત્યંત રહમદિલ છે, અને નરમીને પસંદ કરે છે, અને નરમી કરવા પર તે કંઈ આપે છે, જે સખતી કરવા પર નથી આપતો, અને ન તો તેના સિવાય બીજી કઈ વસ્તુ પર આપે છે.>> સહીહ મુસ્લિમ : ૨૫૯૩. અને આપ ﷺએ કહ્યું: <<ખરેખર અલ્લાહ તઆલાએ તમારા પર માતાની અવજ્ઞા કરવાને, બાળકીઓને જીવિત દફન કરવાને, જરૂરી હકો પુરા પાડવા અને લોકોનો માલ હડપ કરવાને હરામ કર્યું છે, અને તમારા માટે વ્યર્થ વાતો, તેમજ વધારે પડતા વ્યર્થ સવાલો કરવા તેમજ માલને આમ જ બરબાદ કરવાને ખૂબ જ નાપસંદ કર્યું છે.>> સહીહ બુખારી : ૨૪૦૮. અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : << કસમ છે તે હસ્તીની, જેના હાથમાં મારી જાન છે, તમે જન્નતમાં ત્યાં સુધી દાખલ થઈ શકતા નથી જ્યાં સુધી કે તમે ઈમાન ન લઈ આવો, અને તમે ત્યાં સુધી મોમિન બની નથી શકતા જ્યાં સુધી કે તમે એકબીજા સાથે મુહબ્બત ન કરવા લાગો, શુ હું તમને એક એવી વસ્તુ ન જણાવું કે જો તમે તેને અપનાવી લો, તો એક બીજા સાથે મુહબ્બત કરવા લાગશો? અંદરો અંદર સલામને ખૂબ ફેલાવો.>> સહીહ મુસ્લિમ : ૫૪.

## ૩૨- ઇસ્લામ સારા અખલાક જેવું કે સાચું બોલવું, અમાનત આપવી, પાકી સફાઈ, હયા, બહાદુરી, દાન કરવું, લાચારોની મદદ કરવી, પીડિતની ફરિયાદ સાંભળવી અને તેની મદદ કરવી, ભૂખ્યાને ખાવાની ખવડાવવું, પાડોશી સાથે સદ્ વ્યવહાર, સિલા રહેમી અને જાનવરો પર રહેમ કરવા વગેરે જેવા સારા અખલાક અપનાવવાનો આદેશ આપે છે.

ઇસ્લામ સારા અખલાક અપનાવવાનો આદેશ આપે છે, અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: (ખરેખર હું સારા અખલાકને પરિપૂર્ણ કરવા મોકલવામાં આવ્યો છું) સહીહુલ્ અલ્ અદબુલ્ મુફરદ્ : ૨૦૭, અને રસૂલ ﷺએ કહ્યું: (ખરેખર તમારા માંથી મારી નજીક સૌથી વધારે પ્રિય અને કયામતના દિવસે સૌથી વધારે નજીક તે હશે, જેના અખલાક તમારા માંથી સૌથી વધારે હશે અને મારી નજરમાં સૌથી અનિષ્ટ અને ક્યામતના દિવસે મારાથી સૌથી વધારે દૂર તે હશે, જેની જબાન ખરાબ હશે, જેના અખલાક સારા નહિ હોય અને મુતશદ્દીક અને મુતફય્હિક લોકો હશે, સહાબાઓએ સવાલ કર્યો  અમે ષર્ષાર અને મુતશદ્દીકનો અર્થ તો સમજી ગયા પરંતુ મુતફય્હિકનો અર્થ સમજમાં ન આવ્યો, કહ્યું કે ઘમંડ અને અહંકારી વ્યક્તિ.) અસ્ સિલ્સિલતુસ્ સહીહહ : ૭૯૧. અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રઝી. વર્ણન કરે છે કે આપ ﷺ ન તો ખરાબ વાત કરનાર હતા અને ન તો ઈંટરાઈને વાત કરવાવાળા હતા, આપ ﷺ કહેતા હતા, તમારા માંથી સૌથી વધારે શ્રેષ્ઠ તે વ્યક્તિ છે, જેના અખલાક સૌથી વધારે સારા હોય. સહીહ બુખારી : ૩૫૫૯, આ સિવાય ઘણી કુરઆન મજીદની આયતો અને સહીહ હદીષો છે, જે એ વાતને સાબિત કરે છે કે ઇસ્લામ સારા અખલાક અપનાવવા અને લોકો સાથે સદ્ વ્યવહાર કરવા પર સામાન્ય રીતે ઉભારે છે, ઇસ્લામ જે વસ્તુનો આદેશ આપે છે. તેમાંથી એક જેનો ઇસ્લામ આદેશ આપે છે તે સાચું બોલવું, અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: (સાચું બોલતા રહો, કારણકે સત્યતા

નેકી તરફ માર્ગદર્શન આપે છે, અને નેકી જન્નતનો માર્ગ બતાવે છે, એક વ્યક્તિ સાચું બોલે છે અને સાચું બોલવાની આદત અપનાવે છે, અહીં સુધી કે અલ્લાહની નજીક 'સિદ્દીક' અર્થાત્ ખૂબ જ સાચો, એવું લખી દેવામાં આવે છે.) સહીહ મુસ્લિમ : ૨૬૦૭. ઇસ્લામ જે વાતોનો આદેશ આપે છે તેમાંથી એક અમાનત આપી દેવી પણ છે, અલ્લાહ તઆલા કહે છે: {ખરેખર અલ્લાહ તમને અમાનત જેની હોય તેને સોંપી દેવાનો આદેશ આપે છે.} [અન્ નિસા: ૫૮]. ઇસ્લામ જે વાતોનો આદેશ આપે છે, તેમાંથી એક પાકી સફાઈ પણ છે, અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: <<ત્રણ પ્રકારના વ્યક્તિ એવા છે કે તેમની મદદ કરવી અલ્લાહનો હક બની જાય છે, તેમાંથી એક વ્યક્તિ એ હતો જે પોતાની પવિત્રતા માટે લગ્ન કરી લે છે>> સુનન્ તિર્મિઝી : ૧૬૫૫. અલ્લાહના રસૂલ ﷺની એક દુઆ એ પણ હતી જેમાં આપ કહેતા હતા: <<હે અલ્લાહ ! હું તારી પાસે હિદાયત, તકવો, (પરહેજગારી), પવિત્રતા અને લોકોથી બેનિયાઝ રહેવાનો સવાલ કરું છું.>> સહીહ મુસ્લિમ : ૨૭૨૧. ઇસ્લામ જે અખલાકને અપનાવવાનો આદેશ આપે છે, તેમાંથી એક હયા પણ છે, અલ્લાહના રસૂલ ﷺ કહે છે: <<હયા તો બસ ભલાઈ જ લઈને આવે છે.>> સહીહ બુખારી : ૬૧૧૭, અને આપ ﷺએ એ પણ કહ્યું: <<દરેક દીનની એક ગુણવત્તા હોય છે અને ઇસ્લામની ગુણવત્તા હયા છે>> આ હદીષને બયહકીએ શઅબુલ્ ઈમાન (૬/૨૬૧૯)માં રિવાયત કરી છે. ઇસ્લામ જે ઉચ્ચ અખલાક અપનાવવાનો આદેશ આપી રહ્યો છે, તેમાંથી એક બહાદુરી પણ છે, અનસ બિન માલિક રઝી. વર્ણન કરે છે: <<કે અલ્લાહના રસૂલ ﷺ લોકોમાં સૌથી વધારે સુંદર અને ખુબસુરત હતા, સૌથી વધારે શક્તિશાળી અને સૌથી વધારે દાન કરવાવાળા હતા, એક વખત જ્યારે મદીનાના લોકો કોઈ આપત્તિના કારણે ભયભીત થઈ ગયા હતા તો અલ્લાહના રસૂલ જ સૌ પ્રથમ ઘોડા પર સવાર થઈ તેની ખોજ માટે નીકળ્યા હતા.>> સહીહ બુખારી : ૨૮૨૦. અલ્લાહના રસૂલ ﷺ કાયરતાથી અલ્લાહની પનાહ માંગતા હતા, અને આ દુઆ કરતા હતા: <<હે અલ્લાહ ! હું કાયરતાથી તારી પનાહ માગું છું>> સહીહ

બુખારી : ૬૩૭૪. ઇસ્લામ દાન કરવા અને ઉદારતાનો આદેશ આપે છે, અલ્લાહ તઆલા કહે છે: {જે લોકો પોતાનું ધન અલ્લાહ તઆલાના માર્ગમાં ખર્ચ કરે છે તેનું ઉદાહરણ તે દાણા જેવું છે જેમાંથી સાત ડાળખીઓ નીકળે અને દરેક ડાળખીમાં સો દાણા હોય અને અલ્લાહ તઆલા જેને ઇચ્છે વધારીને આપે અને અલ્લાહ તઆલા સર્વગ્રાહી અને જ્ઞાનવાળો છે.}. [અલ્ બકરહ: ૨૬૧]. મહેરબાની કરવી અલ્લાહના રસૂલ ﷺની આદત હતી, અબ્દુલ્લાહ બિન અબ્બાસ રઝી. વર્ણન કરે છે: <<અલ્લાહના રસૂલ ભલાઈના કામોમાં દરેક લોકો કરતા વધારે ભાગ લેવાવાળા મહેરબાન હતા, આપ ﷺ રમઝાનના મહિનામાં અને વધારે મહેરબાની ત્યારે કરતા જ્યારે જિબ્રઇલ આપ ﷺ સાથે મુલાકાત કરતા, તેઓ આપ ﷺ સાથે સંપૂર્ણ મહિનો રમઝાન માસની રાતોમાં મુલાકાત કરતા હતા, અને આપ ﷺ સામે કુરઆન પઢતા હતા, બસ જ્યારે જિબ્રઇલ આપ ﷺની સાથે મુલાકાત કરતા તો આપ ﷺ તેજ હવા કરતા પણ વધારે મહેરબાન અને દાન કરતા હતા.>> સહીહ બુખારી : ૧૯૦૨. ઇસ્લામ લાચારોની મદદ કરવા, તેમની ફરિયાદ સાંભળવા, ભૂખ્યાને ખાવાનું ખવડાવવા, પાડોશી સાથે સદ્ વ્યવહાર કરવા, સિલા રહેમી કરવા અને જાનવરો પર રહેમ કરવાનો આદેશ આપે છે. અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રઝી. રિવાયત કરે છે કે એક વ્યક્તિએ રસૂલ ﷺને સવાલ કર્યો કે કયો ઇસ્લામ સૌથી વધારે બહેતર છે? આપ ﷺએ કહ્યું: <<તમે ખાવાનું ખવડાવો, અને જેને ઓળખો તેને પણ સલામ કરો અને જેને ના ઓળખો તેને પર સલામ કરો>> સહીહ બુખારી : ૧૨. અને આપ ﷺએ કહ્યું: <<એક વ્યક્તિ એક માર્ગે ચાલી રહ્યો હતો, કે તેને સખત તરસ લાગી, અચાનક તેને એક કૂવો મળ્યો, તો તે તેમાં ઉતર્યો અને પાણી પી ને બહાર આવી ગયો, તેણે જોયું કે એક કૂતરૂં સખત તરસના કારણે ઝમીન પર પોતાની જીભ વડે માટી ચાટી રહ્યું છે, તેણે દિલમાં જ કહ્યું, કે આ કૂતરાને પણ એટલી જ તરસ લાગી છે જેટલી મને લાગી હતી, આ વિચારી બીજી વાર કૂવામાં ઉતર્યો અને પોતાના મોજામાં પાણી ભર્યું અને તેને મોઢા વડે પકડી બહાર આવ્યો,

અને કૂતરાને પાણી પીવડાવ્યું, અલ્લાહ તઆલાને તેનો આ અમલ એટલો પસંદ આવ્યો કે તેણે તે વ્યક્તિને માફ કરી દીધો, સહાબાઓએ પૂછ્યું, શું જાનવરોના પણ અમારા માટે સવાબ રાખ્યો છે? હા, દરેક સારી વસ્તુઓમાં મા સવાબ રાખ્યો છે.>> સહીહ ઈબ્ને હિબ્બાન : ૫૪૪. અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : <<વિદ્વા અને લાચારોની મદદ માટે ભાગદોડ કરનાર અલ્લાહના માર્ગમાં જિહાદ કરવાની જેમ છે, અથવા રાતમાં ઈબાદત કરનાર અને રોઝદાર માફક છે.>> સહીહ બુખારી : ૫૩૫૩. ઇસ્લામ સંબંધીના અધિકારો પુરા પાડવાની તાકીદ કરે છે, અને સિલા રહેમી કરવાને જરૂરી બતાવે છે, અલ્લાહ તઆલા કહે છે: {પયગંબર મોમિનો પર પોતાના કરતા વધારે અધિકાર ધરાવે છે, અને તેમની પત્નીઓ મોમિનોની માતાઓ છે, અને સંબંધી અલ્લાહની કિતાબ પ્રમાણે અન્ય મોમિન અને મુહાજિર કરતા વધારે અધિકાર ધરાવે છે, હા પરંતુ એ કે તમે પોતાના મિત્રો સાથે સદ્ વ્યવહાર કરવા ઇચ્છતા હોવ તો, આ આદેશ અલ્લાહની કિતાબમાં લખેલો છે.} [અલ્ અહઝાબ: ૬]. ઇસ્લામ દીન સંબંધ તોડવાથી ડરાવે છે, અને તે વ્યક્તિને જમીનમાં ફસાદ ફેલાવનારની ઉપમા આપી છે, અલ્લાહ તઆલા કહે છે: {અને એ વાત પણ દૂર નથી કે જો તમને હુકમત મળી જાય તો તમે જમીનમાં ફસાદ ફેલાવો, અને સંબંધ તોડી નાખો (૨૨) આ તે જ લોકો છે, જેમના પર અલ્લાહની લઅનત છે, અને જેમની સાંભળવાની શક્તિ અને જોવાની દ્રષ્ટિ છીનવી લેવામાં આવી છે.(૨૩) } [૨૩ મુહમ્મદ : ૨૨-૨૩]. અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: <<સંબંધ તોડવાવાળો જન્નતમાં દાખલ નહિ થાય>> મુસ્લિમ : ૨૫૫૬. તે સંબંધ જેમને જાળવી રાખવા જરૂરી છે: માતાપિતા, ભાઈ, બહેન, કાકા, ફોઈ, મામા અને માસી. અને ઇસ્લામ પાડોશી સાથે પણ સદ્ વ્યવહાર કરવાનો આદેશ આપે છે ભલેને તે કાફિર જ કેમ ન હોય, અલ્લાહ તઆલા કહે છે: {અને અલ્લાહ તઆલાની બંદગી કરો અને તેની સાથે કોઇને ભાગીદાર ન ઠેરવો, માતા-પિતા સાથે સારું વર્તન કરો તેમજ સગાંસંબંધીઓ, અનાથો, લાચારો, નજીકના પાડોશી, અજાણ પાડોશી, સહવાસીઓ, પોતાની સાથે સફર કરનાર તે સૌ સાથે સારો

વ્યવહાર કરો, અને  તેઓ ગુલામ તેમજ બાંદીઓ સાથે પણ, જેઓના તમે માલિક છો, નિ:શંક અલ્લાહ તઆલા ઘમંડ કરનાર, ઇતરાવનારાઓને પસંદ નથી કરતો.} [અન્ નિસા: ૩૬]. અને આપ ﷺએ કહ્યું: (જિબ્રઇલ મને પાડોશીના હક વિશે એટલી વસિયત કરતા રહ્યા કે મને અનુમાન થયું કે ક્યાંક તેમને વારસદાર બનાવી દેતા.) સહીહ અબૂ દાવુદ : ૫૧૫૨.

## 33- ઇસ્લામે ઉત્તમ ખવાપીવા માટે સૌથી ઉત્તમ અને પાક વસ્તુઓને હલાલ કરી, અને શરીર, દિલ અને ઘરને પાક સાફ રાખવાનો આદેશ આપ્યો, એટલા માટે જ તેણે લગ્નને હલાલ કર્યું, દરેક પયગંબરોએ પણ આ જ આદેશ આપ્યો, બસ તેઓ દરેક પ્રકારની પવિત્રતા અપનાવવાનો આદેશ આપે છે.

ઇસ્લામે ઉત્તમ ખવાપીવા માટે સૌથી ઉત્તમ અને પાક વસ્તુઓને હલાલ કરી, અલ્લાહના રસૂલ ﷺ કહે છે: <<કે નિઃશંક અલ્લાહ તઆલા પાક છે અને તે પવિત્ર વસ્તુઓને જ પસંદ કરે છે, અલ્લાહ તઆલાએ પોતાના મોમિન બંદાઓને તે વસ્તુનો આદેશ આપ્યો છે , જેનો આદેશ તેણે રસૂલોને આપ્યો હતો, કહેવામાં આવ્યું, (હે પયગંબર ! હલાલ વસ્તુઓ ખાઓ અને નેક અમલ કરો) એવી જ રીતે કહેવામાં આવ્યું કે (હે ઈમાનવાળાઓ ! જે પવિત્ર વસ્તુઓ અમે તમને આપી છે, તેને ખાઓ) પછી આપ ﷺ એ તે વ્યક્તિનું વર્ણન કર્યું જે એક લાંબા સફરમાં હોય, વિખરાયેલા વાળ અને તેના પર માટી ચોટલી છે, તે પોતાના બન્ને હાથ આકાશ તરફ ઉઠાવી દુઆ કરે છે અને કહે છે કે હે મારા પાલનહાર ! હે મારા પાલનહાર ! જો કે તેનું ખાવાનું હરામનું હોય, તેનું પીવાનું હરામનું હોય, અને તેનો પોશાક હરામનો, અને હરામથી જ તેની પરવરીશ થઈ હોય, તો તેની દુઆ કેમની કબૂલ થશે!>> સહીહ મુસ્લિમ : ૧૦૧૫. અને અલ્લાહ તઆલા એ કહ્યું : {(હે પયગંબર !) તેમને પૂછો કે અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ માટે જે શણગાર અને ખાવાપીવાની વસ્તુઓ પેદા કરી છે, તેને કોણે હરામ કરી દીધી? તમે કહી દો કે આ વસ્તુઓ તે લોકો માટે છે, જેઓ ઈમાન લઈ આવે અને કયામતના દિવસે ફક્ત તેમના માટે જ હશે. અમે આવી જ રીતે દરેક આયતોને બુદ્ધિશાળી લોકો માટે સ્પષ્ટ રીતે વર્ણન કરીએ છીએ.} [અલ્ અઅરાફ: ૩૨]. ઇસ્લામ દીને શરીર, દિલ અને ઘરને પાકસાફ રાખવાનો આદેશ આપ્યો છે, અ આજ કારણે તેણે લગ્નને હલાલ કર્યું, દરેક પયગંબરોએ પણ

આ જ આદેશ આપ્યો બસ, તે દરેક પાક વસ્તુઓને અપનાવવાનો આદેશ આપે છે, અલ્લાહ તઆલા કહે છે: {અલ્લાહ તઆલાએ તમારા માટે તમારા માંથી જ તમારી પત્નીઓ પેદા કરી, અને તમારી પત્નીઓ વડે તમારા દીકરા અને પોત્રાઓ પેદા કર્યા, અને તમને સારી સારી વસ્તુઓ ખાવા માટે આપી, તો પણ શું આ લોકો બાતેલ પર ઈમાન ધરાવશે, અને અલ્લાહની નેઅમતોની નાશુકરી કરશે} [અન્ નહલ : ૭૨]. અને અલ્લાહ તઆલા એ કહ્યું : {અને પોતાના કપડાંને પાક સાફ રાખો, (૪) અને ગંદકીથી દુર રહો. (૫)} [અલ્ મુદષ્ષિર : ૪-૫]. અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : (તે વ્યક્તિ જન્નતમાં દાખલ નહિ થઈ શકે, જેના દિલમાં સહેજ પણ ઘમંડ હશે, એક વ્યક્તિએ કહ્યું, માનવી ઈચ્છે છે કે તેના કપડાં સારા હોય, તેના ચપ્પલ સારા હોય, (તો શું આ પણ ઘમંડ ગણાશે)? કહ્યું કે અલ્લાહ ખુબસુરત છે અને સુંદરતાને પસંદ કરે છે, ઘમંડ સત્યવાતથી મોઢું ફેરવી લેવા અને લોકોને તુચ્છ જાણવાને કહે છે.) સહીહ મુસ્લિમ : ૯૧.

## ૩૪- ઇસ્લામે દરેક હરામ કામોથી દુર રહેવાનો આદેશ આપ્યો છે, જેવું કે અલ્લાહ સાથે શિર્ક કરવું, કૂફ્ર કરવું, મૃતી પૂજા કરવી, જ્ઞાન વગર અલ્લાહ વિશે કહેવું, સંતાનનું કતલ કરવું, ના હક કતલ કરવું, જમીનમાં ફસાદ ફેલાવવો, જાદુ કરવું અથવા કરાવવું, જાહેરમાં અથવા છુપી રીતે બુરાઈ કરવી, ઝીના કરવો,લવાવત(સમલૈંગિકતા) કરવી, વ્યાજનો વેપાર કરવાને, મરેલું ખાવાને, મૂર્તિઓના નામ પર ઝબહ કરવામાં આવતા જાનવરના માસને ખાવાને, ડુક્કરનું માસ ખાવાને, અને અન્ય દરેક ગંદી વસ્તુઓના વપરાશને હરામ કરી દીધું છે. તેમજ ઇસ્લામે અનાથોનો માલ ખાવા, માપતોલમાં ઓછું આપવા અને સંબંધ તોડવાને પણ હરામ કર્યું છે, અને દરેક પયગંબરો પણ આ દરેક વસ્તુ હરામ હોવા પર એકમત છે.

ઇસ્લામે દરેક હરામ કામોથી દુર રહેવાનો આદેશ આપ્યો છે, જેવું કે અલ્લાહ સાથે શિર્ક કરવું, કૂફ્ર કરવું, મૃતી પૂજા કરવી, જ્ઞાન વગર અલ્લાહ વિશે કહેવું, સંતાનનું કતલ કરવું, અલ્લાહ તઆલા કહે છે: {તમે તેમને કહી દો કે આવો, હું તમને તે વસ્તુ પઢી સંભળાવું, જેને તમારા પાલનહારે તમારા પર હરામ ઠેરવ્યું છે, તે આ છે કે, અલ્લાહની સાથે કોઇ પણ વસ્તુને ભાગીદાર ન ઠેરવો અને માતા-પિતા સાથે ઉપકારભર્યું વતન કરો અને પોતાના સંતાનને ગરીબીના કારણે કતલ ન કરો, અમે તમને અને તેઓને રોજી આપીએ છીએ અને અશ્લીલતાના જેટલા માર્ગ છે તેની પાસે પણ ન ભટકો, ભલેને તે જાહેર હોય કે છૂપા, અને જેને કતલ કરવા પર અલ્લાહ તઆલાએ હરામ ઠેરવ્યું છે, તેને કતલ ન કરો, હાં પરંતુ સત્યની સાથે હોય, આ વસ્તુઓની શીખ તેણે તમને ભારપૂર્વક આપી છે જેથી તમે શિખામણ પ્રાપ્ત કરો, અને અનાથોના ધન પાસે પણ ન જાઓ, પરંતુ એવી રીતે જે તેના માટે સારું હોય,

ત્યાં સુધી કે તે પોતાની પુખ્તવયે પહોંચી જાય અને માપ-તોલ પૂરેપૂરું કરો, ન્યાયથી, અમે કોઇ વ્યક્તિને તેની શક્તિથી વધારે તકલીફ નથી આપતા, અને જ્યારે તમે વાત કરો તો ન્યાય કરો, ભલેને તે વ્યક્તિ સગા સંબંધી માંથી હોય, અને અલ્લાહ તઆલાને જે વચન આપ્યું છે તેને પુરૂં કરો, અલ્લાહ તઆલાએ તમને આ વસ્તુઓનો આદેશ ભાર પૂર્વક આપ્યો છે જેથી તમે સમજો.} [અલ્ અનઆમ: ૧૫૧-૧૫૨]. અને અલ્લાહ તઆલા એ કહ્યું : {તમે તેમને કહી દો કે મારા પાલનહારે જે વસ્તુ હરામ કરી છે, તે આ પ્રમાણે છે, અશ્લીલ કાર્યો, ભલેને જાહેરમાં હોય કે છુપી રીતે હોય, અને ગુનાહના કાર્યો અને અત્યાચાર કરવાને અને એ કે તમે અલ્લાહના ભાગીદાર ઠહેરાવો, જેના માટે તેણે કોઈ પુરાવો નથી ઉતાર્યો અને એ કે તમે અલ્લાહ વિશે એવી વાતો કહો, જેની તમને જાણ નથી.} [અલ્ અઅરાફ: 33]. ઇસ્લામ દીને પવિત્ર જીવને કતલ કરવાને હરામ કર્યું છે, અલ્લાહ તઆલા કહે છે: {કે અને કોઇ એવા વ્યક્તિને કતલ ન કરો, જેને કતલ કરવું અલ્લાહએ હરામ ઠહેરાવ્યું છે, જો કે સત્ય સાથે (કતલ કરવામાં આવે) અને જો કોઈ વ્યક્તિને નાહક કતલ કરી દેવામાં આવશે તો અમે તેમના જવાબદારોને સંપૂર્ણ હક આપ્યો છે કે બસ તેણે છૂટ સમજી અત્યાચાર ન કરવો જોઈએ, (નહીં તો) તેની મદદ કરવામાં આવશે.} [અલ્ ઇસ્રા: 33]. અને અલ્લાહ તઆલા એ કહ્યું : {અને જે લોકો અલ્લાહ સાથે અન્ય મઅબુદોને પોકારતા નથી, અને ન તો અલ્લાહએ હરામ કરેલ કોઈનું નાહક કતલ કરે છે, અને ન તો ઝીના કરે છે, જે કોઈ વ્યક્તિ આવું કામ કરશે, તે તેનો ગુનાહ જરૂર જોશે.} [અલ્ ફુરકાન: ૬૮]. ઇસ્લામ દીને ઝમીનમાં ભષ્ટાચાર ફેલાવવાને હરામ કર્યું છે, અલ્લાહ તઆલા કહે છે: {અને ઝમીનમાં સુધારો થઇ ગયા પછી ફસાદ ના ફેલાવો} [અલ અઅરાફ: ૫૬]. અલ્લાહ તઆલાએ શુએબ ની વાત નકલ કરતા કહ્યું : {હે મારી કોમ ! અલ્લાહની ઈબાદત કરો, તેના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, ખરેખર તમારી પાસે તમારા પાલનહાર તરફથી સ્પષ્ટ નિશાની આવી ગઈ, એટલા માટે માપ અને તોલ પૂરેપૂરું તોલીને આપો, લોકોને તેમની વસ્તુ ઓછી

(તોલીને) ન આપો, અને ઝમીનમાં સુધારો થઈ ગયા પછી તેમાં ફસાદ ન ફેલાવો, આ વાત જ તમારા માટે ઉત્તમ છે, જો તમે મોમિન હોય} [અલ્ અઅરાફ : ૮૫]. ઇસ્લામે જાદુ ટોળા કરવાને હરામ કર્યું છે, અલ્લાહ તઆલા કહે છે: {અને તારા જમણા હાથમાં જે કઈ પણ છે, તે નાખી દે, જેથી કે તેઓની સંપૂર્ણ કારીગરીને તે ગળી જાય, તેઓએ જે કઈ બતાવ્યું છે તે તો ફક્ત જાદુનુ કરતબ જ છે, અને જાદુગર ગમે ત્યાંથી પણ આવે સફળ થતા નથી.} [તોહા: ૬૯]. અને રસૂલ ﷺએ કહ્યું: <<સાત નષ્ટ કરી દેનારી વસ્તુઓથી બચો, સહાબાઓએ કહ્યું, હે અલ્લાહના રસૂલ ! તે કઈ વસ્તુઓ છે? આપ રસૂલ ﷺએ કહ્યું, અલ્લાહ સાથે શિર્ક કરવું, જાદુ કરવું, કોઈને નાહક કતલ કરી દેવું, જેને અલ્લાહએ હરામ કર્યું છે, વ્યાજ ખાવું, અનાથનો માલ ખાવો, યુદ્ધના સમયે પીઠ ફેરવીને ભાગવું, અને નિર્દોષ સ્ત્રીઓ પર આરોપ મુકવો>> સહીહ બુખારી : ૬૮૫૭. અલ્લાહ તઆલા દરેક પ્રકારની જાહેરમાં થતી બુરાઈઓ અથવા છુપી રીતે થતી બુરાઈઓ, ઝીના અને લવાતત (સમલૈંગિકતા)ને હરામ ઠેરવ્યું છે, આ પેરેગ્રાફની શરૂઆતમાં આ વિશે આયતો વર્ણન થઈ ગઈ છે, જે આ બુરાઈને હરામ ઠહેરવવાને સાબિત કરે છે, અલ્લાહ તઆલાએ વ્યાજને હરામ કરી દીધું છે, અલ્લાહ તઆલા કહે છે: {હે ઇમાનવાળાઓ ! અલ્લાહથી ડરતા રહો અને જે વ્યાજ બાકી રહી ગયું છે તેને છોડી દો, જો તમે સાચે જ ઇમાનવાળા છો. (૨૭૮) અને જો તમે આ પ્રમાણે ન કર્યું તો અલ્લાહ તઆલા અને તેના પયગંબર સામે લડવા માટે તૈયાર થઇ જાઓ, હાં જો તમે તૌબા કરી લો તો તમારો ખરો માલ તમારો જ છે, ન તમે અત્યાચાર કરો ન તમારા પર અત્યાચાર કરવામાં આવશે. (૨૭૯)} [અલ્ બકરહ: ૨૭૮-૨૭૯]. કોઈ પણ પાપીને અલ્લાહ તઆલાએ આ રીતે ધમકી નથી આપી, જે રીતે અલ્લાહ તઆલાએ વ્યાજ ખાનારા માટે આપી છે, કારણકે વ્યાજના વેપારમાં દીન અને  વતન અને જાન તેમજ માલની બરબાદીનો સામાન છે. ઇસ્લામે મૃતક ખાવું, મૂર્તિઓના નામથી અને તેમના મથકો પર ઝબહ કરવામાં આવતા જાનવર અને ડુક્કરના માંસને હરામ કર્યું છે, અલ્લાહ તઆલાએ કહ્યું:

{તમારા માટે હરામ કરવામાં આવ્યું છે મૃતક, લોહી, ડુક્કરનું માંસ અને જેના પર અલ્લાહ સિવાય બીજાનું નામ લેવામાં આવ્યું હોય અને જે ગળું ફસાઇ જવાથી મૃત્યુ પામ્યું હોય અને જે ઇજાગ્રસ્ત થઈ મૃત્યુ પામ્યું હોય અને જે ઊંચી જગ્યાએથી પડી જવાથી મૃત્યુ પામે અને જે કોઇના શિંગડા મારવાથી મૃત્યુ પામે અને જેને હિંસક પશુએ ફાડી ખાધું હોય, પરંતુ તેને તમે ઝબહ કરી દો તો હરામ નથી અને જે જાનવર વેદી ઉપર ઝબહ કરવામાં આવ્યું હોય અને તે જાનવર પણ, જે પાસાના તીરો વડે ઝબહ થયું હોય, આ બધા ગુનાહના કાર્ય છે} [અલ્ માઈદહ : 3]. ઇસ્લામે દારૂ અને દરેક ગંદી વસ્તુઓ પણ હરામ કરી છે, અલ્લાહ તઆલા કહે છે: {હે ઈમાનવાળાઓ ! વાત એ જ છે કે શરાબ, જુગાર, સ્થળ અને શગુન કાઢવા માટે પાસાના તીર, આ બધું જ ખરાબ વાતો અને શેતાની કૃત્ય છે, તેનાથી તદ્દન અળગા રહો, જેથી તમે સફળ બનો. (૯૦) શૈતાન તો એવું ઇચ્છે છે કે શરાબ અને જુગાર વડે તમારી વચ્ચે શત્રુતા અને કપટ ભરી દે અને તમને અલ્લાહ તઆલાના ઝિકર અને નમાઝથી રોકી રાખે, તો શુ તમે (આ વસ્તુઓથી) રુકી જવાવાળા છો? (૯૧)} [અલ્ માઈદહ: ૯૦-૯૧]. અલ્લાહ તઆલા આ બાબત વર્ણન કરી ચુક્યો છે, જેનો ઉલ્લેખ પહેલા થઈ ગયો છે, અલ્લાહ તઆલાએ તૌરાતમાં આપ ﷺના ગુણો વિશે વર્ણન કરતા કહે છે, કે તે સારી વાતોનો આદેશ આપે છે અને ગંદી વાતોથી લોકોને રોકે છે, અલ્લાહ તઆલાએ કહ્યું: {જે લોકો એવા અભણ પયગંબરનું અનુસરણ કરે છે, જેના વિશે તે લોકો પોતાની પાસે તૌરાત અને ઈંજીલમાં લખેલું જુએ છે, તે તેઓને સત્કાર્યોનો આદેશ આપે છે અને ખરાબ કૃત્યોથી રોકે છે, અને પવિત્ર વસ્તુઓને હલાલ ઠેરવે છે અને ખરાબ વસ્તુઓને હરામ ઠેરવે છે. અને તે લોકો પર જે ભાર અને પટ્ટો હતો, તેને હટાવે છે, તો જે લોકો આ પયગંબર પર ઈમાન લાવે છે અને તેમનું સમર્થન કરે છે અને તેમની મદદ કરે છે અને તે પ્રકાશનું અનુસરણ કરે છે જે તેમની સાથે મોકલવામાં આવ્યું છે, તો આવા લોકો સંપૂર્ણ સફળતા મેળવશે.} [અલ્ અઅરાફ : ૧૫૭]. ઇસ્લામે અનાથનો માલ ખાવાને પણ હરામ ઠહેરાવ્યું છે, અલ્લાહ

તઆલા કહે છે: {અને અનાથોને તેઓનું ધન પાછું આપી દો અને તેમની કોઈ સારી વસ્તુના બદલામાં ખરાબ વસ્તુ ન આપો, અને ન તો પોતાના ધન સાથે તેઓ (અનાથો) નું ધન ભેળવી ખાઇ જાઓ, નિંશંક આ ઘણો જ મોટો ગુનો છે.} [અન્ નિસા: ૨]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {જે લોકો જુલ્મથી અનાથોનું ધન ખાઇ જાય છે તે પોતાના પેટમાં આગ ભરી રહ્યા છે અને નજીક માંજ તે લોકો જહન્નમમાં જશે.} [અન્ નિસા: ૧૦]. અલ્લાહ તઆલાએ માપતોલમાં ઓછું વધતું કરવું પણ હરામ કર્યું છે, અલ્લાહ તઆલા કહે છે: {ખરાબી છે તે લોકો માટે જેઓ માપતોલ ઓછું કરી આપે છે (૧) જ્યારે તે માપ કરીને લે છે તો પૂરેપૂરૂ લે છે (૨) અને જ્યારે માપ કરીને આપે છે તો ઓછું કરીને આપે છે(૩) શું તે લોકોને પોતાના મૃત્યુ પછી ફરી જીવિત થવાનો વિચાર નથી.(૪)} [અલ્ મુતફ્ફીન : ૧-૪].

ઇસ્લામે સબંધ તોડવાને હરામ કર્યું છે, ૩૧ નંબરના પેરેગ્રાફમાં આ વિશે આયતો અને હદીષોનું વર્ણન થઈ ગયું છે, અને દરેક પયગંબરો અને રસૂલો આ દરેક હરામ કરેલી વસ્તુઓ પર એકમત છે.

## ૩૫- ઇસ્લામ જુઠ, ધોખો, ગદ્દારી, ખિયાનત, હસદ, કપટ, ઇર્ષ્યા, યુક્તિઓ, ચોરી, વિદ્રોહ, જુલ્મ, જેવી ખરાબ અખલાક અને દરેક પ્રકારની ખરાબ ટેવોથી રોકે છે.

ઇસ્લામે દરેક ખરાબ ટેવો પર રોક લગાવે છે, અલ્લાહ તઆલા કહે છે: {લોકો સામે(ઘમંડ થી) પોતાના ગાલ ફુલાવીને ન ચાલ, અને ઝમીન પર ઇતરાવીને ન ચાલ, (કારણકે) અલ્લાહ તઆલા ઘમંડ કરનારને પસંદ નથી કરતો} [લુકમાન: ૧૮]. અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : <<મારી નજીક તમારા માંથી (કયામતના દિવસે) સૌથી વધારે પ્રિય અને સૌથી વધારે નજીક તે લોકો બેસશે, જેમના અખલાક તમારા સૌ કરતા વધારે સારા હતા, અને તમારા માંથી મારાથી (કયામતના દિવસે) સૌથી વધારે અપ્રિય અને દૂર તે લોકો બેસશે જે વાતોડીયા, સમજ્યા વગર બોલવાવાળા, બદ્ તમીઝ અને મુતફયહિક્રૂન હશે, સહાબાઓ એ પૂછ્યું કે હે અલ્લાહના રસૂલ ! અમે ષરષારુન્ (વાતોડીયા) અને મુતશદ્દીક્રૂન (સમજ્યા વગર બોલવાવાળા) તો જાણી લીધા, આ મુતફયહિક્રૂન કોણ લોકો છે? આપ ﷺએ કહ્યું કે ઘમંડ કરનાર .>> અસ્ સિલ્સિલતુસ્ સહીહહ : ૭૯૧. ઇસ્લામ જૂઠ બોલવાથી પણ રોકે છે, અલ્લાહ તઆલા કહે છે: {નિઃશંક અલ્લાહ તઆલા તે વ્યક્તિને હિદાયત નથી આપતો, જે વ્યર્થ ખર્ચ કરનાર, અને ઘણો જૂઠો હોય.} [ગાફિર: ૨૮]. અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: <<ખબરદાર! જૂઠથી બચો, કારણકે જૂઠ ગુનાહ તરફ લઈ જાય છે, અને ગુનાહ જહન્નમ તરફ લઈ જાય છે, એક વ્યક્તિ જુઠ બોલતો રહે છે, અને જુઠ બોલવાને પોતાની આદત બનાવી લે છે, અહીં સુધી કે અલ્લાહની નજીક તેને જૂઠો લખી દેવામાં આવે છે.>> સહીહ મુસ્લિમ : ૨૬૦૭. અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : <<મુનાફિકની ત્રણ નિશાનીઓ છે, જ્યારે તે બોલે છે તો જૂઠ બોલે છે, વચન આપે છે તો તોડી નાખે છે, અને જ્યારે તેમની પાસે અમાનત રાખવામાં આવે છે તો તે તેમાં ખિયાનત કરે છે>> સહીહ બુખારી : ૬૦૯૫. ઇસ્લામ છેતરપીંડી કરવાથી રોકે છે હદીષમાં આવ્યું છે કે અલ્લાહના રસૂલ અનાજના એક ઢગલા પાસેથી પસાર થયા, તેમાં પોતાનો હાથ દાખલ કર્યો, હાથ નીકળ્યો તો

આંગળીઓ ભીની થઇ બહાર આવી, આપ ﷺએ તેને કહ્યું, હે અનાજ વેચનાર! આ શું છે? તેણે કહ્યું કે હે અલ્લાહના રસૂલ ! તેમાં વરસાદનું પાણી પડી ગયું હતું, કહ્યું, તો પછી તેને અનાજની ઉપર કેમ મૂકી ન દીધું, જેથી લોકો તેને જોઈ લે? યાદ રાખો ! જે લોકોને ધોખો આપે છે તે અમારા માંથી નથી.>> સહીહ મુસ્લિમ : ૧૦૨. ઇસ્લામ ધોખો આપવાથી, ખિયાનત કરવાથી અને ગદ્દારી કરવાથી પણ રોકે છે, અલ્લાહ તઆલા કહે છે: {હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહ અને તેના રસૂલના અધિકારો જાણતા હોવા છતાંય તેમાં ખિયાનત ન કરો} [અલ્ અન્ફાલ : ૨૭]. અલ્લાહ તઆલા કહે છે: {જે અલ્લાહ એ આપેલ વચન પૂરું પાડે છે અને પોતાના વચનને તોડતા નથી.} [અર્ રઅદ: ૨૦]. અલ્લાહના રસૂલ ﷺ પોતાના લશ્કરોને જ્યારે તે જિહાદ માટે નીકળતા, તો કહેતા હતા: <<જાઓ ! યુદ્ધ કરો, ખિયાનત ન કરો, ધોખો ન આપો, મુષલા (શરીરના અંગો  અલગ અલગ કરી દેવા) ન કરો, અને કોઈ બાળકને કતલ ન કરો>> સહીહ મુસ્લિમ : ૧૭૩૧. અને અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું : <<જેનામાં ચાર આદતો હશે તે પાકો મુનાફિક ગણાશે,  અને જેનામાં તેમાંથી કોઈ પણ એક આદત પણ હશે તો જાણી લો કે તેનામાં મુનાફિકોના અંશ છે, જ્યાં સુધી કે તે છોડી ન દે, જ્યારે તેની પાસે અમાનત રાખવામાં આવે તો તે તેમાં ખિયાનત કરે, જ્યારે બોલે તો જુઠ બોલે, વચન આપે તો ધોખો આપે, અને જ્યારે કોઈની સાથે ઝઘડો કરે તો ગાળો આપે>> સહીહ બુખારી : ૩૪. ઇસ્લામ હસદ અને ઈર્ષ્યાથી પણ રોકે છે, અલ્લાહ તઆલા કહે છેઃ {અથવા તેઓ લોકો પર એટલા માટે હસદ કરે છે કે અલ્લાહ તઆલાએ તેઓને પોતાની કૃપા માંથી કંઈક આપી રાખ્યું છે,ખરેખર અમે આલે ઈબ્રાહીમ(ઈબ્રાહીમ ની સંતાન) ને કિતાબ અને હિકમત  આપી હતી અને તેઓને ભવ્ય સામ્રાજ્ય આપી રાખ્યું હતું} [અન્ નિસા : ૫૪]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {(હે મુસલમાનો) કિતાબવાળાઓ માંથી ઘણા લોકો હસદના કારણે એવું ઇચ્છે છે કે તમને ઈમાન લાવ્યા પછી ફરીવાર કાફિર બનાવી દે, તેમના પર સત્ય સ્પષ્ટ થઈ ગયા છતાંય, (હે મુસલમાનો !) તમે તેઓને માફ કરી દો અને દરગુજર કરો, ત્યાં સુધી કે અલ્લાહ તઆલા પોતાનો આદેશ લઇ આવે, ખરેખર અલ્લાહ તઆલા દરેક વસ્તુ પર શક્તિ ધરાવે છે} [અલ્ બકરહ : ૧૦૯]. અને

અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું : <<તમારી અંદર તમારા કરતા પહેલાની કોમ માફક હસદ અને કપટ જેવી નષ્ટ કરી દેનારી બીમારીઓ દાખલ થઈ ગઈ છે, હું એવું નથી કહેતો કે તે વાળને કાપે છે, પરંતુ તે તો દીનને જ ખતમ કરી દે છે, કસમ છે તે હસ્તીની જેના હાથમાં મારા પ્રાણ છે, તમે લોકો જન્નતમાં દાખલ નહીં થઈ શકો, જ્યાં સુધી કે ઈમાન ન લાવો, અને ત્યાં સુધી તમારું ઈમાન પૂરું નહીં ગણવામાં આવે જ્યાં સુધી કે તમે એકબીજા સાથે મુહબ્બત ન કરી લો, શુ હું તમને એ વસ્તુ ન જણાવું, જેના કારણે તમારી અંદરો અંદરની મુહબ્બત વધી જાય, એકબીજા સાથે સલામ કરતા રહો>> સુનન્ તિર્મિઝી : ૨૫૧૦. ઇસ્લામ ખરાબ યુક્તિઓ કરવાથી પણ રોકે છે, અલ્લાહ તઆલા કહે છેઃ {અને આવી જ રીતે અમે દરેક વસ્તીમાં ત્યાંના આગેવાનોને જ અપરાધ કરનારા બનાવ્યા, જેથી તે લોકો ત્યાં વિદ્રોહ કરે, પરંતુ તેઓ પોતાની સાથે જ વિદ્રોહ કરી રહ્યા છે અને તેઓને થોડી પણ જાણ નથી} [અલ્ અનઆમ : ૧૨૩]. અલ્લાહ તઆલાએ આ ભેદ ખોલી નાખ્યો, કે યહૂદીઓએ મસીહ ને કતલ કરવાની કોશિશ કરી હતી, અને તેઓએ પોતાની યુક્તિ પુરી પણ કરી લીધી, પરંતુ અલ્લાહ તઆલાએ પોતાની યુક્તિ કરી, અને સ્પષ્ટ કરી દીધું કે ગંદી યુક્તિ કરનારની નષ્ટતા યુક્તિ કરનાર તરફ જ પાછી ફરે છે. અલ્લાહ તઆલા કહે છેઃ {બસ જ્યારે ઇસા ને તેઓના ઇન્કારનો આભાસ થવા લાગ્યો તો કહેવા લાગ્યા અલ્લાહ તઆલાના માર્ગમાં મારી મદદ કરવાવાળાઓ કોણ છે ? હવારીઓએ (મદદકરનાર) જવાબ આપ્યો કે અમે અલ્લાહ તઆલાના માર્ગના મદદ કરનાર છે, અમે અલ્લાહ તઆલા પર ઇમાન લાવ્યા અને તમે સાક્ષી રહેજો કે અમે મુસલમાન છે. (૫૨) હે અમારા પાલનહાર ! અમે તે અવતરિત કરેલી વહી પર ઇમાન લાવ્યા અને અમે તારા પયગંબરનું અનુસરણ કર્યું. બસ ! તું અમારું નામ સાક્ષીઓ માંથી લખી લો(૫૩) અને બની ઇસ્રાઇલે (ઈસા વિરુદ્ધ) ષડયંત્ર રચ્યું જવાબમાં અલ્લાહ તઆલાએ તેમનું ષડયંત્ર તેમના પર જ સાબિત કરી દીધું, અને અલ્લાહ તઆલા સૌથી ઉત્તમ યુક્તિ કરનાર છે. (૫૪) (અને તે અલ્લાહની યુક્તિ જ હતી) જ્યારે અલ્લાહ તઆલાએ ઇસાને કહ્યું: હું તમને મારી તરફ પાછો બોલાવી લઈશ અને તમને મારી તરફ ઉઠાવી લઈશ અને આ ઇન્કારીઓથી પવિત્ર કરીશ અને જે તમારુ

અનુસરણ કરશે તેને કયામત સુધી આ ઇન્કારીઓ પર વિજય આપીશ, અને છેવટે તમારે સૌએ મારી તરફ જ પાછું ફરવાનું છે, તો હું તમારી વચ્ચે તે વાતોનો નિર્ણય કરી દઇશ, જેમાં તમે મતભેદ કરી રહ્યાં છો.(૫૫)} [આલિ ઇમરાન :૫૨-૫૫]. અલ્લાહ તઆલાએ એ પણ જણાવ્યું, પયગંબર સાલીહ ની કોમે જ્યારે તેમને કતલ કરવાની યુક્તિ કરી, તો અલ્લાહ તઆલાએ પણ તેમના વિરુદ્ધ છુપી યુક્તિ કરી, અને યુક્તિ કરનારાઓની સાથે સાથે તેમની કોમના દરેક લોકોને નષ્ટ કરી દીધા, અલ્લાહ તઆલા કહે છેઃ {તેઓએ અંદરો અંદર ઘણી કસમો ખાઈ વચન આપ્યું, કે રાતના સમયે જ અમે સાલિહ અને તેના ઘર પર હુમલો કરીશું, અને આપણે તેમના વારસદારોને જણાવી દઈશું કે અમે તેના કતલ વખતે હાજર ન હતા, અને અમે સાચું બોલી રહ્યા છે (૪૯) તેઓએ છુપી યુક્તિઓ કરી, અને અમે પણ યુક્તિ કરી રહ્યા હતા, પરંતુ તે લોકો સમજતા ન હતા, (૫૦) હવે જોઈ લો તેમની યુક્તિઓનું પરિણામ કેવું રહ્યું? કે અમે તેઓને અને તેમની કોમ સૌને નષ્ટ કરી દીધા, (૫૧)} [અન્ નમલ: ૪૯-૫૧]. ઇસ્લામ ચોરી કરવાથી પણ રોકે છે, અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: <<ઝીના કરનાર જ્યારે ઝીના કરે છે તો તે સમયે તે મોમિન નથી રહેતો, જ્યારે ચોરી કરે છે તે સમયે પણ તે મોમિન નથી રહેતો, જ્યારે તે શરાબ પીતો હોય છે તે સમયે પણ તે મોમિન નથી રહેતો, ત્યારબાદ તૌબાનો દ્વાર આ દુષ્ટ કાર્ય કરનાર માટે ખુલ્લો રહે છે.>> સહીહ બુખારી : ૬૮૧૦. ઇસ્લામ વિદ્રોહ કરવાથી પણ રોકે છે, અલ્લાહ તઆલા કહે છે : {અલ્લાહ તઆલા ઇન્સાફ કરવાનો, ભલાઈ કરવાનો, સંબંધીઓ સાથે સારો વ્યવહાર કરવાનો આદેશ આપે છે, અને દુષ્ટ કાર્યો, વ્યર્થ હરકતો, અને વિદ્રોહ તેમજ જુલ્મ કરવાથી રોકે છે, તે m તમને નસીહત કરી રહ્યો છે કે તમે નસીહત પ્રાપ્ત કરો.} [અન્ નહલ: ૯૦]. અને અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું : <<અલ્લાહ તઆલાએ મારી તરફ વહી ઉતારી છે કે આજીજી અપનાવો, અહીં સુધી કે તમારા માંથી કોઈ એક બીજા પર વિદ્રોહ ન કરે અને ન તો કોઈ બીજા પર ફખર કરે>> સહીહ અબૂ દાવુદ : ૪૮૯૫. ઇસ્લામ જુલ્મ કરવાથી પણ રોકે છે, અલ્લાહ તઆલા કહે છે: {અને અલ્લાહ તઆલા જાલીમોને પસંદ નથી કરતો} [આલિ ઇમરાન : ૫૭]. અને અલ્લાહ તઆલાએ કહ્યું : {ખરેખર જાલિમ

લોકો ક્યારેય સફળ નહિ થાય.} [અલ અન્ અન્આમ: ૨૧]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {અને જાલીમો માટે અલ્લાહ તઆલા દુઃખદાયી અઝાબ તૈયાર કરી રાખ્યો છે} [અલ્ ઇન્સાન : ૩૧]. અને અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું : <<ત્રણ લોકોની દુઆ રદ થતી નથી, ઇન્સાફ કરનાર બાદશાહ, રોઝદાર જ્યાં સુધી તે રોઝો ન ખોલી લે, અને પીડિતની દુઆ વાદળોને ચીરીને ઉપર જાય છે, તેના માટે આકાશોના દ્વાર ખોલી નાખવામાં આવે છે, અને અલ્લાહ કહે છે, મારી ઇઝઝતની કસમ ! હું જરૂર તારી મદદ કરીશ, ભલેને થોડાક સમય પછી પણ>> સહીહ મુસ્લિમ : (૨૭૪૯) થોડા તફાવત સાથે, તિર્મિઝી : (૨૫૨૬) થોડા તફાવત સાથે અહમદ (૮૦૪૩). અલ્લાહના રસૂલ ﷺએ મૂઆઝ બિન જબલ રઝી. ને યમન મોકલવાના સમયે તેમને નસીહત કરતા જે વાતો વર્ણન કરી હતી, તેમાંથી એક વાત એ પણ હતી કે: <<પીડિતની બદ્ દુઆ થી બચીને રહેજો કારણકે તેની અને અલ્લાહની વચ્ચે કોઈ પરદો હોતો નથી>> સહીહ બુખારી. ૧૪૯૬. અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું : <<ખબરદાર ! જો કોઈ મુઆહિદ (જે વચન આપી મુસલમાનોના દેશમાં રહેતો હોય) પર જુલ્મ કરશે, અથવા તેની સાથે દુર્વ્યવહાર કરશે, અથવા તેને પોતાની શક્તિ કરતા વધારે ભાર આપવામાં આવ્યો, અથવા તેની ઈચ્છા વિરુદ્ધ કઇ પણ લીધું તો કયામત ના દિવસે હું તેના માટે વકીલ બનીશ>> સુનન્ અબી દાવુદ : ૩૦૫૨. તો ઇસ્લામ, જેવું કે તમે જોયું દરેક ખરાબ ટેવોથી તેમજ અન્યાય તેમજ અન્યાયી કાર્યોથી રોકે છે.

## ૩૬- ઇસ્લામ તે દરેક લેવડદેવડથી રોકે છે જેમાં વ્યાજનું પ્રમાણ હોય, અથવા કોઈને નુકસાન થતું હોય અથવા ધોખો હોય અથવા કોઈના પર જુલ્મ કરી લેવડદેવડ થતી હોય, અથવા તો જેના કારણે બજાર ઠબ પડવાનો ભય હોય અને સમાજ તેમજ સમાજના લોકો દરેકને નુકસાન થતું હોય.

ઇસ્લામ તે દરેક લેવડદેવડથી રોકે છે જેમાં વ્યાજનું પ્રમાણ હોય, અથવા કોઈને નુકસાન થતું હોય અથવા ધોખો હોય અથવા કોઈના પર જુલ્મ કરી લેવડદેવડ થતી હોય, અથવા તો જેના કારણે બજાર ઠબ પડવાનો ભય હોય અને સમાજ તેમજ સમાજના લોકો દરેકને નુકસાન થતું હોય. આ પેરેગ્રાફની શરૂઆતમાં તે આયતો અને હદીષોનું વર્ણન થઈ ગયું છે, જે વ્યાજ, ઝુલ્મ, ધોખો અથવા જમીનમાં ફસાદ ફેલાવવા પર રોક લગાવતી હોય,  અલ્લાહ તઆલા કહે છેઃ {અને જે લોકો મોમિન પુરુષો અને સ્ત્રીઓને કોઈ પાપ વગર જ તકલીફ આપે, તો તેઓ સ્પષ્ટ આરોપ અને ખુલ્લો ગુનોહ કરી રહ્યા છે} [ અલ્ અહઝાબ : ૫૮]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {જે વ્યક્તિ નેક કામ કરશે, તે પોતાના ફાયદા માટે કરશે, અને જે ખરાબ કામ કરશે તેનો વબાલ પર તેના પર જ હશે, અને તમારો પાલનહાર બંદાઓ પર જુલ્મ કરવાવાળો નથી} [ફુસ્સિલત : ૪૬]. હદીષે રસૂલમાં વર્ણન છેઃ <<અલ્લાહના રસૂલ ﷺએ આ વાતનો નિર્ણય કરી દીધો છે કે ન પોતે નુકસાન ઉઠાવવાનું છે અને ન તો બીજાને નુકસાન પહોંચાડવાનું છે>> સુનન્ અબી દાવુદ, અને અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું : <<જે અલ્લાહ પર અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવે છે, તે પોતાના પડોશીને તકલીફ ન પહોંચાડે, જે વ્યક્તિ અલ્લાહ પર અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તો તે પોતાના મહેમાનોની ઇઝઝ્ત કરે, જે અલ્લાહ પર અને આખિરતના દિવસ પર ઈમાન રાખતો હોય તો તે સારી વાત કહે અથવા તો ચૂપ રહે, એક બીજી રિવાયતમાં છે કે આપ ﷺએ કહ્યું,

તેણે પડોશી સાથે સારો વ્યવહાર કરવો જોઈએ>> સહીહ મુસ્લિમ : ૪૭, અને અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું : <<એક સ્ત્રીને એક બિલાડીના કારણે અઝાબ આપવામાં આવ્યો, થયું એવું કે તે સ્ત્રીએ તે બિલાડીને કેદ કરી લીધી, અહીં સુધી કે તે મરી ગઈ, તે સ્ત્રીને તે બિલાડીના કારણે જહન્નમમાં નાખી દેવામાં આવી, જ્યારે તેને કેદ કરી તો ન તો તેણીએ તેને ખવડાવ્યું ન તો પીવડાવ્યું અને ન તો તે બિલાડીને આઝાદ કરી, કે તે બિલાડી ઝમીનના કિડા મંકોડા તો ખાઈ લેતી>> સહીહ બુખારી : ૩૫૮૨, એવી સજા તેને મળી, ફક્ત બિલાડીને તકલીફ આપવાના કારણે, ઝરા વિચાર કરો કે તેની સાથે શું કરવામાં આવશે જે કોઈ માનવીને તકલીફ આપશે? અબ્દુલ્લાહ બિન ઉમર રઝી. કહે છે, તે કહે છે રસૂલ ﷺ મિન્બર પર ચઢ્યા અને ઉંચા અવાજે પોકારીને કહ્યુંઃ (હે લોકો ! જે લોકોએ ફક્ત મોઢાથી ઇસ્લામનો સ્વીકાર કર્યો છે અને અને ઈમાન જેના ગળાની નીચે નથી ઉતર્યો, મુસલમાનોને તકલીફ ન આપો, તેમની ખામી ન શોધો, અને ન તો તેમની છુપી વાતોમાં કાન લગાવો, નહીં તો યાદ રાખો, જે વ્યક્તિ પોતાના મુસલમાન ભાઈની ખામીઓ શોધતો રહ્યો તો અલ્લાહ તઆલા તેની ખામીઓ જણાવી દેશે, અને જે વ્યક્તિની પાછળ અલ્લાહ તઆલા લાગી જશે તેને જાહેરમાં અપમાનિત કરીને રહેશે, ભલેને તે પોતાના કજાવામાં કેમ ન છુપાઈ ગયો હોય. રાવી કહે છે કે એક દિવસે અબ્દુલ્લાહ બિન ઉમરે રઝી. એક દિવસે કાબા તરફ જોઈ કહ્યું, તારી પવિત્રતા ખૂબ જ ભવ્ય છે, અને તારી પવિત્રતા પણ ખૂબ જ છે, પરંતુ એક મોમિનની પ્રતિષ્ઠિતા અને પવિત્રતા અલ્લાહ તઆલા પાસે તારા કરતા વધારે છે) આ હદીષને તિર્મિઝ (૨૦૨૩), અને ઈબ્ને હિબ્બાન (૫૭૬૩). અને અલ્લાહના રસૂલ ﷺ એ કહ્યું : (એ વ્યક્તિ અલ્લાહ પર અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તો તે પોતાના પડોશીને તકલીફ ન આપે, અને જે વ્યક્તિ અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તો તે વ્યક્તિ મહેમાનોની ઇઝઝત કરે, અને જે વ્યક્તિ પણ અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તો તે સારી વાત

કહે અથવા ચૂપ રહે). સહીહ બુખારી : ૬૦૧૮, (અબૂ હુરૈરહ રઝી. રિવાયત કરે છે કે રસૂલ ﷺએ કહ્યું, તમે જાણો છો કે મુફલિસ કોણ છે? સહાબાઓએ જવાબ આપ્યો કે અમારા માંથી મુફલિસ તે છે, જેની પાસે કોઈ રૂપિયા પેસા અને કોઈ સામાન ન હોય, તો આપ ﷺએ કહ્યું, મારી કોમનો મુફલિસ તે છે, જે કયામતના દિવસે નમાઝ, રોઝા અને ઝકાત જેવી ભવ્ય ઇબાદતો સાથે આવશે, પરંતુ બીજી તરફ તેણે કોઈને ગાળો આપી હશે, કોઈના પર આરોપ લગાવ્યો હશે, કોઈનો માલ હડપ કરી લીધો હશે, કોઈને નાહક કતલ કર્યો હશે, અને કોઈને માર્યો હશે, તો તેની નેકિયો તે લોકોને આપી દેવામાં આવશે અને જો તેની નેકિયો તેના ગુનાહોનો બદલો આપતા પહેલા ખત્મ થઈ ગઈ તો તેમના ગુનાહ લઈ તેના શિરે નાખી દેવામાં આવશે, અને પછી તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે) આ હદીષને ઈમામ મુસ્લિમે રિવાયત કરી છે:(૨૫૮૧), તિર્મિઝી : (૨૪૧૮), અને અહમદે (૮૦૨૯) માં રિવાયત કરી છે, અહીંયા શબ્દો મુસ્નદ એહમદના છે. રસૂલ ﷺએ કહ્યું઼: (એક વાર રસ્તા વચ્ચે ઝાડની ડાળી પડી હતી, જેના કારણે લોકોને તકલીફ થઈ રહી હતી, એક વ્યક્તિએ તેને રસ્તા વચ્ચે પરથી હટાવી દીધી, તો તેને જન્નતમાં પ્રવેશ આપી દેવામાં આવ્યો) આ હદીષને બુખારી (૬૫૨) આ જ અર્થમાં મુસ્લિમે (૧૯૧૪) અને આ જ પ્રમાણે શબ્દો વર્ણન કરતા ઈબ્ને માજામાં (૩૬૬૨) અને એહમદ (૧૦૪૩૨) માં રિવાયત કરી છે. આ હદીષ દ્વારા સાબિત થયું કે રસ્તા વચ્ચેથી તકલીફ આપનારી વસ્તુ હટાવી લેવાથી જન્નતમાં દાખલો મળી શકે છે, તો ઝરા વિચાર કરો, જે લોકોને તકલીફ આપતો હશે, અને લોકોના જીવનમાં બગાડ લાવવા ઇચ્છતો હોય તો તેને કેટલી મોટી સજા આપવામાં આવશે?

## ૩૭- ઇસ્લામ સંપૂર્ણ રીતે બુદ્ધિની સુરક્ષા અને તે દરેક વસ્તુને હરામ કરવા માટે આવ્યો છે, જે બુદ્ધિ ને બગાડી શકે છે, જેવુ કે શરાબ પીવી, ઇસ્લામે બુદ્ધિને એક શાન અને પવિત્રતા આપી છે, તેને જ દરેક શરીઅત તરફથી આવનારી તકલીફોનું મૂળિયું ગણાવ્યું છે, અને ખોટા રિવાજો તેમજ શિર્કની સાંકળથી આઝાદ કર્યા છે, ઇસ્લામમાં એવા ભેદ અને આદેશો છે જ નહીં જે કોઈ તબક્કા માટે ખાસ હોય, તેના દરેક આદેશો અને નિયમો સાચી બુદ્ધિ પ્રમાણે અને ઇન્સાફના દાઈરા પ્રમાણે છે.

ઇસ્લામ બુદ્ધિની સુરક્ષા કરવા અને તેની મહત્વતા તેમજ પવિત્રતા વધારવા માટે આવ્યો છે, અલ્લાહ તઆલા કહે છેઃ {કાન,આંખ અને દિલ, તેમાંથી દરેક વિશે પૂછવામાં આવશે.} [અલ્ ઇસ્રાઃ ૩૬]. એટલા માટે દરેક માનવીની જવાબદારી બને છે, કે તે પોતાની બુદ્ધિ નો સદ ઉપયોગ કરે, એટલા માટે જ ઇસ્લામે શરાબ તેમજ અન્ય નશિલા પદાર્થને હરામ ઠેરવ્યા છે, મેં શરાબ પીવું હરામ છે, આ વાતને પેરેગ્રાફ નંબર (૩૪) માં વર્ણન  કરી દીધી છે, આ જ વિષય પર કુરઆન મજીદની ઘણી આયતો છે, જે અલ્લાહ તઆલાના આ પવિત્ર શબ્દો પર પૂર્ણ થાય છેઃ {કદાચ કે તમે સમજી જાઓ} [અલ્ બકરહ : ૨૪૨]. અને અલ્લાહ તઆલાએ કહ્યુંઃ {દુનિયાનું જીવન તો રમત ગમત સિવાય કશું જ નથી, અને આખિરતનું ઘર પરહેજગારો માટે ઉત્તમ છે, શુ તમે સમજતા નથી?} [અલ્ અન્આમઃ ૩૨]. અને અલ્લાહ તઆલાએ કહ્યુંઃ {અમે આ કુરઆન મજીદને અરબી ભાષામાં એટલા માટે ઉતાર્યું, કે તમે સમજી શકો} [યૂસુફ : ૨]. સાથે સાથે અલ્લાહ તઆલાએ એ પણ સ્પષ્ટ કરી દીધું કે હિદાયત અને હિકમતથી ફાયદો તે જ વ્યક્તિ ઉઠાવી શકે છે, જે બુદ્ધિશાળી અને સમજદાર હોય, અલ્લાહ તઆલા કહે છેઃ {તે જેને ઈચ્છે હિકમત અને સમજદારી આપે છે, અને જે વ્યક્તિને હિકમત અને સમજદારી આપવામાં આવી તેને

ઘણી ભલાઈઓ આપવામાં આવી, અને નસીહત તો ફક્ત બુદ્ધિશાળી લોકો જ પ્રાપ્ત કરે છે} [અલ્ બકરહ: ૨૬૯]. એટલા માટે જ ઇસ્લામે બુદ્ધિને શરીઅત દ્વારા મળતી તકલીફોનું મૂળિયું કહ્યું છે, અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: <<ત્રણ વ્યક્તિ પરથી કલમ ઉઠાવી લેવામાં આવી છે, સૂતેલા વ્યક્તિ પરથી, જ્યાં સુધી તે જાગી ન જાય, બાળક પરથી જ્યાં સુધી તે બાલિગ (પુખ્ત વય) સુધી ન પહોંચી જાય, અને પાગલ વ્યક્તિ પરથી જ્યાં સુધી તેનામાં બુદ્ધિ ન આવી જાય.>> આ હદીષને ઇમામ બુખારીએ મુઅલ્લક સેગએ જઝમ સાથે હદીષ નંબર (૫૨૬૯) થી પહેલા આ પ્રમાણે જ અને અબૂ દાવુદ શરીફે (૪૪૦૨) માં મૌસૂલન્ રિવાયત કરી છે, શબ્દો અબૂ દાવુદના છે, તિર્મિઝીએ પોતાની સુનનમાં (૧૪૨૩) મુજબ નસાઈએ સુનનુલ્ કુબરામાં (૭૩૪૬)માં અને અહમદે (૯૫૬) માં થોડાક શબ્દોના ફેરફાર સાથે વર્ણન કરી છે, અને ઈબ્ને માજામાં (૨૦૪૨) માં સંક્ષિપ્ત રીતે વર્ણન કરી છે. અને ઇસ્લામે માનવીને ખોટા રસમો રિવાજથી તેમજ શિર્કની સાંકળથી બચાવીને રાખ્યા છે, અલ્લાહ તઆલાએ સંપૂર્ણ શિર્ક અને દુષ્ટકામોમાં સપડાયેલી અને અલ્લાહ તરફથી આવનારી સાચી અને સચોટ વાતનો ઇન્કાર કરવાવાળી કોમોની દશા વર્ણન કરતા કહ્યું: {આ પ્રમાણે જ અમે તમારા કરતા પહેલા અમે જે વસ્તીમાં પણ કોઈ સચેત કરનાર પયગંબર મોકલ્યા, ત્યાંના ખુશહાલ લોકોએ આ પ્રમાણે જ જવાબ આપ્યો કે અમે અમારા પૂર્વજોને (એક જ માર્ગ) અને એક જ રસ્તા પર જોયા છે, અને અમે તો તેમનું જ અનુસરણ કરવાવાળા છે} [ઝુખ્રુફ : ૨૩]. અલ્લાહ તઆલાએ ઈબ્રાહીમ ખલીલ વિશે કહ્યું, તેઓએ પોતાની કોમને કહ્યું: {આ મૃતી શુ છે? જેની સામે તમે (બંદગી માટે) બેઠા છો? (૫૨) સૌએ જવાબ આપ્યો, અમે અમારા પૂર્વજોને તે લોકોની જ ઈબાદત કરતા જોયા છે (૫૩)} [અલ્ અન્બિયા:૫૨-૫૩]. પછી ઇસ્લામ આવ્યો અને લોકોને આદેશ આપ્યો કે મૂર્તિપૂજા છોડી દો, પૂર્વજો દ્વારા ચાલી આવેલા ખોટા રિવાજોને છોડી દો, અને પયગંબરોના આદેશોનું અનુસરણ કરો. ઇસ્લામમાં કોઈ એવા આદેશો અને ભેદ નથી જે કોઈના માટે ખાસ હોય. અલ્લાહના રસૂલ

ﷺના કાકાના દીકરા અને પોતાના જમઇ અલી બિન અબી તાલીબ રઝી.ને પૂછવામાં આવ્યું, કે શું અલ્લાહના રસૂલ ﷺએ તમને કોઈ ખાસ પ્રાથમિકતા આપી છે? તેઓએ કહ્યું, અલ્લાહના રસૂલ ﷺએ અમને કોઈ ખાસ પ્રાથમિકતા નથી આપી, જો કે દરેક આદેશો આપ ﷺએ દરેક લોકો માટે સરખા રાખ્યા છે, બસ મારી તલવારના હાથામાં જે કઈ છે તેને જ મારા માટે ખાસ કર્યું છે, પછી તેઓએ પોતાની તલવારના હાથા માંથી એક ચબરખી કાઢી જેમાં લખ્યું હતું, " તે લોકો પર અલ્લાહની લઅનત થાય, જેણે અલ્લાહને છોડીને કોઈ બીજાના નામ પર જાનવર ઝબહ કર્યું, તેના ઉપર પણ અલ્લાહની લઅનત અને ફિટકાર થાય જેને ઝમીન માંથી તેની નિશાની ચુરાવી, તેના પર અલ્લાહની લઅનત થાય, જેણે પોતાના માતાપિતા પર લઅનત અને મેળાતોળા માર્યા, અને તેના પર અલ્લાહની લઅનત થાય જેણે કોઈ બિદઅતીને આશરો આપ્યો>> સહીહ મુસ્લિમ : ૧૯૭૮. ઇસ્લામના દરેક આદેશો સદ્ બુદ્ધિ પ્રમાણે અને ઇન્સાફ અને હિકમત પ્રમાણે છે.

## ૩૯- જો બાતેલ દીનના અનુયાયી લોકો પોતાના ધર્મમાં હાજર વિરોધી વાતોને ધ્યાનથી નહિ વાંચે, જેને સદ્ બુદ્ધિ કબૂલ નથી કરતી, તો ધર્મના ઠેકેદારો તેમને એવા ભ્રમમાં નાખી દેશે કે દીન બુદ્ધિ અને સમજથી વંચિત છે, અને તેને સંપૂર્ણ રીતે સમજવું અશક્ય છે, એટલા માટે જ ઇસ્લામ દીનને એક એવો પ્રકાશ ગણાવે છે જે સદ્ બુદ્ધિ માટે માર્ગનો બંદોબસ્ત કરે છે, એટલા માટે બાતેલ ધર્મના ઠેકેદારો ઈચ્છે છે, માનવી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવાનું છોડી દે, અને ફક્ત તેમનું જ અનુસરણ કરે, જ્યારે કે ઇસ્લામ એવું ઈચ્છે છે, માનવી પોતાની બુદ્ધિને પ્રકાશિત કરે, જેથી દરેક બાબતોને તેની સત્યતા પ્રમાણે જોઈ શકે.

જો બાતેલ દીનના અનુયાયી લોકો પોતાના ધર્મમાં હાજર વિરોધી વાતોને ધ્યાનથી નહિ વાંચે, જેને સદ્ બુદ્ધિ કબૂલ નથી કરતી, તો ધર્મના ઠેકેદારો તેમને એવા ભ્રમમાં નાખી દેશે કે દીન બુદ્ધિ અને સમજથી વંચિત છે, અને તેને સંપૂર્ણ રીતે સમજવું અશક્ય છે, એટલા માટે જ ઇસ્લામ દીનને એક એવો પ્રકાશ ગણાવે છે જે સદ્ બુદ્ધિ માટે માર્ગનો બંદોબસ્ત કરે છે, એટલા માટે બાતેલ ધર્મના ઠેકેદારો ઈચ્છે છે, માનવી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવાનું છોડી દે, અને ફક્ત તેમનું જ અનુસરણ કરે, જ્યારે કે ઇસ્લામ એવું ઈચ્છે છે, માનવી પોતાની બુદ્ધિને પ્રકાશિત કરે, જેથી દરેક બાબતોને તેની સત્યતા પ્રમાણે જોઈ શકે. અલ્લાહ તઆલા કહે છે: {અને એવી જ રીતે અમે તમારી તરફ એક રૂહ વહી કરી છે, તમે આ પહેલા એ પણ નહતા જાણતા કે કિતાબ અને ઈમાન શી વસ્તુ છે? પરંતુ અમે તેને નૂર બનાવ્યો, તેના વડે પોતાના બંદોઓ માંથી જેને ઈચ્છે હિદાયત આપે છે, ખરેખર તમે સત્ય માર્ગ તરફ માર્ગદર્શન આપી રહ્યા છો.} [અશ શૂરા : ૫૨]. અલ્લાહની વહી એવા આદેશો અને પુરાવા રજૂ કરે છે જે સદ્ બુદ્ધિને તે સત્યતા તરફ ખુશી ખુશી લઈ જાય છે, જેની ઓળખ પ્રાપ્ત કરવી અને જેના પર ઈમાન લાવવું જરૂરી બની જાય છે, અલ્લાહ તઆલા કહે છે:

{હે લોકો ! તમારી પાસે તમારા પાલનહાર તરફથી સનદ અને પુરાવા આવી પહોંચ્યા છે, અને અમે તમારી તરફ સ્પષ્ટ અને ખુલ્લો નૂર ઉતારી દીધો છે} [અન્ નિસા : ૧૭૪]. અલ્લાહ તો એવું જ ઈચ્છે છે કે માનવી નૂર, હિદાયત અને જ્ઞાન અને હકીકતમાં જીવન પસાર કરે પરંતુ શૈતાન અને બાતેલ લોકોની ઈચ્છા એવી હોય છે કે માનવી કૂફ્ર અને અજ્ઞાનતાના અંધકારમાં જીવન પસાર કરે અને માનવી પથભ્રષ્ટ જ રહે, અલ્લાહ તઆલા કહે છે: {ઈમાન લાવવાવાળાઓનો દોસ્ત અલ્લાહ તઆલા પોતે જ છે, તે તેમને અંધકાર માથી પ્રકાશના માર્ગ તરફ લઈ જાય છે, અને કાફિરોના દોસ્ત શૈતાનો છે, તે તેમને પ્રકાશના માર્ગ માથી કાઢી અંધકાર તરફ લઈ જાય છે} [અલ્ બકરહ : ૨૫૭].

## ૪૦- ઇસ્લામ, સાચા જ્ઞાનની ઇઝઝત કરે છે અને તેને પ્રોત્સાહન આપે છે, નફસની મનેચ્છાઓથી ખાલી, સાયન્સના રિસર્ચ પર ધ્યાન આપવા અને આપણા પોતાના નફસમાં જોવા તેમજ આપણી આજુબાજુ ફેલાયેલી સૃષ્ટિ પર ચિંતન કરવાનો આદેશ આપે છે, ઠોસ સાયન્સ રિસર્ચના પુરાવા ઇસ્લામથી વિરુદ્ધ નથી.

ઇસ્લામ સાચા જ્ઞાનને સન્માન આપે છે, અલ્લાહ તઆલા કહે છે: {અલ્લાહ તઆલા ઈમાન અને ઇલ્મવાળાઓ દરજ્જાઓને બુલંદ કરે છે અને અલ્લાહ તે દરેક વસ્તુઓની જાણ ધરાવે છે, જે કંઈ તમે કરો છો} [અલ્ મુજાદલહ : ૧૧]. અલ્લાહ તઆલાએ આલિમોની ગવાહીને સૌથી ભવ્ય ગવાહીમાં પોતાની અને ફરિશ્તાઓની ગવાહી સાથે ભેગી કરીને વર્ણન કરી છે, અલ્લાહ કહે છે: {અલ્લાહ તઆલા, ફરિશ્તાઓ અને ઇલ્મવાળાઓ એ વાતની ગવાહી આપે છે કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી, અને તે ઇન્સાફને કાયમ કરવાવાળો છે, તે વિજયી અને હિકમતવાળા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી} [આલિ ઇમરાન : ૧૮]. આ આયત ઇસ્લામમાં ઇલ્મવાળાઓની પ્રતિષ્ઠતાને સ્પષ્ટ કરે છે, એવી જ રીતે ઇલ્મવાળાઓ અને પ્રતિષ્ઠિત લોકોની એક નિશાની એ પણ છે કે અલ્લાહ તઆલાએ પોતાના પયગંબર મુહમ્મદ ﷺને ફક્ત જ્ઞાન અને તેની ઓળખમાં વધારા માટે દુઆ કરવાનો આદેશ આપવામાં આવ્યો, અલ્લાહ તઆલા કહે છે : {અને તમે કહો કે હે મારા પાલનહાર ! મારા ઇલ્મ (જ્ઞાન)માં વધારો કર} [તોહા : ૧૧૪]. અને અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: <<જે વ્યક્તિ ઇલ્મની તલાશમાં કોઈ માર્ગ ઉપર ચાલી નીકળે, અલ્લાહ તઆલા તેમના માટે જન્નતનો માર્ગ સરળ બનાવી દે છે, ખરેખર ફરિશ્તાઓ વિદ્યાર્થીના કાર્યોથી ખુશ થઈ તેમના માટે પોતાની પાંખો પાથરે છે, અને ખરેખર આલિમ માટે આકાશો અને ધરતીની દરેક સર્જન મગ્ફિરત ની દુઆ કરે છે, અહીં સુધી કે પાણીની અંદર માછલીઓ પણ. અને આલિમની મહત્વતા ઈબાદત કરનાર

પર એવી જ છે જેવી કે ચંદ્રની મહત્વતા સંપૂર્ણ સિતારાઓ પર. નિઃશંક આલિમો પયગંબરોના વારસદાર છે, અને પયગંબરોએ કોઈને પણ દીનાર અને દિરહમના વારસદાર નથી બનાવ્યા, પરંતુ તેઓએ ઇલ્મના વારસદાર બનાવ્યા છે, એટલા માટે જેણે આ ઇલ્મ પ્રાપ્ત કર્યું, તેણે (પયગંબરના ઇલ્મ અને તેમના વારસા માંથી) સંપૂર્ણ ભાગ લીધો>> આ હદીષને અબૂ દાવુદ (૩૬૪૧) તિર્મિઝી (૨૬૮૨) ઈબ્ને માજા (૨૨૩) એ રિવાયત કરી છે. શબ્દો ઈબ્ને માજાના છે, અને એહમદ (૨૧૭૧૫) પણ રિવાયત કરી છે. સાયન્સના રિસર્ચ પર ધ્યાન આપવા અને આપણા પોતાના નફસમાં જોવા તેમજ આપણી આજુબાજુ ફેલાયેલી સૃષ્ટિમાં ચિંતન કરવાનો આદેશ આપે છે, અલ્લાહ તઆલા કહે છે: {નજીક માંજ અમે તેઓને અમારી નિશાનીઓ ગેલેકસીમાં બતાવીશું, અને તેમના સર્જનમાં પણ, અહીં સુધી કે તેમની સામે સત્ય સ્પષ્ટ થઈ જશે, શું તમારા પાલનહારનું દરેક વસ્તુની જાણ રાખવું પૂરતું નથી?} [ફુસ્સિલત : ૫૩]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {અને શું તે લોકોએ આકાશો અને ધરતીમાં જોતા નથી, અને બીજી દરેક વસ્તુઓમાં જેનું અલ્લાહએ સર્જન કર્યું છે, અને એ વાતમાં પણ કે શક્ય છે તેમની મૌત નજીકમાં જ આવી પહોંચશે, ત્યારબાદ કુરઆન પછી તે લોકો કઈ વાત ઉપર ઈમાન ધરાવશે.} [અલ્ અઅરાફ : ૧૮૫]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {શું તેઓએ ઝમીનમાં ચાલીને નથી જોયું કે તેમના કરતા પહેલા લોકોની દશા કેવી થઈ? તે તેઓ કરતા ખૂબ જ શક્તિશાળી અને જેટલું આ લોકોએ ઝમીનને વસાવી છે, તેના કરતાં વધારે તે લોકોએ ઝમીનને વસાવી હતી, તેમની પાસે તેમના પયગંબર સ્પષ્ટ નિશાનીઓ લઈને આવ્યા હતા, આ તો શક્ય જ ન હતું કે અલ્લાહ તેમના પર ઝુલ્મ કરતો, પરંતુ તે લોકો પોતે જ પોતાના નફસ પર ઝુલ્મ કરતા હતા} [રૂમ : ૯]. સાયન્સની સાચી શોધ ઇસ્લામથી વિરુદ્ધ નથી હોતી, અમે અહીંયા એક ઉદાહરણ આપી અમારી વાત મુકીશું, જેની સ્પષ્ટતા આજથી ચૌદસો વર્ષ પહેલાં કુરઆન મજીદે કરી દીધી હતી, પરંતુ સાયન્સે તેની શોધ હજુ હમણાં કરી છે, પરંતુ તેની બાબત કરવામાં આવેલી શોધખોળ તે જ સામે આવી

જે કુરઆન મજીદમાં ચૌદસો વર્ષ પહેલાં વર્ણન થઈ ગઈ છે, અને તે છે માતાના પેટમાં બાળકની પેદાશ અને ઉછેર, અલ્લાહ તઆલા કહે છેઃ {નિ:શંક અમે મનુષ્યનું સર્જન માટીના કણ વડે કર્યું.(૧૨) પછી તેને ટીપું બનાવી, સુરક્ષિત જગ્યાએ મૂકી દીધું.૧૩) પછી ટીપાને અમે જામેલું લોહી બનાવી દીધું, પછી તે જામેલા લોહીને માંસનો ટુકડો બનાવી દીધો, પછી માંસના ટુકડાને હાડકા બનાવી દીધા, પછી હાડકાઓ પર અમે માંસ ચઢાવી દીધું, પછી બીજી બનાવટમાં તેનું સર્જન કર્યું. બરકતોવાળો છે તે અલ્લાહ, જે શ્રેષ્ઠ સર્જન કરનાર છે.(૧૪) [અલ મુઅમિનૂન:૧૨-૧૪].

## ૪૦- અલ્લાહ તઆલા ફક્ત તે જ વ્યક્તિના અમલને કબૂલ કરે છે, અને તે જ વ્યક્તિને આખિરતમાં પોતાના અમલનો બદલો આપશે, જે અલ્લાહ પર ઈમાન લાવે અને તેનું અનુસરણ કરે, અને તેણે મોકલેલા દરેક પયગંબરોની પુષ્ટિ કરે, અલ્લાહ તઆલા ફક્ત તે જ બંદગીઓને કબૂલ કરે છે, જેણે પોતે કરવાનો આદેશ આપ્યો હોય, આ કઈ રીતે હોઈ શકે છે કે માનવી અલ્લાહ સાથે શિર્ક પણ કરે અને અલ્લાહ તેને સવાબ તેમજ બદલો પણ આપે? અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિના ઈમાનને ત્યારે જ કબૂલ કરશે, જ્યારે તે દરેક પયગંબરો અને નબીઓ અને મુહમ્મદની પયગંબરી પર ઈમાન ધરાવે.

અલ્લાહ તઆલા ફક્ત તે જ વ્યક્તિના અમલને કબૂલ કરે છે, અને તે જ વ્યક્તિના નેક કામોનો બદલો આખિરતના દિવસે આપશે, જે અલ્લાહ પર ઈમાન ધરાવતો હશે, તેની ઇતાઅત અને અનુસરણ કરશે, અને તેણે મોકલેલા દરેક પયગંબરો અને નબીયોનો સ્વીકાર કરે, અલ્લાહ તઆલા કહે છેઃ {જેનો ઈરાદો ફક્ત આ દુનિયા પ્રાપ્ત કરવાનો હશે તો અમે જેટલી ઈચ્છા કરીએ તેને અહીંયા જ આપી દઇએ છીએ, પછી અમે તેના માટે જહન્નમ તૈયાર કરી રાખી છે, જેમાં તે અપમાનિત થઈ પડી રહેશે. (૧૮) અને જેનો ઈરાદો આખિરત પ્રાપ્ત કરવાનો હોય અને તે તેના માટે ભરપૂર પ્રયત્ન પણ કરે તો જેવું કે તેના માટે કરવી જોઈએ, અને તે મોમિન પણ હોય તો આવા લોકોના પ્રયત્નને સંપૂર્ણ સન્માન આપવામાં આવશે. (૧૯)} [અલ્ ઇસ્રાઃ ૧૮-૧૯]. અલ્લાહ તઆલાએ કહ્યુંઃ {અને જે કોઈ નેક અમલ કરશે અને તે મોમિન પણ હશે તો તેના પ્રયત્નની અવગણના કરવામાં નહિ આવે, અમે તો તેને લખવાવાળા છે} [અલ્ અન્બીયા : ૯૪]. અલ્લાહ તઆલા ફક્ત તે ઇબાદતોને જ કબૂલ કરે છે, જેની સ્પષ્ટતા તેણે પોતે જ કરી હોય, અલ્લાહ તઆલા કહે છેઃ {જેને પણ પોતાના પાલનહાર સાથે મુલાકાત કરવાની આશા હોય તો તેણે નેક કાર્યો કરે,

અને પોતાના પાલનહારની ઈબાદત મા અન્યને ભાગીદાર ન ઠેહરાવે} [અલ્ કહફ : ૧૧૦]. સ્પષ્ટ થઇ ગયું કે તે જ અમલ નેક સમજવામાં આવશે, જેનો આદેશ અલ્લાહ તરફથી સ્પષ્ટ હોય, અમલ કરનાર તેને અલ્લાહ માટે જ સમર્પિત કરી દે, જે અલ્લાહ પર ઈમાન ધરાવતો હોય, અને દરેક પયગંબરની પુષ્ટિ કરવાવાળો હોય, જેનો અમલ આ રીતે ન હોય, તેના વિશે અલ્લાહ કહે છે: {અને તેઓએ જે કંઈ પણ અમલ કર્યા અમે તે અમલને તેમની તરફ વિખેરાયેલાં કણો માફક કરી દીધા} [અલ્ ફુરકાન : ૨૩]. અલ્લાહ તઆલાએ એક બીજી જગ્યાએ કહ્યું: {તે દિવસે ઘણા ચહેરાઓ ભયભીત હશે. (૨) મહેનત કરવાવાળા થાકી જશે. (૩) તે ભડકે બળતી આગમાં જશે (૪)} [અલ્ ગોશીયહ : ૨-૪]. બસ આ ચહેરા ઉતરેલા અને અમલ કરી કરી થાકી ગયા હશે પરંતુ તે લોકોએ તે દરેક કાર્યો અલ્લાહએ આપેલ તરીકાથી હટીને કર્યા હશે, એટલા માટે અલ્લાહ તઆલા તેમનું ઠેકાણું જહન્નમને બનાવશે, તેનું મૂળ કારણ એ હશે કે તેઓએ અલ્લાહએ આપેલ માર્ગદર્શન પ્રમાણે ઈબાદતો નહીં કરી હોય, તેના વિરુદ્ધ બાતેલ (અયોગ્ય) તરીકા પર ઈબાદતો કરી હશે, અને તે ગુમરાહ સરદારોનું અનુસરણ કર્યું હશે, જેઓ તેમના માટે વાહિયાત દીન બનાવતા રહેતા હતા. જાણવા એ મળ્યું કે અલ્લાહની નજીક તે જ અમલ નેક અને કબૂલ થશે, જે અલ્લાહના રસૂલ ﷺએ વર્ણવેલ તરીકા મુજબ હશે, આ કઈ રીતે શક્ય છે કે માનવી અલ્લાહની સાથે કૂફર પણ કરે અને તેનાથી બદલો મળવાની આશા પણ રાખે? અલ્લાહ તઆલા કોઈનું ઈમાન ત્યારે જ કબૂલ કરે છે, જ્યારે કે તે દરેક પયગંબરો અને મુહમ્મદ ﷺની પયગંબરી પર ઈમાન લાવે, પેરેગ્રાફ નંબર (૨૦) માં અમે આ વિશે કેટલીક દલીલો વર્ણન કરી ચુક્યા છે, અલ્લાહ તઆલા વધુ કહે છે: {પયગંબર પર જે કઇ તેના પાલનહાર એ અવતરિત કર્યું તેના પર તે પણ ઈમાન લાવ્યા અને દરેક મોમીનો પણ ઈમાન લાવ્યા, આ દરેક લોકો અલ્લાહ પર, તેના ફરિશ્તાઓ પર, તેની કિતાબો પર અને તેના પયગંબરો પર ઈમાન લાવે છે. (અને કહે છે કે) અમે અલ્લાહના પયગંબરો વચ્ચે કઈ પણ મતભેદ કરતા નથી} અને

તેઓ કહે છે કે અમે અલ્લાહના આદેશો સાંભળ્યા અને તેનું અનુસરણ કર્યું, હે અમારા પાલનહાર ! તું અમને માફ કરી દે, અમારે તારી તરફ જ પાછા ફરવાનું છે.} [અલ્ બકરહ: ૨૮૫]. અલ્લાહ તઆલા કહે છેઃ {હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલા પર, તેના પયગંબર પર અને તે કિતાબ પર જે તેણે પોતાના પયગંબર પર ઉતારી છે અને તે કિતાબ પર જે આ પહેલા તેણે ઉતારી છે, ઈમાન લાવો, જે વ્યક્તિ અલ્લાહ તઆલા તેના ફરિશ્તાઓ તેની કિતાબો તેના પયગંબરો અને કયામતના દિવસનો ઇન્કાર કરશે તો તે ઘણી જ દૂરની ગુમરાહીમાં પડી જશે} [અન્ નિસા : ૧૩૬]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {અને (તે સમય પણ યાદ કરો) જ્યારે અલ્લાહ તઆલાએ પયગંબરો પાસેથી વચન લીધું કે જે કઈ હું તમને કિતાબ અને હિકમત આપું પછી તમારી પાસે તે પયગંબર આવી જાય જે તમારી પાસેની વસ્તુઓને સત્ય ઠેરાવતો હોય, તો તમારા માટે તેના પર ઇમાન લાવવું અને તેની મદદ કરવી જરૂરી છે, અલ્લાહ તઆલાએ (આ આદેશ આપી પયગંબરોને પૂછ્યું) કે શું તમે તેના સમર્થક છો અને તેના પર મારી જવાબદારી ઉપાડો છો ? સૌએ કહ્યું કે અમને મંજુર છે, કહ્યું તો હવે સાક્ષી બનીને રહો અને હું પોતે પણ તમારી સાથે સાક્ષી છું} [આલિ ઇમરાન: ૮૧].

## ૪૧- દરેક અલ્લાહ તરફથી મળેલ આદેશોનો હેતુ એ છે કે સાચો દીન માનવીની રગ રગમાં સમાઈ જાય, અને તે સમગ્ર સૃષ્ટિના પાલનહાર અલ્લાહનો સાચો અને પાકો બંદો બની જાય, ઇસ્લામ ખરેખર માનવીની માનવીથી તેમજ દુષ્ટ કામોની ગુલામીથી આઝાદ કરવા માટે આવ્યો છે, એટલા માટે જ જેવું કે તમે જોઈ રહ્યા છો કે વ્યક્તિત્વ પરસ્તીને માનતો નથી, અને ન તો તેઓને તેમના કદથી વધારે માન આપે છે, અને ન તો તેઓને ઇલાહ અને રબ બનવાની પરવાનગી આપે છે.

દરેક અલ્લાહ તરફથી મળેલ આદેશોનો હેતુ એ છે કે સાચો દીન માનવીની રગ રગમાં સમાઈ જાય, અને તે સમગ્ર સૃષ્ટિના પાલનહાર અલ્લાહનો સાચો અને પાકો બંદો બની જાય, ઇસ્લામ ખરેખર માનવીની માનવીથી તેમજ દુષ્ટ કામોની ગુલામીથી આઝાદ કરવા માટે આવ્યો છે, રસૂલ ﷺએ કહ્યું: <<દીનાર અને દિરહમ અને ધારદાર રેશમી ચાદરનો ગુલામ બરબાદ થઇ ગયો, કારણકે તેને આપવામાં આવે તો ખુશ અને ન આપવામાં આવે તો નાખુશ>> સહીહ બુખારી : ૬૪૩૫. બસ સમજદાર વ્યક્તિ અલ્લાહ સિવાય કોઈની સામે ઝુકતો નથી, અને ન તો માલ, પદ ખાનદાન તેને ગુલામ બનાવી શકે છે, આગળના પેરેગ્રાફમાં જે કિસ્સો વર્ણન કરવામાં આવી રહ્યો છે, તેનાથી વાંચન કરનારાઓ માટે વધુ સ્પષ્ટ થઈ જશે કે પયગંબરી પહેલા લોકો કેવા હતા અને પયગંબરી પછી લોકો કેવા થઈ ગયા? જ્યારે શરૂ શરૂમાં ઇસ્લામનો સ્વીકાર કરનાર સહાબાઓ હબશા તરફ હિજરત કરી ગયા, અને તે સમયના હબશા શહેરના બાદશાહે તેમને સવાલ કર્યો: "આ કેવો દીન છે, જેના કારણે તમે પોતાની કોમથી વિરુદ્ધ માર્ગ અપનાવી લીધો, અને ન તો મારા દીનનો સ્વીકાર કરવા અને ન તો દુનિયાના કોઈ પણ દીનનો સ્વીકાર કરવાથી ઇન્કાર કરી બેઠા? હબશાના બાદશાહને જવાબ આપતા જઅફર બિન અબી તાલિબ

રઝી.એ કહ્યું: હે બાદશાહ ! અમે અજ્ઞાનતાના સમયના લોકો છે, મૃતિપૂજા કરતા હતા, મૃતક માસ ખાતા હતા, દરેક પ્રકારની બુરાઈ અમારામાં હતી, સંબંધ તોડતા હતા, પડોશી સાથે દુર્વ્યવહાર કરતા હતા, અમારા માંથી સક્ષમ વ્યક્તિ નબળા વ્યક્તિ પર અત્યાચાર કરતો, અમે એવા પ્રકારનું જીવન પસાર કરી રહ્યા હતા, કે અલ્લાહ તઆલાએ અમારા માંથી જ એક એવા પયગંબર મોકલ્યા, જેના ખાનદાન, નસબ જેની સચ્ચાઈ અને અમાનતદારી (નિષ્ઠા) અને પવિત્રતાથી ખૂબ પરિચિત હતા, તેણે અમને ફક્ત એક અલ્લાહની બંદગી કરવાનો આદેશ આપ્યો, અને તેના સિવાય જે પથ્થરો અને મૂર્તિપૂજા અને અને અમારા પૂર્વજો કરતા હતા તેને છોડી દેવાનો આદેશ આપ્યો, તેણે અમને સાચું બોલવા, અમાનત આપી દેવા, સંબંધ જોડવા, પડોશી સાથે સારો વ્યહવાર કરવા, હરામ કામથી અને કતલગીરીથી દુર રહેવાનો આદેશ આપ્યો, અને બુરાઈઓથી, જૂઠું બોલવાથી, અનાથોનો માલ ખાવા, અને પવિત્ર સ્ત્રીઓ પર આરોપ લગાવવાથી રોક્યા, તેણે અમને આદેશ આપ્યો કે અમે ફક્ત એક જ અલ્લાહની બંદગી કરીએ તેની સાથે કોઈને પણ શરીક ન કરીએ, તેણે અમને નમાઝ પઢવા, ઝકાત આપવા, અને રોઝા રાખવાનો પણ આદેશ આપ્યો, રાવી કહે છે, તેઓએ ઇસ્લામના અન્ય આદેશો પણ ગણાવ્યા, ત્યારબાદ કહ્યું કે પછી અમે તેની વાતનો સ્વીકાર કર્યો, તેના પર ઈમાન લાવ્યા, અને જે કંઈ પણ લઈને આવ્યા હતા તેનું અનુસરણ કરતા ફક્ત એક જ અલ્લાહની બંદગી કરવાનું શરૂ કરી દીધું, તેની સાથે અન્યને શરીક કરવાથી રુકી ગયા, તેણે જે વસ્તુને હરામ ઠહેરાવ્યું અમે તેને હરામ ગણી લીધું, અને જે વસ્તુને હલાલ  કહ્યું અમે તેને હલાલ સમજી ગયા... "આ હદીષને અહમદ (૧૭૪૦) થોડાક અલગ શબ્દો સાથે વર્ણન કરી, અને અબૂ નુઐમે (હિલ્યતુલ્ અવલિયા) (૧/૧૧૫)માં સંક્ષિપ્ત રૂપે વર્ણન કરી છે. તમે જોયું કે ઇસ્લામ વ્યક્તિત્વ પરસ્તીને નથી માનતો, ન તો તેમને તેમના પદ કરતા વધારે સન્માન આપે છે અને ન તો તેમને રબ તેમજ ઇલાહ હોવાનો સ્વીકાર કરે છે. અલ્લાહ તઆલા કહે છે: {તમે કહી દો કે હે કિતાબવાળાઓ ! એવી

ન્યાયવાળી વાત તરફ આવો જે અમારા અને તમારામાં સમાન છે, અને એ વાત એ કે આપણે અલ્લાહ તઆલા સિવાય કોઇની બંદગી ન કરીએ, ન તેની સાથે કોઇને ભાગીદાર ઠેરવીએ, ન તો તમારા માંથી કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાને છોડીને અન્યને રબ બનાવે, જો તેઓ આ વાતથી મોઢું ફેરવી લે તો તમે કહી દો કે સાક્ષી રહો અમે તો મુસલમાન છે} [આલિ ઇમરાન : ૬૪]. અલ્લાહ તઆલા કહે છે: {તે પયગંબર તમને કદાપિ એવું નહિ કહે કે તમે ફરિશ્તાઓ અને પયગંબરોને પાલનહાર બનાવી લો, શું તે તમારા મુસલમાન થઇ જવા છતાં કૂફર કરવાનો આદેશ આપશે ?} [આલિ ઇમરાન: ૮૦]. અને આપ ﷺએ કહ્યું કે <<મારા વખાણ કરવામાં એવી રીતે હદ વટાવી ન દો જેવું કે નસ્રાની લોકોએ ઈસા બિન મરયમના વખાણ કરવામાં હદ વટાવી દીધી, હું તો ફક્ત એક બંદો જ છું, એટલા માટે આમ કહો : અલ્લાહનો બંદો અને તેનો રસૂલ.>> સહીહ બુખારી: ૩૪૪૫.

## ૪૨- અલ્લાહ તઆલાએ ઇસ્લામમાં તૌબાનો આદેશ આપ્યો, તૌબા માનવીનું પોતાના પાલનહાર તરફ રજૂ થવા અને ગુનાહ છોડી દેવાને કહે છે, જેવી રીતે ઇસ્લામ લાવવાથી ઇસ્લામ પહેલાના દરેક ગુનાહ માફ થઈ જાય છે, એવી જ રીતે તૌબા પણ પહેલાના દરેક ગુનાહને ધોઈ નાખે છે, એટલા માટે માનવીએ કોઈ વ્યક્તિની સમક્ષ પોતાના ગુનાહોની રજુઆત કરવાની જરૂર નથી.

અલ્લાહ તઆલાએ ઇસ્લામમાં તૌબાનો આદેશ આપ્યો, તે એ છે: તૌબા માનવીનું પોતાના પાલનહાર તરફ રજૂ થવા અને ગુનાહ છોડી દેવું, અલ્લાહ તઆલાએ કહ્યું: {અને હે મોમિનો ! તમે સૌ અલ્લાહની સમક્ષ તૌબા કરો, જેથી તમે કામયાબ થઈ જાઓ} [અન્ નૂર: ૩૧]. અલ્લાહ તઆલા કહે છે: {શું તે લોકો જાણતા નથી કે અલ્લાહ જ પોતાના બંદાઓની તૌબા કબૂલ કરે છે, અને તે જ સદકો કબૂલ કરે છે, અને એ કે અલ્લાહ જ તૌબા કરવામાં અને રહેમ કરવા માટે સક્ષમ છે.} [અત તૌબા: ૧૦૪]. અલ્લાહ તઆલા કહે છે: { તે જ છે, જે પોતાના બંદાઓની તૌબા કબૂલ કરે છે, અને ગુનાહોને માફ કરે છે, અને જે કંઈ પણ તમે કરી રહ્યા છો બધું જ જાણે છે.} [અશ્ શૂરા : ૨૫]. અને રસૂલ ﷺએ કહ્યું: <<અલ્લાહ તઆલા પોતાના બંદાઓની તૌબા કરવાથી તે વ્યક્તિ કરતા પણ વધારે ખુશ થાય છે કે જે વ્યક્તિનું એક જંગલમાં પોતાનું ઊંટ ખોવાઇ ગયું હોય (અને તેણે તે ઊંટ પાછું મેળવી લીધું - બુખારી અને મુસ્લિમ) અને મુસ્લિમની એક રિવાયતના શબ્દો આ પ્રમાણેના છે "ખરેખર અલ્લાહ તઆલા પોતાના બંદાઓની તૌબાથી, જ્યારે બંદો તેની તરફ તૌબા કરે છે ત્યારે અલ્લાહ તઆલા તે વ્યક્તિ કરતા પણ વધારે ખુશ થાય છે જે કોઈ જંગલમાં પોતાની સવારી પર સવાર હોય, તેની સવારી ઉપર જ તેના ખાવા પીવાનો સામાન પણ હોય અને તે સવારી તેનાથી છૂટી પડી જાય, (ઘણી શોધખોળ કર્યા પછી તે પોતાની સવારી પાછી મળવાની આશા છોડી નિરાશ થઈ

એક ઝાડ નીચે આવી આડો પડી જાય,) અને તે પોતાની સવારી બાબતે તદ્દન નિરાશ થઈ ચૂક્યો હોય, આવા સંજોગોમાં અચાનક તે સવારી તેની સામે આવીને ઉભી થઈ જાય અને તે સવારીની  લગામ પકડીને અત્યંત ખુશીમાં આવા શબ્દો કહી દે કે "હે અલ્લાહ ! તું મારો બંદો છે અને હું તારો રબ છું" અત્યંત ખુશીના કારણે ભૂલ કરી દે. તો અલ્લાહ તઆલા પોતાના મોમિન બંદાની તૌબાથી તે વ્યક્તિ કરતા પણ વધારે ખુશ થાય છે, જે પોતાની ખોવાય ગયેલી સવારી અને સામાન ફરી વાર મળી જવાથી ખુશ થાય છે>> સહીહ મુસ્લિમ ૨૭૪૪. ઇસ્લામનો સ્વીકાર કરવાથી ઇસ્લામ પહેલા થયેલ ગુનાહોને માફ કરી દે છે, અલ્લાહ તઆલા કહે છે: {(હે નબી !) તે કાફિરોને કહી દો, જો તે લોકો સુધારો કરી લેશે તો તેમના પાછળના ગુનાહ માફ કરી દેવામાં આવશે, અને જો તેઓ પોતાના તરીકા પર જ રહેશે તો પાછળના લોકોની જે સુન્નત ચાલી રહી છે (તે પ્રમાણે જ તેમની સાથે પણ કરવામાં આવશે).} [અલ્ અન્ફાલ: ૩૮]. અલ્લાહ તઆલાએ નસ્રાનીઓને તૌબા કરવાનો આદેશ આપતા કહ્યું: {આ લોકો અલ્લાહ તઆલા તરફ કેમ તૌબા નથી કરતા અને કેમ માફી નથી માંગતા ? અલ્લાહ તઆલા તો ઘણો જ માફ કરનાર છે અને ઘણો જ દયાળુ છે} [અલ્ માઈદહ : ૭૪]. અલ્લાહ તઆલાએ દરેક નાફરમાન અને પાપી લોકોને તૌબાનો આદેશ આપતા કહ્યું: {અલ્લાહ તઆલા કહે છે, (મારા તરફથી કહી દો) હે મારા બંદાઓ ! જે લોકોએ પોતાના પર અત્યાચાર કર્યો છે, તમે અલ્લાહની રહેમતથી નિરાશ ન બની જશો, ખરેખર અલ્લાહ તઆલા દરેક ગુનાહોને માફ કરી દે છે, ખરેખર તે ભવ્ય રહેમત અને માફ કરવાવાળો છે.} [અઝ્ ઝૂમર: ૫૩]. જ્યારે અમ્ર બિન આસ રઝી. એ ઇસ્લામનો સ્વીકાર કરવાનો નિર્ણય કર્યો તો તેમની અંદર ડર પેદા થયો કે તેઓએ ઇસ્લામ પહેલા જેટલા પણ ગુનાહ કર્યા છે, તે માફ કરવામાં નહિ આવે, તે પોતે જ પોતાના આ વિચારની રિવાયત આ શબ્દોમાં કરે છે: (જ્યારે અલ્લાહ તઆલાએ મારા દિલમાં ઇસ્લામને સ્વીકાર કરવાનો નિર્ણય નાખી દીધો તો હું આપ ﷺ પાસે બૈઅત કરવા માટે આપની સમક્ષ આવ્યો, આપ ﷺએ પોતાનો

હાથ મારી તરફ આગળ કર્યો, તો મેં કહ્યું હે અલ્લાહના પયગંબર ! હું ત્યાં સુધી બૈઅત નહિ કરું જ્યાં સુધી તમે મારા પાછળના દરેક ગુનાહ માફ ન કરી દો, આપ ﷺએ મને કહ્યું, હે અમ્ર ! શું તમને જાણ નથી કે હિજરત પહેલાના દરેક ગુનાહ હિજરત માફ કરી દે છે? હે અમ્ર ! શું તમને જાણ નથી કે ઇસ્લામ ઇસ્લામનો સ્વીકાર કરતા પહેલાના દરેક ગુનાહ માફ કરી દે છે?) આ હદીષને મુસ્લિમે (૧૨૧) આ પ્રમાણે જ વિસ્તારપૂર્વક રિવાયત કરી છે, અને અહમદ (૧૭૮૨૭) એ પણ રિવાયત કરી છે, શબ્દો મુસ્નદ એહમદના છે.

## ૪૩- ઇસ્લામમાં અલ્લાહ અને ઇન્સાન બન્નેની વચ્ચે સીધો સબંધ જોડાય છે, એટલા માટે તમને એવા કોઈ વ્યક્તિની સહેજ પણ જરૂર નથી, જે તમારી અને અલ્લાહની વચ્ચે સંબંધ જોડવાનો પ્રયત્ન કરે, ઇસ્લામ અમને એ વાતથી સખતી સાથે રોકે છે કે અમે અમારી જેમ જ માનવીઓને મઅબૂદ (પૂજ્ય) બનાવી લઈએ, અથવા અલ્લાહની રુબુબિયત અને ઉલુહિયતમાં તેમને શરીક અથવા ભાગીદાર બનાવી લે.

ઇસ્લામમાં કોઈ વ્યક્તિ સામે પોતાના ગુનાહોનો એકરાર કરવાની કોઈ જરૂરત નથી, કારણ કે ઇસ્લામની દ્રષ્ટિએ માનવી અને અલ્લાહની વચ્ચે સીધો સબંધ હોય છે, એટલા માટે તમારા માટે સહેજ પણ જરૂરી નથી કે કોઈ તમારી અને અલ્લાહની વચ્ચે સબંધ જોડવાનો પ્રયત્ન કરે, જેવું કે પેરેગ્રાફ નંબર (૩૬) માં વર્ણન થઈ ગયું છે, અલ્લાહ તઆલાએ દરેક વ્યક્તિને તૌબા અને ગુનાહોની માફી માંગવા તરડ પ્રોત્સાહન આપ્યું છે, અને એવી જ રીતે તેણે પયગંબરો અને ફરિશ્તાઓને અલ્લાહ અને બંદાઓ વચ્ચે સબંધ જોડવાનો પ્રયત્ન કરવા પર રોક લગાવી છે, અલ્લાહ કહે છે: {તે પયગંબર તમને કદાપિ એવું નહિ કહે કે તમે ફરિશ્તાઓ અને પયગંબરોને પાલનહાર બનાવી લો, શું તે તમારા મુસલમાન થઇ જવા છતાં કુફર કરવાનો આદેશ આપશે ?} આલિ ઇમરાન : ૮૦]. બસ ઇસ્લામ - જેવું કે તમે જોઈ રહ્યા છો - અમને ઇન્સાનોને પૂજ્ય બનાવવા તેમજ અલ્લાહની રુબુબિયત અને તેના ઇલાહ હોવામાં અન્યને ભાગીદાર સમજવાથી રોકે છે, અલ્લાહ તઆલા નસ્રાનીઓ વિશે કહે છે: {તે લોકોએ પોતાના જ્ઞાનીઓ અને સાધુઓને અલ્લાહને છોડીને રબ બનાવ્યા અને મરયમના દીકરા મસીહને પણ, જો કે તેમને આદેશ આપવામાં આવ્યો હતો કે તે એક અલ્લાહ સિવાય કોઈની બંદગી ન કરશો, જેના સિવાય કોઈ ઇલાહ નથી, અલ્લાહ તઆલા તે દરેક વસ્તુથી પાક છે, જેમને આ લોકો ભાગીદાર બનાવે છે} [અત્ તૌબા : ૩૧]. અલ્લાહ તઆલાએ કાફિરોના આ પ્રમાણેની સમજ અને કાર્ય

પર રોક લગાવી કે તેઓ અલ્લાહ તઆલા અને પોતાની વચ્ચે ષાલિષ(કોઈ ત્રીજા) ને બનાવી રહ્યા છે, અલ્લાહ તઆલા કહે છે: {યાદ રાખો ! બંદગી ફક્ત અલ્લાહ માટે જ છે, અને જે લોકોએ અલ્લાહને છોડીને અન્યને કારસાઝ બનાવી રાખ્યા છે, (અને કહે છે) કે અમે તો તેમની ઈબાદત ફક્ત એટલા માટે જ કરીએ છીએ, કે આ (પ્રતિષ્ઠિત લોકો) અલ્લાહની નિકટના પ્રાપ્ત કરવામાં અમને મદદ કરશે, આ લોકો જે બાબતે વિવાદ કરી રહ્યા છે, તેમનો નિર્ણય અલ્લાહ પોતે જ કરશે, જૂઠ્ઠા અને કૃતઘ્ની લોકોને અલ્લાહ હિદાયત આપતો નથી} [અઝ્ ઝૂમર : 3]. અલ્લાહ તઆલાએ એ વાત પણ સ્પષ્ટ કરી દીધી છે કે અજ્ઞાનતાના સમયના મૃતી પૂજકો, પોતાના અને અલ્લાહ વચ્ચે ષાલિષ બનાવતા હતા અને કહેતા હતા. આ લોકો અમને અલ્લાહની નિકટ કરી દેશે. જ્યારે કે અલ્લાહ તઆલા પોતે જ લોકોને પોતે અને બંદાઓ વચ્ચે પયગંબર અથવા ફરિશ્તાઓને ષાલિષ બનાવવાથી રોકે છે, તો અન્ય લોકો તો આ આદેશમાં તેના કરતાં વધારે હક ધરાવે છે કે તેમને રોકવામાં આવે, પયગંબર અને નબીઓને વસીલો કઈ રીતે બનાવી શકીએ છીએ, જ્યારે કે તેઓ પોતે અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવા માટે ઉતાવળ કરતા નજર આવી રહ્યા છે? અલ્લાહ તઆલા પયગંબર અને નબીયોની સ્થિતિ દર્શાવતા કહે છેઃ {આ લોકો નેક કામ તરફ ઉતાવળ કરે છે, અને અમને લાલસા, ડર અને ભય સાથે પોકારે છે, અને અમારી સમક્ષ આજીજી કરનાર છે} [અલ્ અન્બિયા : ૯0]. અને અલ્લાહ તઆલા કહે છેઃ {અલ્લાહ તઆલાએ એક બીજી જગ્યાએ કહ્યું, આ લોકો જેને પોકારી રહ્યા છે તે લોકો પોતે જ પોતાના પાલનહારની શોધમાં છે, કે તેમના માંથી કોણ વધારે નિકટતા પ્રાપ્ત કરે, તેઓ પોતે તેની રહેમતની આશા રાખે છે અને તેના અઝાબથી ભયભીત રહે છે} [અલ્ ઇસ્રા : ૫૭]. અર્થાત્ જે પયગંબરો અને નેક લોકોને તમે અલ્લાહ સિવાય પોકારી રહ્યા છો તેઓ પોતે અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવામાં લાગેલા છે, અલ્લાહની રહેમતની આશા ધરાવે છે અને તેના અઝાબથી ભયભીત રહે છે, તો પછી અલ્લાહને છોડીને તેઓને કેવી રીતે પોકારવામાં આવી શકાય છે?

૪૪- આ કિતાબચના અંતમાં અમે એ વાતનો ઉલ્લેખ કરવા માંગીએ છીએ કે લોકો ઝમાના, કોમ, અને શહેરો પ્રમાણે વિભાજીત છે, જો કે સંપૂર્ણ માનવ સમાજ વિવિધ પ્રકારના વિચારો અને માન્યતાઓ, હેતુઓ અને સ્થિતિઓ તેમજ કામ કરવા પ્રમાણે અલગ અલગ જૂથોમાં વિભાજીત છે, આવામાં તેમને જરૂરત છે એક એવા માર્ગદર્શકની જે તેમને યોગ્ય માર્ગદર્શન  આપી શકે, એવા બંધારણની જે તેમને એક કરી શકે, અને એક એવા નિર્ણાયકની જે તેમની હિફાજત કરી શકે, પયગંબરો આ પવિત્ર હેતુઓને અલ્લાહની વહી દ્વારા ખૂબ જ સારી રીતે સમજાવતા હતા, તેઓ લોકોને સાચા માર્ગ અને હિદાયત તરફ માર્ગદર્શન આપતા હતા, તેઓને અલ્લાહની શરીઅત પર ભેગા કરતા હતા, અને તેમની વચ્ચે સત્ય અને અસત્ય વચ્ચે નિર્ણય કરતા હતા, અને એવી રીતે જે લોકો તે પયગંબરોની વાત માનતા હતા તે પ્રમાણે જ તેમના સમસ્યાઓનો સ્પષ્ટ હલ નીકળતો હતો, ફરી અલ્લાહના આદેશો ઉતારવાનો સમય જેનાથી જેટલો નજીક હોતો તેઓ પણ તે જ સચોટ માર્ગદર્શન પર હોતા, પરંતુ હવે તો અલ્લાહ તઆલાએ પયગંબરોને મોકલવાની શ્રૃંખલાનો અંત મુહમ્મદ પયગંબર દ્વારા પૂર્ણ કરી દીધો, હવે તેમના માટે જ હંમેશા રહેવાનો નિર્ણય કરી દીધો, તેમને જ લોકોની હિદાયત માટે રહમત અને નૂર અને અલ્લાહ સુધી પહોંચવા માટેનો માર્ગને ફક્ત એક જ માર્ગદર્શક બનાવી દીધા.

આ કિતાબચના અંતમાં અમે એ વાતનો ઉલ્લેખ કરવા માંગીએ છીએ કે લોકો ઝમાના, કોમ, અને શહેરો પ્રમાણે વિભાજીત છે, જો કે સંપૂર્ણ માનવ સમાજ

વિવિધ પ્રકારના વિચારો અને માન્યતાઓ, હેતુઓ અને સ્થિતિઓ તેમજ કામ કરવા પ્રમાણે અલગ અલગ જૂથોમાં વિભાજીત છે, આવામાં તેમને જરૂરત છે એક એવા માર્ગદર્શકની જે તેમને યોગ્ય માર્ગદર્શન  આપી શકે, એવા બંધારણની જે તેમને એક કરી શકે, અને એક એવા નિર્ણાયકની જે તેમની હિફાજત કરી શકે, પયગંબરો આ પવિત્ર હેતુઓને અલ્લાહની વહી દ્વારા ખૂબ જ સારી રીતે સમજાવતા હતા, તેઓ લોકોને સાચા માર્ગ અને હિદાયત તરફ માર્ગદર્શન આપતા હતા, તેઓને અલ્લાહની શરીઅત પર ભેગા કરતા હતા, અને તેમની વચ્ચે સત્ય અને અસત્ય વચ્ચે નિર્ણય કરતા હતા, અને એવી રીતે જે લોકો તે પયગંબરોની વાત માનતા હતા તે પ્રમાણે જ તેમના સમસ્યાઓનો સ્પષ્ટ હલ નીકળતો હતો, ફરી અલ્લાહના આદેશો ઉતારવાનો સમય જેનાથી જેટલો નજીક હોતો તેઓ પણ તે જ સચોટ માર્ગદર્શન પર હોતા, પરંતુ હવે તો અલ્લાહ તઆલાએ પયગંબરોને મોકલવાની શ્રુંખલાનો અંત મુહમ્મદ પયગંબર દ્વારા પૂર્ણ કરી દીધો, હવે તેમના માટે જ હંમેશા રહેવાનો નિર્ણય કરી દીધો, તેમને જ લોકોની હિદાયત માટે રહમત અને નૂર અને અલ્લાહ સુધી પહોંચવા માટેનો માર્ગને ફક્ત એક જ માર્ગદર્શક બનાવી દીધા.

**૪૫- એટલા માટે હે માનવી ! હું તમને તકલીદ તેમજ દુષ્ટ કાર્યો છોડી દેવા અને અલ્લાહ તઆલા માટે સાચા દિલ અને સાચા મનથી ઉભા થવાની નિખાલસતા સાથે દાવત આપી રહ્યો છું, યાદ રાખજો ! તમે વફાત પામ્યા પછી પોતાના પાલનહાર પાસે જ પાછા ફરવાના છો, હું તમને એ વાત તરફ પણ બોલાવી રહ્યો છું કે તમે પોતાના દિલ અને મનમાં જોવું પડશે, અને પોતાની આજુબાજુ સૃષ્ટિ અને લોકોમાં ચિંતન કરી ઇસ્લામનો સ્વીકાર કરી લો, દુનિયા અને આખિરત બન્નેમાં ખુશી અને નેઅમતો તમારી રાહ જોઈ રહી છે, જો તમે ઇસ્લામમાં પ્રવેશ કરવાની ઈચ્છા ધરાવતા હોવ, તો તમારે બસ એટલું જ કરવું પડશે કે તમે એ વાતની ગવાહી આપો કર અલ્લાહ સિવાય કોઈ સાચો ઇલાહ નથી, અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ અને બંદા છે, પછી તમારે તે દરેક વસ્તુને છોડવી જ પડશે જેને તમે અલ્લાહ સિવાય પુજો છો, તમારે એ વાત પર ઈમાન લાવવું પડશે કે અલ્લાહ તઆલા દરેક લોકોને કબરો માંથી જીવિત કરી ઉભા કરશે, અને એ વાતનો એકરાર કરવો પડશે કે હિસાબ અને બદલો જરૂરથી આપવામાં આવશે, આટલું કરી લેવાથી તમે મુસલમાન બની જશો, અને પછી તમારે અલ્લાહએ નક્કી કરેલ ઇબાદતો કરવી પડશે, જેવી કે નમાઝ, ઝકાત, રોઝા અને જો સફર માટે ખર્ચ હોય તો હજ.**

એટલા માટે હે માનવી ! હું તમને તકલીદ તેમજ દુષ્ટ કાર્યો છોડી દેવા અને અલ્લાહ તઆલા માટે સાચા દિલ અને સાચા મનથી ઉભા થવાની નિખાલસતા સાથે દાવત આપી રહ્યો છું, જે રીતે અલ્લાહએ પોતાની આ વાતમાં તમને દાવત આપી છે: {કહી દો કે હું તમને ફક્ત એક જ વાતની શિખામણ કરૂં છું, કે તમે અલ્લાહના

વાસ્તે (જીદ છોડી દો) ભેગા મળીને અથવા એકલા ઉભા થઇ વિચારો તો ખરા, તમારા આ સાથીને કઈ પણ પ્રકારનું પાગલપણું નથી, તે તો તમને એક સખત અઝાબ આવી જાય એ પહેલાં સચેત કરે છે} [સબા : ૪૬]. અને તમે એ જાણી લો કે મર્યા પછી તમારે તમારા પાલનહાર તરફ જ પાછા ફરવાનું છે, અલ્લાહ તઆલા કહે છે: {અને એ કે દરેક વ્યક્તિ માટે તે જ છે, જેનો પ્રયત્ન તેણે પોતે કર્યો. (૩૯) અને તેનો પ્રયત્ન તેને બતાવી દેવામાં આવશે. (૪૦) પછી તેને પૂરેપૂરો બદલો આપવામાં આવશે. (૪૧) અને તમારા પાલનહાર તરફ જ પાછા ફરવાનું છે. (૪૨)} [અન્ નજમ: ૩૯-૪૨]. અને તમારે પોતાનામાં અને પોતાની આજુબાજુ સૃષ્ટિ પર નજર અને વિચાર કરવો જોઈએ. અલ્લાહ તઆલા કહે છે: {અને શું તે લોકોએ આકાશો અને ધરતીની માલિકી અને જે કંઈ પણ અલ્લાહએ પેદા કર્યું છે, તેમાં ક્યારેય વિચાર ન કર્યો? અને શું તેઓએ એ પણ વિચાર ન કર્યો કે કદાચ તેમનો મોતનો સમય નજીક આવી ગયો, તો પછી પયગંબરની આ ચેતવણી પછી બીજી કંઈ વાત હોય શકે છે, જેના પર તેઓ ઈમાન લાવે} [અલ્ અઅરાફ : ૧૮૫]. તો આવો ! ઇસ્લામ કબૂલ કરી લો, તમારી દુનિયા અને આખિરત બન્ને સુંદર બની જશે, જો તમે ઇસ્લામનો સ્વીકાર કરવા ઇચ્છતા હોવ તો તમારે બસ એટલું જ કરવાનું છે, કે તમે એ વાતની ગવાહી આપો અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી, અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે. જ્યારે અલ્લાહના રસૂલ ﷺએ મુઆઝ બિન જબલ રઝી.ને ઇસ્લામના પ્રચારક બનાવી યમન તરફ મોકલ્યા તો તેમને કહ્યું: <<તમે એવા લોકો તરફ જઈ રહ્યા છો, જેઓ એહલે કિતાબ છે, તમે સૌ પ્રથમ તે લોકોને એ વાતની ગવાહી તરફ બોલાવો કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી અને હું અલ્લાહનો પયગંબર છું, જો તેઓ તમારી આ વાતનો સ્વીકાર કરી લે ત્યારબાદ તમે તેઓને જણાવજો કે અલ્લાહ તઆલા એ તમારા પર દિવસ અને રાતમાં પાંચ વખતની નમાઝ ફર્ઝ કરી છે, જો તેઓ તમારી આ વાતનો સ્વીકાર કરી લે ત્યારબાદ તમે તેઓને જણાવજો કે અલ્લાહ તઆલા એ તેમના પર તેમના માલ માંથી ઝકાત ફર્ઝ કરી છે, જે તેમના ધનવાન લોકો પાસેથી લઈ તેમની કોમના ગરીબ લોકોમાં વહેંચવામાં આવશે, અને જો તેઓ તમારી આ વાત પણ સ્વીકાર કરી લે તો

ઝકાતમાં તેમનો ઉત્તમ માલ ન લેશો>> સહીહ મુસ્લિમ : ૧૯. અને તમને એવું કરવાનું રહેશે કે અલ્લાહને છોડીને જે વસ્તુની પણ બંદગી કરવામાં આવતી હોય તે બધી જ વસ્તુઓનો સ્પષ્ટ રીતે ઇન્કાર કરવો પડશે, આ જ તરીકો ઈબ્રાહીમની મિલ્લત 'હન્ફિયીત' નો તરીકો છે, અલ્લાહ તઆલા કહે છે: {ખરેખર ઈબ્રાહીમ અને તેમના સાથીઓમાં તમારા માટે ઉત્તમ આદર્શ છે, જયારે તેઓએ પોતાની કોમને કહ્યું, કે અને અલ્લાહ સિવાય જે વસ્તુની પણ બંદગી કરો છો, અમે તેમનાથી અળગા છે, અમે તમારો સ્પષ્ટ રીતે ઇન્કાર કરી રહ્યા છે, અને અમારી અને તમારી વચ્ચે હમેંશાની દુશ્મનીની શરૂઆત થઈ રહી છે, અહીં સુધી કે ફક્ત તમે એક અલ્લાહ તરફ ઈમાન લઈ આવો} [અલ્ મુમ્તહિના : ૪]. અને તમારા માટે જરૂરી છે કે તમે એ વાત ઉપર ઈમાન લાવો કે અલ્લાહ તઆલા દરેકને કબરો માંથી જીવિત કરી ઉભા કરશે, અલ્લાહ તઆલા કહે છે: {આ એટલા માટે કે અલ્લાહ જ સાચો છે, અને તે જ મૃતકોને જીવિત કરશે, અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે. (૬) અને એ કે કયામત જરૂર આવશે, જેના આવવામાં કોઈ શંકા નથી, અને ખરેખર અલ્લાહ તઆલા કબર માંથી લોકોને ફરીવાર જીવિત કરી ઉભા કરશે. (૭) [અલ્ હજ્: ૬-૭]. અને એ વાત ઉપર પણ ઈમાન લાવો કે હિસાબ અને બદલાનો દિવસ સાચે જ છે. અલ્લાહ તઆલા કહે છે: {અને આકાશો અને ઝમીનનું અલ્લાહએ સત્ય સાથે સર્જન કર્યું, જેથી દરેકને તેણે કરેલા કર્મોનો પૂરેપૂરો બદલો આપવામાં આવે, અને તેમના પર જુલમ કરવામાં નહિ આવે} [અલ્ જાષિયહ : ૨૨].

જ્યારે તમે આ સાક્ષીઓ આપી દેશો, તો તમે મુસલમાન બની જશો, હવે તમારા માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાએ જે ઇબાદતોનો આદેશ આપ્યો હોય તેને કરવી જોઈએ, જેવું કે નમાઝ, ઝકાત રોઝા અને જો સ્થિતિ હોય તો હજ અને અન્ય ઈબાદતો.

આ કિતાબચો તારીખ પૂર્ણ થયો ૧૯-૧૧-૧૪૪૧

લેખક : પ્રોફેસર ડોકટર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અસ્ સહીમ

ઇસ્લામની વિષય પર અકીદા ક્ષેત્રેના રીટાયર શિક્ષક

કુલ્લીયાતુત્ તર્બીયહ જામિઆ માલિક સઊદ (ટ્રેનિંગ કોલેજ શાહ સઉદી યુનિવર્સિટી)

રિયાઝ, સઉદી અરબીયા

# અનુક્રમણિકા

પ્રસ્તાવના........................................................................................1

૧- ઇસ્લામ દરેક લોકો માટે અલ્લાહનો સંદેશ છે, ઇસ્લામ એ હંમેશા રહેવાવાળો અને અલ્લાહ તરફથી અંતિમ સંદેશ છે. ..................................................2

૨- ઇસ્લામ કોઈ ખાસ જ્ઞાતિ અથવા કોઈ કોમ માટેનો દીન નથી, પરંતુ સમગ્ર માનવજાતી માટે અલ્લાહનો દીન છે:.................................................3

3- ઇસ્લામ, પાલનહાર તરફથી આવેલ એક એવો દીન છે, જે આગળના પયગંબરોના આદેશોને પુરા કરવા માટે આવ્યો છે,........................................5

4- પયગંબરો તેમના પર સલામતી થાય, તેમની દીન એક જ હતો, અને શરીઅત (કાનૂન) અલગ અલગ હતો: ........................................................6

૫- ઇસ્લામ ઈમાન તરફ પોકારે છે, જેના તરફ દરેક પયગંબરોએ લોકોને પોકાર્યા, જેમાં નૂહ, ઈબ્રાહીમ, મૂસા, સુલૈમાન અને દાવુદ .એ. એ કે તમારો પાલનહાર તે જ અલ્લાહ છે, જે પેદા કરનાર, રોજી આપનાર, જીવિત કરનાર, મૃત્યુ આપનાર સમગ્ર સૃષ્ટિનો માલિક, તે જ છે જે કાર્યોની વ્યવસ્થા કરે છે, અને તે ખૂબ જ માયાળુ અને દયાળુ છે. .....................................................................................7

૬- અલ્લાહ તઆલા, તે જ સર્જનહાર છે, તે જ ઈબાદતને લાયક છે, અને એ કે તેની સાથે અન્યની બંદગી કરવામાં ન આવે. ............................................11

૭- અલ્લાહ તે દરેક વસ્તુનો સર્જનહાર જે કઇ બ્રહ્માંડમાં છે જેને આપણે જોઈ શકીએ છીએ અથવા જેને નથી જોઇ શકતા અને તેના સિવાય જે કઈ પણ છે તે અલ્લાહનું જ સર્જન છે, અને અલ્લાહ એ આકાશો અને જમીનને છો દિવસમાં પેદા કર્યા........16

૮- અને અલ્લાહ જેનો કોઈ ભાગીદાર નથી, ન તો તેની મિલ્કતમાં ન તો તેના સર્જનમાં ન તો તેની વ્યવસ્થામાં ન તો તેની ઇબાદતમાં. ....................................17

૯- અને અલ્લાહ તઆલા પવિત્ર છે, ન તો તેનો જન્મ થયો અને ન તો તેણે કોઈને જન્મ આપ્યો છે . અને તેના જેવું કોઈ જ નથી.................................................20

૧૦- અને અલ્લાહ તઆલા તેની મખ્લુક માંથી કોઈ વસ્તુ અથવા કોઈના શરીરમાં હુલૂલ (અવતાર) નથી લેતોઃ ..................................................................21

૧૧- અલ્લાહ તઆલા પોતાના બંદાઓ માટે ખૂબ જ માયાળુ અને દયાળુ છે, એટલા માટે જ તેણે પયગંબરો મોકલ્યા અને કિતાબો ઉતારી. ........................................23

૧૨- અલ્લાહ જ પાલનહાર અને દયાળુ છે, તે એકલો જ કયામતના દિવસે દરેક લોકોનો હિસાબ લેશે, જ્યારે લોકોને તેમની કબરો માંથી ઉઠવવામાં આવશે, અને દરેક લોકોને તેમણે કરેલા નેકીના કાર્યોનો બદલો આપશે, અને ખરાબ કાર્યો પર સજા આપશે, બસ ! જે વ્યક્તિએ મોમિનની સ્થિતિમાં નેકીઓ કરી હશે , તેના માટે હંમેશા બાકી રહેવાવાળી નેઅમત એટલે કે જન્નત હશે, અને જેણે કુફ્ર કર્યો અને ખરાબ કાર્યો કર્યા હશે તો તેના માટે આખિરતમાં ભવ્ય અઝાબ હશે. ....................24

૧૩- પવિત્ર અલ્લાહ તઆલાએ આદમ ને માટી વડે પેદા કર્યા, તેમના પછી તેમના સંતાનને પેદા કર્યા, દરેકે દરેક લોકોનું મૂળ એક જ છે, કોઈ પણ ખાનદાન અથવા કોમને બીજા ખાનદાન અથવા કોમને કંઈ પણ પ્રકારની પ્રતિષ્ઠિતા નથી, જો પ્રતિષ્ઠતા હોઈ શકે છે તો ફક્ત તકવા (પરહેજગારી) ના આધારે. ......................27

૧૪- દરેક બાળક ફિતરત પર જન્મે છે. ..........................................................29

૧૫- કોઈ પણ વ્યક્તિ ગુનેગાર બની પેદા નથી થતો અને ન તો કોઈ વ્યક્તિ બીજાના ગુનાહનો વારસદાર (જવાબદાર) હોય છે. ..........................................30

૧૬- ઇન્સાનને પેદા કરવાનો હેતુ ફક્ત એક અલ્લાહની ઈબાદત કરવી છે:...........32

૧૭- ઇસ્લામે દરેક વ્યક્તિને -ભલેને તે પુરુષ હોય કે સ્ત્રી- ઇઝ્ઝત આપી છે, તેમના દરેક અધિકારોની જવાબદારી આપી છે, અને તેને પોતાને જ દરેક અધિકારો બાબતે તેના કાર્યો બાબતે, તેની વ્યવસ્થા બાબતે જવાબદાર બનાવ્યો છે, તે દરેક કાર્યની જવાબદારી તેને સોંપવામાં આવી છે, જેના કારણે તેને પોતાને નુકસાન પહોંચે અથવા કોઈ બીજાને નુકસાન પહોંચતું હોય. ....................................................33

૧૮- અને ઇસ્લામે દરેક પુરુષ અને સ્ત્રીઓને પોતાના અમલ, પોતાની જવાબદારી, પોતાના બદલા અને પોતાના સવાબમાં સમાનતા આપી છે. ..............................37

૧૯- ઇસ્લામે સ્ત્રીઓને ઇઝ્ઝત આપી અને તેણીઓને પુરુષનો જ એક ભાગ ગણાવ્યો અને તેમના ખર્ચાની જવાબદારી પુરુષોને સોંપી, દીકરીના ખર્ચની જવાબદારી તેના પિતા પર, માતાના ખર્ચની જવાબદારી તેના પુખ્તવયના જવાબદાર દીકરા ઉપર, અને પત્નીના ખર્ચની જવાબદારી તેના શોહરને સોંપી.......................................38

૨૦- અને મોત હંમેશા માટે ખત્મ થઈ જવાનું કારણ નથી પરંતુ મોત તો અમલ કરવાના જીવનથી બદલો મળવાના ઘર તરફ લઈ જાય છે, મોત શરીર અને રૂહ બન્નેને ખાઈ જાય છે, રૂહની મોત તો શરીરથી જુદા થઈ જાય છે, જે કયામતના દિવસે પાછી ફેરવવામાં આવશે, અને મોત પછી રૂહ બીજા કોઈના દાખલ થતી નથી, અને ન તો બીજા કોઈના શરીર માં ઘઢ કરે છે.......................................41

૨૧- ઇસ્લામ માનવીને ઈમાન લાવવા તરફ દાવત આપે છે, ઇમાનના સૌથી મહત્વના નિયમો માંથી અલ્લાહ પર ઈમાન, તેના ફરિશ્તાઓ પર ઈમાન, અલ્લાહ તરફથી આવેલ આકાશી કિતાબો પર ઈમાન, જેવી કે તૌરાત, ઇન્જીલ, ઝબૂર, તેમાં ફેરફાર થયા પહેલાની કિતાબો પર, અને કુરઆન મજીદ, તેમજ સંપૂર્ણ પયગંબરો અને રસૂલો પર ઈમાન, અને પયગંબરીની શ્રુખલા પૂર્ણ થઈ ગઈ તેના પર ઈમાન, અને મુહમ્મદ ﷺ અંતિમ પયગંબર છે, આખિરતના દિવસ પર ઈમાન, અને

આપણે જાણીએ છીએ કે આ દુનિયાનું જીવન ખત્મ થવાવાળુ છે, તો પછી જીવન અને તેનું પ્રાપ્તિ વ્યર્થ છે, અને તકદીર પર ઈમાન........................................43

૨૨. પયગંબરો દરેક નિર્દોષ હોય છે, અલ્લાહ તરફથી જે કંઈ તેઓ આદેશો લઈને આવ્યા, અને તે દરેક વસ્તુઓથી પણ નિર્દોષ હોય છે, જે વસ્તુ બુદ્ધિ તેમજ સારા અખલાક વિરુદ્ધ હોય, તેઓ અલ્લાહના આદેશો લોકો સુધી પહોંચાડ્યા કે નહીં તે બાબતે જવાબદાર હોય છે, તેમના માં પાલનહારના કોઈ ગુણ હોતા નથી, અથવા સાચા મઅબૂદ હોવાના કોઈ ગુણ હોતા નથી, પરંતુ તે તો દરેક લોકોની જેમ ફક્ત માનવી જ છે અલ્લાહ તઆલા પોતાના આદેશો તેમના તરફ વહી કરતો હોય છે. 54

૨૩. અને ઇસ્લામ ઈબાદતના ભવ્ય નિયમો સાથે ફક્ત એક અલ્લાહની બંદગી કરવાનો આદેશ આપે છે, અને તે નિયમો આ પ્રમાણે છે: નમાઝ, જેમાં કિયામ રુકૂઅ, સિજદો, અલ્લાહનો ઝિકર અને દુઆનો પણ સમાવેશ થાય છે, જેને માનવી રાત દિવસમાં પાંચ વખત પઢતો હોય છે, નમાઝ પઢતી વખતે માલદાર, ફકીર, રાજા, પ્રજા સૌ એક જ સફમાં ઉભા થઇ જાય છે, અને એવી જ રીતે ઝકાત, માલની સામાન્ય રકમ, જે અલ્લાહએ નક્કી કરેલ શરતો અને નિયમો પ્રમાણે વર્ષમાં એક વખત માલદારો પાસેથી લેવામાં આવે છે, અને અનાથ તેમજ લાચાર લોકોને આપી દેવામાં આવે છે, અને તેમાંથી જ એક રોઝો, રમઝાન માસના પવિત્ર મહિનામાં માનવી દિવસે ખાવા અને પીવા પર રોક લગાવી દે છે, જેનાથી નફસ અને સબરની તરબીયત થતી હોય છે, હજ પણ તે જ નિયમો માંથી છે, આ ઈબાદત ફક્ત સંપૂર્ણ ઉંમરમાં એક જ વખત કરવી જરૂરી છે, જો કે મક્કા શહેરમાં કાબાની ઝિયારત કરવા માટે શારીરિક અને માલની ક્ષમતા હોવી ખૂબ જ જરૂરી છે, આ એક એવી બંદગી છે, જેના દ્વારા ફક્ત એક અલ્લાહ તરફ જ ધ્યાન દોરવામાં મદદ રુપ બને છે અને તેને કરતી વખતે સંપૂર્ણ ગુણવત્તા અને પ્રતિષ્ઠતા ઝમીનમાં ચૂર ચર થઈ જાય છે.......59

૨૪- અને ઇસ્લામની દરેક ઈબાદતોની ખૂબી એ છે કે દરેક ઈબાદતનો તરીકો, તેનો સમય તેની શરતો ફક્ત અલ્લાહ તઆલાએ જ નક્કી કરી છે, જેને આપ ﷺએ જે રીતે અલ્લાહ તઆલા તેમને આદેશ આપ્યો એવી જ રીતે આપણી સુધી પહોંચાડ્યા, તેમાં વધઘટ કરવા માટે કોઈ પણ માનવી આ જ સુધી દખલગીરી કરી શક્યો નથી અને આગળ પણ નહીં કરી શકે, આ દરેક ઈબાદતો એ પ્રમાણે જ છે, જે રીતે દરેક પયગંબરો પોતાની કોમ સુધી પહોંચાડી છે. ........................................................ 64

૨૫- ઇસ્લામના પયગંબરનું નામ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ﷺ છે, જેઓ ઇસ્માઇલ બિન ઈબ્રાહીમના ખાનદાનો માંથી છે, આપ ﷺનો જન્મ મક્કા શહેરમાં 571 ઈસવીમાં થઈ, અને ત્યાં જ તેમને પયગંબરી આપવામાં આવી, પછી હિજરત કરી મદીના ચાલ્યા ગયા, આપ ﷺએ મૃતીઓની બંદગી કરવામાં પોતાની કોમનો કઇ પણ પ્રકારનો સાથ ન આપ્યો, પરંતુ અન્ય ભલાઈના કાર્યોમાં ઘણો સાથ આપ્યો, આપ પોતાની પયગંબરી પહેલા પણ ઉચ્ચ અખલાકના માલિક હતા, અને એટલા માટે જ લોકો આપને સાદિક અને અમીનના ઉપનામથી જાણતા હતા, જ્યારે આપ ﷺની ઉંમર ચાળીસ વર્ષની થઈ તો અલ્લાહ તઆલાએ આપને નુબૂવ્વત આપી, અને ઘણા મુઅજિઝા વડે અપની મદદ કરી,સૌથી ભવ્ય અને મહત્વનો મુઅજિઝો કુરઆન મજીદ છે, અને આ જ કુરઆન દરેક પયગંબરોનો પણ ભવ્ય મૂઅજિઝો છે, અને આજ  સુધી બાકી રહેવાવાળો, અને તેમની સૌથી મોટી નિશાની પણ એ જ છે, પછી જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના દીન અને શરીઅત પુરી કરી અને રસૂલ ﷺએ સંપૂર્ણ અમાનતદારી સાથે તેને પોતાની ઉમ્મત સુધી પહોંચાડી દીધી, તો ૬૩ વર્ષની ઉંમરે આપની વફાત થઈ, અને મદીના શહેરમાં દફન કરવામાં આવ્યા, અલ્લાહના રસૂલﷺ પયગંબરોની શ્રુખલામાં અંતિમ પયગંબર હતા, જેમને અલ્લાહ તઆલાએ હિદાયત અને સાચા દીન સાથે એટલા માટે મોકલ્યા હતા, કે આપ ﷺ દુનિયાના લોકોને મૃતિપૂજા અને કૂફર તેમજ અજ્ઞાનતા માંથી કાઢી તૌહીદ અને

ઈમાનના પ્રકાશ તરફ કાઢી લાવે, અલ્લાહ તઆલાએ આપના વિશે એ ગવાહી આપી કે તેણે રસૂલ ﷺને પોતાના આદેશથી પોતાનો પયગંબર બનાવી મોકલ્યા હતા. 66

૨૬ - અલ્લાહના રસૂલ ﷺની શરીઅત દરેક અલ્લાહના આદેશો અને ઈલાહી શરીઅતોનો ખાત્મો છે, તે એક એવી સંપૂર્ણ અને સચોટ શરીઅત છે, જેમાં લોકોની દીન અને દુનિયાની ઇસ્લાહ અને કામયાબી બન્ને છુપાયેલી છે, આટલું જ નહીં પરંતુ આ લોકોના દીન અને ધર્મો, લોહી અને માલ અને બુદ્ધિ તેમજ સંતાનોની દેખરેખ રાખનાર પણ છે, તેણે પાછળની શરીઅતો પર એવી રીતે ખત્મ કરી દીધી, જેવું કે પહેલાની એક શરીઅત તેના પછી આવનારી શરીઅત પહેલાથી હાજર શરીઅતનો ખાત્મો કરતી હતી. 71

૨૭ - અલ્લાહ તઆલા પાસે ઇસ્લામ સિવાય કોઈ દીન સ્વીકાર્ય નથી, જેને રસૂલ ﷺ લઈને આવ્યા, અને જે ઇસ્લામ સિવાય બીજા કોઈ દીનને ગળે લગાવશે, તેને કબૂલ કરવામાં નહિ આવે. 73

૨૮ - કુરઆન મજીદ અલ્લાહની તે કિતાબ છે, જેને અલ્લાહએ પોતાના પયગંબર અને રસૂલ પર વહી દ્વારા ઉતાર્યું, તે ખરેખર સમગ્ર સૃષ્ટિના પાલનહારની વાણી છે, અલ્લાહ તઆલાએ દરેક ઇન્સાનો અને જિન્નાતોને ચેલેન્જ આપ્યું છે કે  કે તે કુરઆન જેવી કોઈ કિતાબ અથવા તેના જેવી એક સૂરત જ બનાવી લાઓ, પરંતુ તે ચેલેન્જનો જવાબ આજ સુધી કોઈએ નથી આપ્યો, જેના કારણે લાખો લોકો આશ્ચર્યચકિત બની જાય છે, કુરઆન મજીદ આજે પણ અરબી ભાષામાં સુરક્ષિત છે, તેનો એક શબ્દ પણ ઓછો નથી થયો, જે મુદ્રિત અને પ્રકાશિત થયેલું છે, અને એક એવી ચમત્કારી મહાન કિતાબ છે, જેનું વાંચન કરવું અથવા કમસેકમ તેના શબ્દો અને અર્થ જાણવા ખૂબ જ જરૂરી છે, એવી જ રીતે અલ્લાહના રસૂલ ﷺની સુન્નત, તેમની શિક્ષાઓ અને તેમના જીવન ચરિત્ર વિશે ભરોસા પાત્ર રાવીઓના દ્વારા સુરક્ષિત છે, આ દરેક વસ્તુ પણ અરબી ભાષામાં જ છે, જેમાં આપ ﷺ વાતચીત

કરતા હતા, તેનું ભાષાતર પણ દુનિયાની ઘણી ભાષાઓમાં થયું છે, કુરઆન મજીદ અને આપ ﷺની સુન્નત જ દીન જાણવા માટે બન્ને એવા મજબૂત સ્ત્રોત છે, જેના દ્વારા ઇસ્લામી આદેશો અને નિર્ણય કરવામાં આવે છે, એટલા માટે ઇસ્લામ દીનને તેને માનનારાઓ તરફથી નહિ પરંતુ અલ્લાહ તરફથી વહી કરેલ કુરઆન મજીદ અને સુન્નતને જોઈ સ્વીકારવામાં આવે. ........ 74

૨૯- ઇસ્લામ માતાપિતા સાથે ભલાઈ અને તેમની સેવા કરવાનો આદેશ આપે છે, ભલેને માતાપિતા બિન મુસ્લિમ જ કેમ ન હોય, અને સંતાન સાથે પણ સદ્ વ્યવહાર કરવાનો આદેશ આપે છે. ........ 79

30- ઇસ્લામ દુશ્મનો સાથે પોતાની વાત અને વ્યવહારમાં પણ ન્યાય કરવાનો આદેશ આપે છે. ........ 83

3૧- ઇસ્લામ દરેક મખ્લુક (સર્જનીઓ) સાથે એહસાન કરવાનો આદેશ આપે છે, અને દરેકને સારા અખલાક અપનાવવા અને નેક અમલ કરવા તરફ બોલાવે છે. ........ 86

3૨- ઇસ્લામ સારા અખલાક જેવું કે સાચું બોલવું, અમાનત આપવી, પાકી સફાઈ, હયા, બહાદુરી, દાન કરવું, લાચારોની મદદ કરવી, પીડિતની ફરિયાદ સાંભળવી અને તેની મદદ કરવી, ભૂખ્યાને ખાવાની ખવડાવવું, પાડોશી સાથે સદ્ વ્યવહાર, સિલા રહેમી અને જાનવરો પર રહેમ કરવા વગેરે જેવા સારા અખલાક અપનાવવાનો આદેશ આપે છે. ........ 88

33- ઇસ્લામે ઉત્તમ ખવાપીવા માટે સૌથી ઉત્તમ અને પાક વસ્તુઓને હલાલ કરી, અને શરીર, દિલ અને ઘરને પાક સાફ રાખવાનો આદેશ આપ્યો, એટલા માટે જ તેણે લગ્નને હલાલ કર્યું, દરેક પયગંબરોએ પણ આ જ આદેશ આપ્યો, બસ તેઓ દરેક પ્રકારની પવિત્રતા અપનાવવાનો આદેશ આપે છે. ........ 93

૩૪- ઇસ્લામે દરેક હરામ કામોથી દુર રહેવાનો આદેશ આપ્યો છે, જેવું કે અલ્લાહ સાથે શિર્ક કરવું, કૂફર કરવું, મૃતી પૂજા કરવી, જ્ઞાન વગર અલ્લાહ વિશે કહેવું, સંતાનનું કતલ કરવું, ના હક કતલ કરવું, જમીનમાં ફસાદ ફેલાવવો, જાદુ કરવું અથવા કરાવવું, જાહેરમાં અથવા છુપી રીતે બુરાઈ કરવી, ઝીના કરવો,લવાવત(સમલૈંગિકતા) કરવી, વ્યાજનો વેપાર કરવાને, મરેલું ખાવાને, મૂર્તિઓના નામ પર ઝબહ કરવામાં આવતા જાનવરના માસને ખાવાને, ડુક્કરનું માસ ખાવાને, અને અન્ય દરેક ગંદી વસ્તુઓના વપરાશને હરામ કરી દીધું છે. તેમજ ઇસ્લામે અનાથોનો માલ ખાવા, માપતોલમાં ઓછું આપવા અને સંબંધ તોડવાને પણ હરામ કર્યું છે, અને દરેક પયગંબરો પણ આ દરેક વસ્તુ હરામ હોવા પર એકમત છે. ..........95

૩૫- ઇસ્લામ જુઠ, ધોખો, ગદ્દારી, ખિયાનત, હસદ, કપટ, ઇર્ષ્યા, યુક્તિઓ, ચોરી, વિદ્રોહ, જુલ્મ, જેવી ખરાબ અખલાક અને દરેક પ્રકારની ખરાબ ટેવોથી રોકે છે. ..100

૩૬- ઇસ્લામ તે દરેક લેવડદેવડથી રોકે છે જેમાં વ્યાજનું પ્રમાણ હોય, અથવા કોઈને નુકસાન થતું હોય અથવા ધોખો હોય અથવા કોઈના પર જુલ્મ કરી લેવડદેવડ થતી હોય, અથવા તો જેના કારણે બજાર ઠબ પડવાનો ભય હોય અને સમાજ તેમજ સમાજના લોકો દરેકને નુકસાન થતું હોય. ..........105

૩૭- ઇસ્લામ સંપૂર્ણ રીતે બુદ્ધિની સુરક્ષા અને તે દરેક વસ્તુને હરામ કરવા માટે આવ્યો છે, જે બુદ્ધિ ને બગાડી શકે છે, જેવુ કે શરાબ પીવી, ઇસ્લામે બુદ્ધિને એક શાન અને પવિત્રતા આપી છે, તેને જ દરેક શરીઅત તરફથી આવનારી તકલીફોનું મૂળિયું ગણાવ્યું છે, અને ખોટા રિવાજો તેમજ શિર્કની સાંકળથી આઝાદ કર્યા છે, ઇસ્લામમમાં એવા ભેદ અને આદેશો છે જ નહીં જે કોઈ તબક્કા માટે ખાસ હોય, તેના દરેક આદેશો અને નિયમો સાચી બુદ્ધિ પ્રમાણે અને ઇન્સાફના દાઈરા પ્રમાણે છે. .........108

૩૯- જો બાતેલ દીનના અનુયાયી લોકો પોતાના ધર્મમાં હાજર વિરોધી વાતોને ધ્યાનથી નહિ વાંચે, જેને સદ્ બુદ્ધિ કબૂલ નથી કરતી, તો ધર્મના ઠેકેદારો તેમને એવા ભ્રમમાં નાખી દેશે કે દીન બુદ્ધિ અને સમજથી વંચિત છે, અને તેને સંપૂર્ણ રીતે સમજવું અશક્ય છે, એટલા માટે જ ઇસ્લામ દીનને એક એવો પ્રકાશ ગણાવે છે જે સદ્ બુદ્ધિ માટે માર્ગનો બંદોબસ્ત કરે છે, એટલા માટે બાતેલ ધર્મના ઠેકેદારો ઈચ્છે છે, માનવી પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવાનું છોડી દે, અને ફક્ત તેમનું જ અનુસરણ કરે, જ્યારે કે ઇસ્લામ એવું ઈચ્છે છે, માનવી પોતાની બુદ્ધિને પ્રકાશિત કરે, જેથી દરેક બાબતોને તેની સત્યતા પ્રમાણે જોઈ શકે. ....................................................111

૪૦- ઇસ્લામ, સાચા જ્ઞાનની ઇઝઝત કરે છે અને તેને પ્રોત્સાહન આપે છે, નફસની મનેચ્છાઓથી ખાલી, સાયન્સના રિસર્ચ પર ધ્યાન આપવા અને આપણા પોતાના નફસમાં જોવા તેમજ આપણી આજુબાજુ ફેલાયેલી સૃષ્ટિ પર ચિંતન કરવાનો આદેશ આપે છે, ઠોસ સાયન્સ રિસર્ચના પુરાવા ઇસ્લામથી વિરુદ્ધ નથી. ........................113

૪૦- અલ્લાહ તઆલા ફક્ત તે જ વ્યક્તિના અમલને કબૂલ કરે છે, અને તે જ વ્યક્તિને આખિરતમાં પોતાના અમલનો બદલો આપશે, જે અલ્લાહ પર ઈમાન લાવે અને તેનું અનુસરણ કરે, અને તેણે મોકલેલા દરેક પયગંબરોની પુષ્ટિ કરે, અલ્લાહ તઆલા ફક્ત તે જ બંદગીઓને કબૂલ કરે છે, જેણે પોતે કરવાનો આદેશ આપ્યો હોય, આ કઈ રીતે હોઈ શકે છે કે માનવી અલ્લાહ સાથે શિર્ક પણ કરે અને અલ્લાહ તેને સવાબ તેમજ બદલો પણ આપે? અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિના ઈમાનને ત્યારે જ કબૂલ કરશે, જ્યારે તે દરેક પયગંબરો અને નબીઓ અને મુહમ્મદની પયગંબરી પર ઈમાન ધરાવે. ..................................................................116

૪૧- દરેક અલ્લાહ તરફથી મળેલ આદેશોનો હેતુ એ છે કે સાચો દીન માનવીની રગ રગમાં સમાઈ જાય, અને તે સમગ્ર સૃષ્ટિના પાલનહાર અલ્લાહનો સાચો અને પાકો બંદો બની જાય, ઇસ્લામ ખરેખર માનવીની માનવીથી તેમજ દુષ્ટ કામોની

ગુલામીથી આઝાદ કરવા માટે આવ્યો છે, એટલા માટે જ જેવું કે તમે જોઈ રહ્યા છો કે વ્યક્તિત્વ પરસ્તીને માનતો નથી, અને ન તો તેઓને તેમના કદથી વધારે માન આપે છે, અને ન તો તેઓને ઇલાહ અને  રબ બનવાની પરવાનગી આપે છે......119

૪૨- અલ્લાહ તઆલાએ ઇસ્લામમાં તૌબાનો આદેશ આપ્યો, તૌબા માનવીનું પોતાના પાલનહાર તરફ રજૂ થવા અને ગુનાહ છોડી દેવાને કહે છે, જેવી રીતે ઇસ્લામ લાવવાથી ઇસ્લામ પહેલાના દરેક ગુનાહ માફ થઈ જાય છે, એવી જ રીતે તૌબા પણ પહેલાના દરેક ગુનાહને ધોઈ નાખે છે, એટલા માટે માનવીએ કોઈ વ્યક્તિની સમક્ષ પોતાના ગુનાહોની રજુઆત કરવાની જરૂર નથી. ........................................122

૪૩- ઇસ્લામમાં અલ્લાહ અને ઇન્સાન બન્નેની વચ્ચે સીધો સબંધ જોડાય છે, એટલા માટે તમને એવા કોઈ વ્યક્તિની સહેજ પણ જરૂર નથી, જે તમારી અને અલ્લાહની વચ્ચે સંબંધ જોડવાનો પ્રયત્ન કરે, ઇસ્લામ અમને એ વાતથી સખતી સાથે રોકે છે કે અમે અમારી જેમ જ માનવીઓને મઅબૂદ (પૂજ્ય) બનાવી લઈએ, અથવા અલ્લાહની રુબુબિયત અને ઉલુહિયતમાં તેમને શરીક અથવા ભાગીદાર બનાવી લે. .........................................................................................................125

૪૪- આ કિતાબચના અંતમાં અમે એ વાતનો ઉલ્લેખ કરવા માંગીએ છીએ કે લોકો ઝમાના, કોમ, અને શહેરો પ્રમાણે વિભાજીત છે, જો કે સંપૂર્ણ માનવ સમાજ વિવિધ પ્રકારના વિચારો અને માન્યતાઓ, હેતુઓ અને સ્થિતિઓ તેમજ કામ કરવા પ્રમાણે અલગ અલગ જૂથોમાં વિભાજીત છે, આવામાં તેમને જરૂરત છે એક એવા માર્ગદર્શકની જે તેમને યોગ્ય માર્ગદર્શન  આપી શકે, એવા બંધારણની જે તેમને એક કરી શકે, અને એક એવા નિર્ણાયકની જે તેમની હિફાજત કરી શકે, પયગંબરો આ પવિત્ર હેતુઓને અલ્લાહની વહી દ્વારા ખૂબ જ સારી રીતે સમજાવતા હતા, તેઓ લોકોને સાચા માર્ગ અને હિદાયત તરફ માર્ગદર્શન આપતા હતા, તેઓને અલ્લાહની શરીઅત પર ભેગા કરતા હતા, અને તેમની વચ્ચે સત્ય અને અસત્ય વચ્ચે નિર્ણય કરતા હતા, અને એવી રીતે જે લોકો તે પયગંબરોની વાત માનતા હતા તે પ્રમાણે જ

તેમના સમસ્યાઓનો સ્પષ્ટ હલ નીકળતો હતો, ફરી અલ્લાહના આદેશો ઉતારવાનો સમય જેનાથી જેટલો નજીક હોતો તેઓ પણ તે જ સચોટ માર્ગદર્શન પર હોતા, પરંતુ હવે તો અલ્લાહ તઆલાએ પયગંબરોને મોકલવાની શ્રુંખલાનો અંત મુહમ્મદ પયગંબર દ્વારા પૂર્ણ કરી દીધો, હવે તેમના માટે જ હંમેશા રહેવાનો નિર્ણય કરી દીધો, તેમને જ લોકોની હિદાયત માટે રહમત અને નૂર અને અલ્લાહ સુધી પહોંચવા માટેનો માર્ગને ફક્ત એક જ માર્ગદર્શક બનાવી દીધા....................................127

૪૫- એટલા માટે હે માનવી ! હું તમને તકલીદ તેમજ દુષ્ટ કાર્યો છોડી દેવા અને અલ્લાહ તઆલા માટે સાચા દિલ અને સાચા મનથી ઉભા થવાની નિખાલસતા સાથે દાવત આપી રહ્યો છું, યાદ રાખજો ! તમે વફાત પામ્યા પછી પોતાના પાલનહાર પાસે જ પાછા ફરવાના છો, હું તમને એ વાત તરફ પણ બોલાવી રહ્યો છું કે તમે પોતાના દિલ અને મનમાં જોવું પડશે, અને પોતાની આજુબાજુ સૃષ્ટિ અને લોકોમાં ચિંતન કરી ઇસ્લામનો સ્વીકાર કરી લો, દુનિયા અને આખિરત બન્નેમાં ખુશી અને નેઅમતો તમારી રાહ જોઈ રહી છે, જો તમે ઇસ્લામમાં પ્રવેશ કરવાની ઈચ્છા ધરાવતા હોવ, તો તમારે બસ એટલું જ કરવું પડશે કે તમે એ વાતની ગવાહી આપો કર અલ્લાહ સિવાય કોઈ સાચો ઇલાહ નથી, અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ અને બંદા છે, પછી તમારે તે દરેક વસ્તુને છોડવી જ પડશે જેને તમે અલ્લાહ સિવાય પુજો છો, તમારે એ વાત પર ઈમાન લાવવું પડશે કે અલ્લાહ તઆલા દરેક લોકોને કબરો માંથી જીવિત કરી ઉભા કરશે, અને એ વાતનો એકરાર કરવો પડશે કે હિસાબ અને બદલો જરૂરથી આપવામાં આવશે, આટલું કરી લેવાથી તમે મુસલમાન બની જશો, અને પછી તમારે અલ્લાહએ નક્કી કરેલ ઇબાદતો કરવી પડશે, જેવી કે નમાઝ, ઝકાત, રોઝા અને જો સફર માટે ખર્ચ હોય તો હજ..............................129

islamhouse.com